પ્રકરણ-૪

ભાવનગર જિલ્લાની પાળિયા સંસ્કૃતિ

પ્રકરણ-૪
ભાવનગર જિલ્લાની પાળિયા સંસ્કૃતિ

સૌરાષ્ટ્રનો જૂનામાં જૂનો પ્રદેશીઓએ ઉલ્લેખ કર્યો હોય તો તે સ્ટ્રેબો છે. તેમણે પ્રદેશને સરાસ્ટસ (Saraostus) કહ્યો છે.[૧] આ પરથી સમજી શકાય કે આ પહેલા અને પછી આ વિસ્તારમાં અન્ય પ્રજાઓ આવતી રહી છે. તેમાં વિદેશી અને દેશી બંનેનો સમાવેશ થાય છે. આપણા પ્રાચીન સાહિત્યમાં આના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આ પ્રદેશમાં અન્ય પ્રજા આવતા સત્તાપ્રાપ્તિ માટે અથડામણો શરૂ થઈ. આ લડાઈઓમાં અનેક લોકો મોતને ભેટતા. આવી રીતે મૃત્યુ પામનારના પાળિયાઓ આ વિસ્તારમાં મંડાવા લાગ્યા. આ પ્રથા સાથે સાંસ્કૃતિક ઇતિહાસ સંકળાયેલ છે. આ પ્રદેશમાં પછીના સમયમાં કાઠી તરીકે ઓળખાતા લોકોએ અહીં વસવાટ કર્યો. આ લોકો લૂંટફાટમાં મશહુર હતા.[૨] અનેક ગામો પર તેના આક્રમણો થતા. આવી પાળમાં અનેક લોકો મૃત્યુને ભેટતા. આ બધાના પાળિયાઓ મુકાવા લાગ્યા. આ અને બીજા અન્ય કારણોથી આ પ્રદેશમાં પાળિયાની સંખ્યામાં વધારો થતો રહ્યો. સમય જતા આ પાળિયાપ્રથા કાઠીમાં અને બીજી જાતિઓમાં પારંપરિક રીતે ઉતરી આવી. આ બધા ધર્મયુદ્ધો કે ધીંગાણામાં મરાતા શૂરવીરોના પાળિયા મૂકવામાં આવતા. આ સિવાય પણ આ પ્રથા પાછળ અનેક ભાવનાઓ જવાબદાર છે. આ પાળિયાની રચના વિશ્વવ્યાપી છે. જાપાન, અલાસ્કા વગેરે દેશોમાં આ પ્રથા છે. ભારતમાં સર્વત્રથી પાળિયા મળે છે. કર્ણાટક, રાજસ્થાન અને ગુજરાતમાં એ વિશેષ પ્રમાણમાં ઉપલબ્ધ છે. ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં એની ઉપલબ્ધિ ઘણી વધારે છે.

કાઠિયાવાડ, સૌરાષ્ટ્રની ભૂમિને પાળિયા વિના કલ્પવી શક્ય નથી. પાળિયા એ સૌરાષ્ટ્રની સંસ્કૃતિનું પ્રતીક છે. શૂરવીરોની વીરગતિથી માંડી અવગતિયોના મોત સુધીનો વિશિષ્ટ ઇતિહાસ પાળિયામાં રહેલો છે. સદીઓથી સૌરાષ્ટ્રમાં પાળિયાપ્રથા પ્રચલિત હોવાનું માનવામાં આવે છે. સૌરાષ્ટ્રમાંથી નવમી સદીના આધારભૂત પાળિયાઓ મળી આવ્યા છે. જે આ પ્રથા કેટલી પુરાણી હશે તેનો ખ્યાલ આપે છે. એક માન્યતા મુજબ સૌરાષ્ટ્રમાં પાળિયાની પ્રથા પ્રતિહારો અને ગુર્જરોના અનુકરણે શરૂ થઈ હશે.[૩] એમ માનવામાં આવે છે કે ભૂતકાળમાં પાળિયાના આવા સ્મારકો મુશ્કેલીઓ સામે ધર્મને સાચવવા શૌર્ય દાખવી વીરતાપૂર્વક ખપી જતા નર-નારી માટે જ રચવામાં આવતા. સમય જતા ગમે તે કારણે માનવી મૃત્યુ પામે તો પણ તેનો પાળિયો ઊભો કરવામાં આવતો હતો. દરેક શુભ પ્રવૃત્તિ પાછળ લોકો જેમ આંધળી દોટ મૂકતા હોય છે, એવું જ પાળિયાની બાબતમાં થયું હોવાનું માનવામાં આવે છે. આથી સાચા પાળિયા શોધવા ઘણા મુશ્કેલ બન્યા છે. આજના પાળિયા મોટાભાગે સૂરધન અને શિકોતરના જ જણાય છે. આ સૂરધન અને સતીઓને પ્રસન્ન રાખવા માટે તેમની પૂજા કરવામાં આવે છે. સૌરાષ્ટ્રના ગામેગામ જોવા મળતા આવા પાળિયાઓમાં લોકકથાનો અઢળક ભંડાર ભરેલો છે.

પ્રદેશ પ્રાંત અને એનાય પેટા વિભાગોમાં રીત-રિવાજ અને ત્યાં ઉપલબ્ધ કુદરતી સાધનો પર આ પ્રથાનું વત્તું ઓછું પ્રચલન અને એમાંયે વિવિધતા દેખાય આવે છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત, અમુક દરિયાકિનારાના પ્રદેશો જ્યાં કુદરતી પથ્થરની શિલાઓ મળતી નથી ત્યાં આવી શિલાઓ લાવીને કે નાના પથ્થરોથી બાંધીને આવા સ્મારકો બનાવવા મુશ્કેલ હોય છે. તેથી આવા પ્રદેશમાં આવા સ્મારક કે પાળિયા ઓછા જોવા મળે છે. આથી ઉલટું કચ્છ અને સૌરાષ્ટ્રમાં જ્યાં શિલાઓ ઉપલબ્ધ હોય છે ત્યાં પાળિયા બહુ જોવામાં આવે છે. આમાં પણ આ પ્રથા વેપારી કે વણિક વર્ગમાં એટલી જોવા નથી મળતી જેટલી લડાયક કોમો કાઠી, કોળીમાં પ્રચલિત છે.[૪] આથી જ આ જાતિના નિવાસ એવા કચ્છ, સૌરાષ્ટ્રમાં આવા પાળિયાઓ મોટા પ્રમાણમાં મળી આવે છે. આમ, સૌરાષ્ટ્રમાં આ પાળિયાનો ઉદ્દભવ ઘણો પ્રાચીન છે. મધ્યયુગમાં તેના પ્રમાણમાં ખૂબ વધારો નોંધાયો અને પછીથી પારંપરિક રીતે આ પ્રથા ચાલતી આવી છે. સૌરાષ્ટ્રની કાઠી, રબારી, રાજપૂત, કોળી, દેવીપૂજક અને અન્ય જાતિઓમાં કોઈને કોઈ સ્વરૂપે આ પાળિયાની પ્રથા જોવા મળે છે. આ સૌરાષ્ટ્ર પ્રદેશમાં ભાવનગર જિલ્લાનો સમાવેશ થાય છે. અહીં ભાવનગર જિલ્લાને કેન્દ્રમાં રાખીને જ પાળિયા સંસ્કૃતિનો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે.

૪.૧ જિલ્લામાં પાળિયાનો ઉદ્દભવ અને વિકાસ :

સૌરાષ્ટ્રની પાળિયાપ્રથાની પ્રાચીનતામાં આ પ્રદેશની પ્રાચીનતા પણ આવી જાય છે. જેના વિશે આગળના પ્રકરણમાં માહિતી અપાય છે. આમ છતાં ભાવનગર જિલ્લાના વિસ્તારને જ ધ્યાનમાં રાખવામાં આવે તો પણ આ જિલ્લાની પાળિયાપ્રથા પ્રાચીન સમય સુધી જાય છે. જિલ્લામાં ગામેગામ પુષ્કળ પાળિયાઓ આવેલા છે. શ્રાવણી અમાસે કે નવા વર્ષે તેના ઉપર ઘીમાં કાલવેલો સિંદૂર ચોપડવામાં આવે છે. દૂધ ચોખાના નૈવેદ્ય ધરવામાં આવે છે. ભાવનગરના કતપર, ઘોઘા, આખલોળ, કોળિયાક, શિહોર, પીથલપર વગેરે ગામોમાં પાળિયાઓ જોવા મળે છે.[૫] આ પાળિયાપ્રથાના પગરવ નવમી સદી સુધી જાય છે. દસમી સદીની નોંધ આપતા પાળિયા જિલ્લામાંથી પ્રાપ્ત થયા છે. આમાંના ઘણા પાળિયાઓમાં સંવત વગેરેનો ઉલ્લેખ ન હોવાથી તેની પ્રાચીનતા આંકવી મુશ્કેલ છે.

સંવતનો ઉલ્લેખ થયેલો છે તેવા પાળિયાની બાબતમાં સૌરાષ્ટ્રમાં સતીના પાળિયામાં સૌથી પ્રાચીન અને ભાવનગર જિલ્લાના સૌથી પ્રાચીન ઉલ્લેખ ધરાવતા પાળિયા તરીકે મહુવાના અમૃતવેલ પાસે આવેલા સતીના પાળિયાનો સમાવેશ થાય છે. આ પાળિયા પર ઈ.સ. ૯૮૬ના વર્ષની નોંધ પ્રાપ્ત થાય છે.[૬] આથી લેખયુક્ત પાળિયાની રીતે આ પાળિયાને જિલ્લાનો સૌથી પ્રાચીન પાળિયો ગણાવી શકાય છે. જોકે નવમી સદી પહેલાના પાળિયાઓ પણ સૌરાષ્ટ્રમાં નોંધાયા છે. આથી જિલ્લામાં પણ તે કાળના પાળિયા હોવા સ્વાભાવિક છે. કેમ કે લેખયુક્ત પાળિયા પહેલા પણ રણચગા, યષ્ટિઓ, લાઠ વગેરે માંડવામાં આવતા હતા. આ

પછીના ભાવનગરમાં વાવૃલ વાહરિના પાળિયાની નોંધ મળે છે. જે ઈ.સ. ૧૦૪૦ના વર્ષનો દર્શાવવામાં આવ્યો છે.[૭] ઈ.સ. ૧૧૪૯ આસપાસના એભલ ત્રીજાના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે.[૮] તેના સમય અંગે થોડા મતભેદો રહેલા છે. છતાં એનો પાળિયો અને દેરી દર્શાવવામાં આવે છે. ભૂતકાળમાં ઘોઘા એક નગર હતું. આ ઘોઘામાંથી એક લેખ મળે છે, જે હિજરી સન ૫૯૧નો છે. આ લેખમાં બાબા તાજદીન શહીદ થયાની માહિતી છે.[૯] આ કબર પરનો લેખ છે તેમાં શહીદીની નોંધ કરવામાં આવી છે. જેના પરથી કોઈ યુદ્ધમાં મરાયો હોય તેમ જણાય છે. આ પછીના એકાદ સદીના ગાળાનો કોઈ પાળિયાલેખ નોંધાયો નથી.

ઈ.સ. ૧૩૪૭ના વર્ષમાં ઘોઘામાં મોખડાજી મરાયાની નોંધ પ્રાપ્ત થાય છે.[૧૦] આ મોખડાજી મહમદ તઘલકની ફોજ સામે લડતા મરાયા હતા. તેમના વિશેની દંતકથાઓ પ્રચલિત છે. આ લડાઈમાં જ અથવા આ ગાળાની લડાઈમાં માથાવાડામાં સૂરાવાળા મરાયા તેવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તેમનો પાળિયો ઈ.સ. ૧૩૪૭ના વર્ષનો માનવામાં આવે છે.[૧૧] ભાવનગરમાં ૧૫મી સદી આસપાસના પાળિયાની નોંધ મળે છે, જેમાં ઈ.સ. ૧૪૧૦માં પીથલપરમાં કોઈ કશિયાજી મરાયાની માહિતી મળે છે. ઈ.સ. ૧૪૧૪માં કરજાળામાં મેરજી મરાયો અને તેની પાછળ તેની પત્ની સતી થયાનું જાણવા મળે છે.[૧૨] તળાજામાં ઈ.સ. ૧૪૬૫ આસપાસની કોઈ લડાઈના પાળિયા દર્શાવવામાં આવે છે. ઝાંઝમેર પ્રાચીન સમયમાં રાજકીય મહત્ત્વ ધરાવતું કેન્દ્ર હતું. આ ઝાંઝમેરના રાજા બાપજીના ઈ.સ. ૧૪૫૪ના ગાળાના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે.[૧૩] ઈ.સ. ૧૪૫૫ના વર્ષમાં કોટડામાં લખધીરસિંહ કામ આવ્યા તેવી નોંધ ધરાવતા પાળિયાની માહિતી મળે છે.[૧૪] ત્યાર પછીના સમયમાં ઝાંઝમેર નજીક ઈ.સ. ૧૪૫૭માં વેલા નામે કોઈ કામ આવ્યાની પાળિયા નોંધ પ્રાપ્ત થાય છે.[૧૫] આ ઝાંઝમેરથી ઘણા પ્રાચીન પાળિયાઓ પ્રાપ્ત થયા છે. ઉમરાળાના પીપરાળીમાં ઈ.સ. ૧૪૯૦નો પાળિયો નોંધાયો છે. હેમાના સ્મરણાર્થે પાળિયો મંડાયો તેવું જાણવા મળે છે.[૧૬] આ જ વર્ષના અન્ય પાળિઆઓપણ અહીં નોંધાયા છે.

ઈ.સ. ૧૪૯૬ના વર્ષનો પાળિયો ભાવનગરના રૂવાપરીમાં નોંધાયો છે.[૧૭] મોરચંદમાં ઈ.સ. ૧૫૧૭ના ગાળામાં થયેલ સંગ્રામની માહિતી આપતા પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. સુલતાનપુર હાલના સરતાનપરમાં ઈ.સ. ૧૫૫૫ના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે.[૧૮] ઈ.સ. ૧૫૭૬ના વર્ષના પાળિયાની નોંધ ઝાંઝમેર પાસેથી મળે છે. ઈ.સ. ૧૫૮૫માં કોઈ સ્ત્રી સતી થયાની માહિતી આપતો પાળિયો નોંધાયો છે.[૧૯] જેનો પતિ મરાતા તે સતી થયેલ તેવી માહિતી પ્રાપ્ત થાય છે. ઈ.સ. ૧૬૧૯ના વર્ષના ધૂનાજીના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે.[૨૦] રતનજીનો પાળિયો ઈ.સ. ૧૬૨૦ની સાલનો નોંધવામાં આવ્યો છે. આ રતનજી વિશે કોઈ માહિતી પ્રાપ્ત નથી. ભાવનગર નજીકના કોળિયાકમાં અનેક પાળિયાઓ આવેલા છે. અહીં ઈ.સ. ૧૬૫૯ના

વર્ષનો પાળિયો જોવા મળે છે. ઈ.સ. ૧૬૬૨માં વાળુકડમાં સતી થયાની નોંધ મળે છે. અહીંના સતી મંદિરમાં સતીના પાળિયા પર આ વર્ષની નોંધ પ્રાપ્ત થાય છે. ઈ.સ. ૧૬૯૨માં બાડી પડવામાં વાઘેલાનો ભાણેજ લડતા મરાયો એવી નોંધવાળા પાળિયાની માહિતી પ્રાપ્ત થાય છે.[૨૧] ગુંદીમાં ઈ.સ. ૧૬૯૯ના વર્ષના પાળિયામાં ગામમાં લૂંટારાઓ સાથે લડતા મૃત્યુ થયાની માહિતી પ્રાપ્ત થાય છે.[૨૨] તેના પાળિયાલેખમાં આ બાબત નોંધવામાં આવી છે. આમ, ૧૭મી સદીના ઘણા પાળિયાઓ જિલ્લામાંથી પ્રાપ્ત થયા છે.

ભાવનગરના કળસારમાં ઈ.સ. ૧૭૩૩ના વર્ષના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. તેની પહેલાના સમયનો ઈ.સ. ૧૭૧૪ના વર્ષનો પાળિયો વાળુકડમાં પ્રાપ્ત થયો છે. આ પાળિયો સતીની માહિતી આપે છે. ઈ.સ. ૧૭૩૨માં ગઢડામાં જીવા ખાચરના મૃત્યુની માહિતી આપતા પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે.[૨૩] લાખણકાના પાદરે તેની ખાંભી દર્શાવવામાં આવે છે. કોળિયાકમાં ઈ.સ. ૧૭૪૪ના વર્ષના પાળિયાઓ જોવા મળે છે. તળાજા પાસેના અલંગમાં ઈ.સ. ૧૭૬૧ના પાળિયાઓ આવેલા છે. ઝાંઝમેરમાં ઈ.સ. ૧૭૬૪ના વર્ષનો પાળિયો આવેલો છે. આ વર્ષના અન્ય પાળિયાઓ પણ અહીં નોંધાયા છે. ઝીંઝાવદરમાં ઈ.સ. ૧૭૬૨માં થયેલ કોઈ સંગ્રામની માહિતી ત્યાંના પાળિયાઓ આપે છે. આ સિવાયના પાળિયાઓ પણ અહીં નોંધાયા છે. ઈ.સ. ૧૭૮૬ની સાલ દર્શાવતો પાળિયો ગારિયાધારમાં આવેલો છે. ઘોઘામાં ઈ.સ. ૧૭૯૪ના વર્ષનો પાળિયો આવેલો છે. કળસારમાં ઈ.સ. ૧૭૪૧ના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે.[૨૪]

બોટાદના તુરખામાં ઈ.સ. ૧૮૪૧ના ગાળાના પાળિયાઓ આવેલા છે. પાલિતાણામાં ઈ.સ. ૧૮૬૧ના વર્ષનો ખોડાજીનો પાળિયો આવેલો છે. આ ખોડાજી વિશે દંતકથા પણ પ્રચલિત છે.[૨૫] ભાવનગર નજીકના કોળિયાકમાં ઈ.સ. ૧૮૬૪ના વર્ષનો પાળિયો આવેલો છે. બોટાદના નાગલપરમાં ઈ.સ. ૧૮૬૩ના ગાળાના અને તેની આસપાસના વર્ષોના પાળિયાઓની નોંધ પ્રાપ્ત થાય છે. મહુવાના ડુંડાસમાં ઈ.સ. ૧૮૫૬ના વર્ષનો પાળિયો જોવા મળે છે. આ પાળિયો વાછરાવીરના પાળિયા નજીક જ આવેલો છે. તેની સાથે કથા સંકળાયેલ છે. સરવઈમાં ઈ.સ. ૧૮૫૯ની સાલ દર્શાવતા પાળિયાઓ જોવા મળે છે. પાળિયાદમાં મોટા પ્રમાણમાં પાળિયાઓ આવેલા છે. ઈ.સ. ૧૮૬૬ની નોંધ દર્શાવતો પાળિયો અહીં આવેલો છે. અન્ય વર્ષ અને લેખ ધરાવતા પાળિયાઓ અહીં આવેલા છે. પાણિયાળીમાં ઈ.સ. ૧૮૭૧ના વર્ષનો અને ઈ.સ. ૧૮૭૮ના વર્ષના પાળિયાઓ આવેલા છે. તળાજા નજીકના પીથલપરમાં ઈ.સ. ૧૮૮૭ના વર્ષનો પાળિયો આવેલો છે. ગામના પાદરમાં અન્ય પાળિયાઓ પણ આવેલા છે.

બોટાદ નજીકના જોટીંગડામાં ઈ.સ. ૧૯૦૦ના વર્ષનો પાળિયો આવેલો છે. ૧૯૧૨ના વર્ષનો પાળિયો પાળિયાદમાં નોંધાયો છે. જૂનાપાદરમાં ૧૯૨૨ના ગાળાના ઘણા બધા પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયા કોઈ ધીંગાણામાં કામ આવ્યા તેમના છે તેવું જાણવા મળે છે.

ગુંદાળામાં ગામના પાદરે ઈ.સ. ૧૯૩૪ની સાલ દર્શાવતો પાળિયો છે. અહીં અન્ય પાળિયાઓ પણ જોવા મળે છે. કુંડવીમાં ઈ.સ. ૧૯૭૦ના વર્ષના પાળિયાઓ નોંધાયા છે. તળાજામાં પોલીસ સાથેની કોઈ અથડામણમાં ગોળીથી મરાયેલ ઈ.સ. ૧૯૭૮ના વર્ષનો પાળિયો આવેલો છે.[૨૬] આ બધા પાળિયાઓમાંના મોટા ભાગના પારંપરિક રીતે સૂરધન તરીકે માંડવામાં આવેલા છે.

ભાવનગરના સરદારબાગમાં પાળિયાઓ આવેલા છે. ૨૦૦૭ના વર્ષનો પાળિયો પણ અહીં આવેલો છે. આમ, જિલ્લામાં નવમી સદીથી લઈને ૨૦૧૫ સુધીની ખાંભીઓ પણ જોવા મળે છે. જિલ્લાના મોટાભાગના ગામોમાં પાળિયા કે ખાંભીઓ જોવા મળે છે. આ પાળિયાઓ લોકસંસ્કૃતિ સાથે વણાય ગયા છે. જિલ્લાના કળસાર, સરતાનપર, કોળિયાક, પાળિયાદ, વાળુકડ, મોરચંદ, પસવી, ભાવનગર, બાડી, પડવા જેવા ગામોમાં પુષ્કળ પ્રમાણમાં પાળિયાઓ આવેલા છે. તેમાંથી મોટાભાગના જીર્ણ સ્થિતિમાં છે. જિલ્લાના ગામોના પાળિયાઓ સાથે કોઈને કોઈ કથા, દંતકથા સંકળાયેલી જણાય છે. આમાં મોટાભાગની કથાઓ ધીંગાણાને લગતી છે. આ બધા પાળિયાઓ તેનું મૂળ સ્વરૂપ ગુમાવી રહ્યા છે. તેના પર સમય અને અન્ય ઘસારાની અસર જોવા મળે છે. કેટલાયે ગામોમાં આ પાળિયાઓને પાણીમાં પધરાવી દેવામાં આવ્યા છે, તો ગઢડા, કોળિયાક, તળાજા, ભાવનગર, પાળિયાદ જેવા ગામોમાં આ પાળિયાઓને એક ઊંચા ઓટલા પર ગોઠવીને તેને જાળવવાના પ્રયત્નો થયા છે. આ પાળિયાઓમાં મોતે, કમોતે મરેલાઓના પાળિયા મોટી સંખ્યામાં જોઈ શકાય છે. આમ, સામાન્યપણે તે સૂરધનની ખાંભીઓ જ છે.

પાળિયાઓ ગામના પાદરે, તળાવને કાંઠે, પાણીના કૂવે, નદી કિનારે, મંદિરના પટાંગણમાં, ગામના ગૌચરે કે સીમાડે જોવા મળે છે. કેટલીક જગ્યાએ પાળિયાઓ અવાવરુ જગ્યાએ પડ્યા છે. તેના પર ઝાડી ઝાંખરા ઊગી નીકળ્યા છે. તે મુશ્કેલીથી જોઈ શકાય છે. અથવા તો સ્થાનિક સિવાય કોઈને ખ્યાલ આવી ન શકે કે અહીં પાળિયા હશે. વસ્તી અને ગામનો વ્યાપ વધતા આ પાળિયાઓ ખસેડી લેવામાં આવ્યા છે, કે જમીનમાં દાટી દેવામાં આવ્યા છે, દરિયા કે નદીમાં પધરાવી દેવામાં આવ્યા છે. આમ છતાં પણ સારી સ્થિતિમાં પાળિયાઓ મળી આવે છે. કોઈ ગામના પાદરે તો સો-બસ્સોની સંખ્યામાં પાળિયાઓ જોવા મળે છે. આમ, જિલ્લામાં પ્રાચીનથી લઈ આધુનિક સમય સુધીની ખાંભીઓ જોવા મળે છે.

૪.૨ પાળિયાની સાલવારી :

ભાવનગર જિલ્લામાં આવેલા પાળિયાઓમાંના કેટલાંક પાળિયાઓમાં વર્ષનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. અમુક પાળિયા પર લેખ પ્રાપ્ત થતા નથી પણ તે પાળિયો કોનો છે ? ક્યારે મરાયા ? કે સતી થયા ? તેને લગતી નોંધો પ્રાપ્ત થાય છે. તેના પરથી જે તે પાળિયો ક્યારે મંડાયો હશે તે નક્કી થાય છે. પાળિયા પર લેખ કોતરાયેલ હોય અને તેમાં વર્ષનો ઉલ્લેખ હોય

તો પાળિયાનો સમય નક્કી કરવા અંગે મતભેદો રહેતા નથી. ઘણા પાળિયાઓ પ્રાપ્ત નથી પણ જે તે સમયે તેની નોંધ થયેલ તે સાહિત્ય મળી આવેલ છે. તેના ઉપરથી આ પાળિયાઓ અને તેની સાથેની ઘટનાની માહિતી પ્રાપ્ત થાય છે.

લોકો આ પાળિયાને ઘટના કે દંતકથા સાથે સાંકળીને તેના વિશે માહિતી આપે છે. આ કથા સત્ય ઘટના સાથે સંકળાયેલ હોય અથવા તેનાથી તદ્દન વિપરીત હોય એમ પણ જણાય છે. તેના અંગેના કોઈ આધારો પ્રાપ્ત ન હોય ત્યાં દંતકથાના આધારે જ માહિતી મેળવવા પ્રયત્ન કરવો પડે છે. પાળિયા પર કોતરાયેલ લેખ તેના અંગેની વિશ્વસનીય માહિતી પૂરી પાડે છે. ભાવનગરના બાડી, પડવા, ત્રાપજ, ઘોઘા, સરવઈ, ઝીંઝાવદર, તુરખા, ગાધેસર, મથાવાડા, પીથલપર, નાગલપર, ગઢાળી, વાળુકડ, જૂનાપાદર, કરજાળા, ડુંડાસ, વીરપુર, તરસરા, પચ્છેગામ જેવા ગામોમાં લોકોક્તિ પ્રમાણે પાળ સામે કે ધાડપાડુ સામે લડીને વીરગતિ પામેલા વીરોના પાળિયાઓ જોવા મળે છે. ગઢડા, પાળિયાદ, લાખાપાદર, લાઠીદડ, ઉમરાળા, ગારિયાધાર, માથાવાડા, તળાજા, ઘોઘા, ચિત્રાવાવ વગેરેમાં પણ પાળ કે યુદ્ધમાં મરેલાના પાળિયાઓ જોવા મળે છે. જોકે આ પાળિયાના આધાર પુરાવાઓ પ્રમાણમાં ઓછા પ્રાપ્ત થાય છે. આ બધામાં પારંપારિક રીતે અને ભયથી મંડાયેલા સૂરધનોની ખાંભીઓ પણ જોવા મળે છે. વાળુકડ, અમૃતવેલ, ગઢડા, કતપર, કોળિયાક, ગઢાળી, ઝાંઝમેર, ઢીકવાળી, પરવડી, પીથલપર વગેરેમાં સતીના પાળિયાઓ આવેલા છે. ગઢડા, ઢીકવાળી વગેરેમાં સતીની વેલ્યુના પાળિયાઓ પણ જોવા મળે છે.

વાળુકડમાં સતી મંદિર આવેલ છે. ડુંડાસમાં કમળપૂજાનો પાળિયો આવેલો છે. બીલડીમાં કમળપૂજાનો પાળિયો નોંધાયો છે. પરવડીમાં લોકહિત માટે સતી થયેલ સ્ત્રીઓના પાળિયા નોંધાયા છે. તળાજાના સાંખડાસરમાં કૂતરાની ખાંભી આવેલ છે. વળાવડમાં ગાયની ખાંભી આવેલી છે. ઘણાબધા ગામોમાં સૂરધનની ખાંભીઓ જોવા મળે છે. ગઢડામાં અમુલા માતાનો ચગો આવેલો છે. ખદડપર, મહુવા, માથાવાડા વગેરેમાં ધડના પાળિયા આવેલા છે. ઘોઘામાં શહીદની કબર આવેલી છે. આમ, સમગ્ર જિલ્લામાં અનેક પ્રકારના પાળિયાઓ આવેલા છે. આ પાળિયાઓ સાથે ઘણીવાર કથાના રૂપમાં ઇતિહાસ સંકળાયેલો જોવા મળે છે. આ પાળિયાઓની નોંધો પ્રાપ્ત થાય છે તેમાં જે તે સ્થળે હાલ તે પાળિયાઓ કે ખાંભીઓ પ્રાપ્ત નથી. આમ છતાં તેની નોંધ અને તેના વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. અમુક પાળિયા અને તેના પરના લેખો હાલ પણ જોવા મળે છે. આ પાળિયાઓની માહિતી આ પ્રમાણે છે.

૪.૨.૧ અમૃતવેલનો સતીનો પાળિયો :

અમૃતવેલના સતીના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. હાલ પણ આ પાળિયો અહીં આવેલો છે, પણ તે તેની ઓળખ ગુમાવી બેઠો છે. આ અમૃતવેલ મહુવા તાલુકામાં આવેલ છે.

તે મહુવાથી દસ-બાર કિ.મી.ના અંતરે છે. આ ગામમાં બિલેશ્વર મહાદેવના મંદિરની બાજુમાં એક નાની દેરીમાં સતીનો પાળિયો આવેલો છે. પાળિયાની હાલની સ્થિતિ તેની મૂળ સ્થિતિ નથી એવું સ્પષ્ટ જણાય આવે છે.

કુંડલાથી ઈશાન ખૂણા ઉપર આવેલ આ ગામ કોઈ બુખારી સૈયદ અનવર-ખાનની જાગીરનું ગામ હતું. આ અનવરખાનનો બલાલ નામનો એક સીદી નોકર હતો. આ નોકર કોઈ ખૂબસૂરત બ્રાહ્મણી નિશાણિયા કૂવા ઉપર પાણી કાઢતી હતી તેના ઉપર તે આશક્ત થયો અને તેણે આ બ્રાહ્મણ સ્ત્રીની લાજ લૂંટી. સ્ત્રીના પતિનો આ સીદી સાથે ઝઘડો થયો. આ ઝઘડામાં બ્રાહ્મણ સ્ત્રીનો પતિ મરણ પામ્યો. આથી તેની પાછળ આ બ્રાહ્મણી સતી થઈ. તેના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. તેના ઉપર ભાદરવા સુદ ૧૦ ને શનિવાર સંવત ૧૦૪૨ (ઈ.સ. ૯૮૬)ની મિતિ નોંધાયેલ છે.[૨૭] આમ, આ પાળિયા પાછળની આ ઘટનાની માહિતી પ્રાપ્ત થાય છે. આવા ઘોર નિર્દય કૃત્યનું વેર લેવાને જૂના સાવડના વાળાઓએ ગામ ઉપર રાત્રે છાપો મારી સીદી તથા સૈયદ બંનેને મારી નાખ્યા અને આ ગામને બાળી નાખ્યું. પછીથી ૧૫મા સૈકામાં ખુમાણ કાઠીઓએ એને ફરી વસાવીને તેનું નામ અમૃતવેલ રાખવામાં આવ્યું તેવી નોંધ પ્રાપ્ત થાય છે. અમૃતવેલના આ પાળિયાને સતીના પાળિયામાં સૌરાષ્ટ્રમાં સૌથી જૂના પાળિયા તરીકે ગણવામાં આવે છે.[૨૮] સંવતની દૃષ્ટિએ ભાવનગર જિલ્લાનો સૌથી પ્રાચીન પાળિયો આ સતીનો પાળિયો ગણી શકાય છે.

અમૃતવેલના સતીના આ પાળિયાનું માપ ૪૫ x ૭૫ સે.મી. છે. માપની દૃષ્ટિએ પાળિયાનો આકાર લંબચોરસ છે. ભૂખરા, રેતિયાળ પથ્થરનો આ પાળિયો જણાય છે. પાળિયા પર સિંદૂરના થર લાગી ગયેલ હોવાથી શિલ્પ સ્પષ્ટ જણાતું નથી. પથ્થર પણ જીર્ણ થયેલ જણાય છે. મુખ્ય શિલ્પમાં સતીના હાથનું પ્રતીક છે. આ મુખ્ય શિલ્પની બાજુમાં ત્રિશૂળ કોતરાયેલ જણાય છે. આ પાળિયાના ઉપરના ભાગે સૂર્ય ચંદ્રના પ્રતીકો છે. પાળિયા પરના લેખની નોંધ મળે છે. પણ અત્યારની સ્થિતિએ લેખવાળો ભાગ દેરીમાં ચણી લેવામાં આવ્યો છે. લોકોનું કહેવું છે કે નીચે લેખ હતો જે ચણતરમાં આવી ગયો છે. આથી તેના અંગેની નોંધ પર જ આધાર રાખવો પડે છે. આ પાળિયાની પૂજા વિધિ થાય છે. આ ગામમાં તેના વંશજો નથી પણ બીજા ગામેથી લોકો આવી નૈવેદ્ય વગેરે કરે છે. આમ તેને હાલ પણ પૂજવામાં આવે છે. અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

ગામના પાદરમાં આવેલ આ પાળિયા પરનો લેખ દેખાતો ન હોવાથી તેના અંગે કંઈ કહી શકાતું નથી. તેના વિશેની નોંધ પર જ આધાર રાખવો પડે છે. આમ છતાં આજે આ પાળિયો અમૃતવેલમાં છે અને લોકો પણ તેની સાથે આ ઘટના સંકળાયેલ હોવાનું જણાવે છે. નોંધનીય છે કે કબરો પણ આ ગામમાં આવેલી છે. આથી કોઈ કાળે અહીં સૈયદોની સત્તા હશે તેમ માની શકાય છે. (ફોટોગ્રાફ-૧)

ભાવનગરમાં ઈ.સ. ૧૦૪૦ના વાવૃલ વાહરિના પાળિયાની નોંધ મળે છે.[૨૯] આ પાળિયાની વિશિષ્ટતા એ છે કે તે કુટિલા લિપિનો છે. ભાવનગરના બાર્ટન મ્યુઝિયમમાં આ પાળિયો જળવાયાની નોંધ પ્રાપ્ત થાય છે. કોઈ વાહરિનો પુત્ર વાવૃલ સ્વર્ગે જવાથી આ લાઠ ઊભી કરવામાં આવી છે તેવી નોંધ તેના પર છે. તિથિ સંવત ૧૦૯૬ ને બૃહસ્પતિવાર માઘ સુદી ૬ તેના પર કોતરવામાં આવી છે. પાળિયાની અન્ય કોઈ માહિતી પ્રાપ્ત નથી.

૪.૨.૨ એભલ બીજાની પાળિયાનોંધ :

એભલ ૧ લાએ ઈ.સ. ૧૦૪૪ (સં. ૧૧૦૦)માં તળાજામાં ગાદી સ્થાપી જેના પાછળ અનુશ્રુતિ રહેલી છે. આ એભલ ૧ લા પછી ઈ.સ. ૧૦૬૬ (સં. ૧૧૨૨)માં સૂરોજી અને ઈ.સ. ૧૧૦૯ (સં. ૧૧૬૫)માં એનો પુત્ર એભલ ૨ જો સત્તા ઉપર આવે છે.[૩૦] આ એભલ બીજાનો પાળિયો દિહોરના ડુંગરની તળેટીમાં દર્શાવવામાં આવે છે. ઈ.સ. ૧૧૪૯માં દિહોર નજીક તે વીરગતિ પામ્યો[૩૧] તેવી નોંધ પ્રાપ્ત થાય છે.

વાળા વંશાવળીમાં ઉગાવાળા, શિલાદિત્ય, એભલ ૧લો, સુરાજી, ખેંગારજી, ઝાઝરશી બીજો પછી એભલ બીજો થયો તેમ જણાય છે.[૩૨] આ એભલ વાળા બીજા સાથે અનુશ્રુતિ સંકળાયેલ છે. તેણે બાંધ્યામેઘ છોડાવ્યાની અને સાઈનેસડીના ધણીનો કોઢ મટાડવા પોતાના પુત્રનું માથું વાઢવાની દંતકથા સંકળાયેલ છે. તળાજાના ઇતિહાસમાં એભલ બીજાને પ્રભાવશાળી માનવામાં આવે છે. તેના વિશે કાવ્યાત્મક લખાણો લખાયા છે. જોકે આ અનુશ્રુતિ પાછળ ઐતિહાસિક તથ્ય જણાતું નથી. આ એભલ વાળા બીજાના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. પણ હાલના સમયે આ પાળિયા વિશે સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થતી નથી.

૪.૨.૩ એભલ ત્રીજાનો પાળિયો :

એભલ બીજા પછી તેનો પુત્ર અણા વાળા ઈ.સ. ૧૧૪૯ (સં. ૧૨૦૫)માં ગાદી પર આવે છે. તેના પછી એભલ ૩ જો તળાજાની સત્તા પર આવે છે. જેનો સમય નિશ્ચિત થઈ શકતો નથી.[૩૩] રાણજી ગોહિલનું રાજ્ય રાણપુરમાં હતું. આ પરાક્રમી પુરુષે આજુબાજુના તાલુકદારોને દબાવી પોતાના રાજ્યનો વિસ્તાર વધાર્યો હતો. આ સમયે વળામાં એભલ ત્રીજો હતો. આ વળા રાણજી ગોહિલ જ્યારે યુવરાજ હશે ત્યારે ધંધુ મહેરની સેનાની મદદથી ઈ.સ. ૧૨૬૦માં વળા કબજે કર્યું તે પુરવાર થાય છે અને આ યુદ્ધમાં એભલ વાળા ૩ જા વળામાં વીરગતિ પામ્યા છે તેનો પાળિયો વલભીપુરમાં દર્શાવવામાં આવે છે.[૩૪] વલભીપુરમાં આ પાળિયા પર નાની દેરી બનાવવામાં આવેલી છે. તેના પર એભલ વાળા દાદા એવું લખેલું જણાય છે. આ એભલ વાળા ત્રીજાનો સમય નિશ્ચિત નથી. આ એભલ વાળા વિશે પણ અનુશ્રુતિ રહેલ છે. વલભીપુરમાં એભલ ૩ જો ગાદી પર હતો તે સમયે વલભીપુરમાં રાંકા વાંકા નામના બે કપોળ ભાઈઓનું ઘણું ચલણ હતું. તે ભાઈઓ પોતાના ગરીબ જ્ઞાતિ ભાઈઓની ઘણી કન્યાઓના લગ્ન પોતાના ખર્ચે

કરાવી આપતા હતા. એવા એક પ્રસંગે કપોળોના ગોર કંડોળિયા બ્રાહ્મણોએ દક્ષિણા બાબત તકરાર કરી. તેઓએ કન્યાના માંડવા પાસે જ વિરોધ આદર્યો. રાજા એભલે આ બ્રાહ્મણોને ઘણા સમજાવ્યા, પરંતુ દૂરાગ્રહી બ્રાહ્મણોએ રાજાની અવગણના કરી. આથી રાજા ક્રોધે ભરાયો અને એમ કહેવાય છે કે રાજાએ એક ગાંડા હાથીને બ્રાહ્મણો ઉપર છોડી મૂક્યો. પરિણામે ઘણા કંડોળિયા બ્રાહ્મણો અને તે સાથે કેટલાંક કપોળ વરવધુ પણ કચડાઈ ગયા. બચેલા કંડોળિયાઓ વલભીપુરથી નાસી ગયા. ત્યારથી કંડોળિયાઓ વલભીપુરનું પાણી પીતા નથી. બ્રાહ્મણોના ઘાત કરવાના ગુનામાં રાજા એભલ ઉપર રાણજી ગોહિલે આસપાસના તાલુકદારોની મદદ મેળવી ચડાઈ કરી અને પોતાના સસરા કોળી સરદાર ધનમેરની સહાયથી રાણજી ગોહિલે રાજા એભલને મારી વળા જીતી લીધું.[૩૫]

રાજા એભલના સમયમાં કાયસ્થો અને વાલમ બ્રાહ્મણો વચ્ચે પણ કન્યાઓના લગ્ન વખતે લેવાતા ભારે લાગા બાબતે તકરાર થઈ હતી એવી પણ એક અનુશ્રુતિ છે. કાયસ્થના ગોર વાલમ બ્રાહ્મણો દરેક કાયસ્થ કન્યા દીઠ એકસો રૂપિયા લગ્નના દાપાના લેતા અને તેથી ઘણી કાયસ્થ કન્યાઓનો કન્યાકાળ વહી જતો. કાયસ્થોએ રાજા એભલનું શરણ લીધું અને એભલે વાલમ બ્રાહ્મણોને પોતે લાગાની રકમ ચૂકવી આપશે એમ કહેવા છતાં વાલમ બ્રાહ્મણોએ પ્રથમ રકમ ચૂકવવા માંગણી કરી. આથી રાજા ક્રોધે ભરાયો અને કાયસ્થ કુટુંબોને લઈ તળાજા જઈ ત્યાં ઘણી કન્યાઓના કન્યાદાન દીધા. જે મંડપમાં આ કન્યાદાન દેવાયા તે એભલ મંડપ કહેવાયો. તળાજાના ડુંગરમાં આજે પણ એભલ મંડપ છે.[૩૬] જે મૂળે બૌદ્ધ ધર્મને લગતા ગુફા વિહારો છે. જેને આજે પણ એભલ મંડપ તરીકે જ ઓળખવામાં આવે છે.

ઇતિહાસમાં એક ચર્ચા જરૂરી છે કે એભલવાળા ત્રીજાને રાણજી ગોહિલે વળામાં હરાવ્યો અને એભલ વાળા ત્રીજો વીરગતિ પામ્યો તે વર્ષ કયું ? ઇતિહાસમાં તેમનું એક જગ્યાએ તે વર્ષ વિ.સં. ૧૨૩૦ એટલે કે ઈ.સ. ૧૧૭૪ નોંધાયું છે. વાળા વંશાવળીમાં તે વર્ષ વિ.સં. ૧૨૩૦ છે. અન્ય નોંધોમાં આ વર્ષ ઈ.સ. ૧૨૬૦ છે. આ વર્ષ જો ઈ.સ. ૧૧૭૪ એટલે કે વિ.સં. ૧૨૩૦નું હોય તો એભલજી ત્રીજાનો તળાજાનો રાજ્યઅમલનો કાળ ઘણો વહેલો શરૂ થાય જે શક્ય નથી. ઈ.સ. ૧૨૬૦નું વર્ષ કાઠિયાવાડ ગેઝેટિયરમાં તેમજ કાઠિયાવાડ સર્વસંગ્રહમાં કર્નલ જે. ડબલ્યુ. વોટ્સન પોલિટિકલ એજન્ટ સ્પષ્ટ રીતે તે વર્ષ ઈ.સ. ૧૨૬૦નું કહે છે. અહીં એક ગૂંચવણ એ ઊભી થાય છે કે સૌરાષ્ટ્રમાં ગોહિલના મુખ્ય પુરુષ સેજકજી ઈ.સ. ૧૨૫૦માં આવ્યા છે અને જૂનાગઢના રા'મહીપતદેવ (ઈ.સ. ૧૨૩૦ થી ૧૨૫૩) વાળાના સમયમાં જૂનાગઢ આવે છે અને રા'મેપાલના પુત્ર રા'ખેંગાર ૩ જા (ઈ.સ. ૧૨૫૩ થી ૧૨૬૦) વાળા સાથે પોતાની પુત્રી વાલમકુંવરબાને પરણાવે છે. આ સેજકજીના પુત્ર રાણજી છે અને સેજકજીએ ઈ.સ. ૧૨૫૩ થી ૧૨૯૦ સુધી રાજ્ય કર્યું છે અને રાણજીએ ૧૨૬૦માં એભલજીને યુદ્ધમાં માર્યો ત્યાર પછીથી વળા ઉપર ગોહિલોનો

અધિકાર થયો અને તે બાદ સોલંકીઓ આવ્યા. તેની પાસેથી મુસલમાનોએ લઈ લીધું અને ઔરંગઝેબ (૧૭૦૭) સુધી મુગલાઈ સત્તા નીચે રહ્યું. તે બાદ ગોહિલ વંશના રાજવીના હાથમાં આવ્યું, જે ઈ.સ. ૧૯૪૭ સુધી રહ્યું.[૩૭] આમ, એભલ ત્રીજાના સમય અંગે મતમતાંતરો છે. આ એભલ ત્રીજાનો પાળિયો વલભીપુરમાં દર્શાવવામાં આવે છે. (ફોટોગ્રાફ-૨)

૪.૨.૪ મોખડાજી ગોહિલનો પાળિયો :

ભાવનગરના પ્રાચીન નગર ઘોઘામાં મોખડાજીનો પાળિયો આવેલો છે. આ પાળિયો મોખડાજીના મસ્તકનો છે. તેના પર નાની દેરી બનાવવામાં આવી છે. જેના પર સંવત ૧૩૪૭ લખવામાં આવ્યું છે. જે હકીકતે સંવત નહીં પણ ઈ.સ. ૧૩૪૭નું વર્ષ છે. એક નાનો ઓરડો છે. તેની અંદરની નાની દેરીમાં આ પાળિયો આવેલો છે. મસ્તક આકારનો નાનો પાળિયો છે. તેને બે પથ્થરની આંખો લગાડવામાં આવી છે. માથે શ્રદ્ધાળુ દ્વારા મુગટ પહેરાવવામાં આવ્યો છે.

બાજુમાં ચાર અશ્વારૂઢના બીજા પાળિયા છે, જેમાં પ્રથમ અશ્વારૂઢમાં સવારનું શિલ્પ નષ્ટ પામ્યું છે. બાકીના ત્રણ પર તલવાર અને ઢાલ સાથેના અશ્વારૂઢના શિલ્પો જોવા મળે છે. કદાચ તે મોખડાજીની સાથે લડનાર અન્ય વીરોના પાળિયાઓ હોય તેમ બને. આ મોખડાજીના મસ્તકનો પાળિયો ઘોઘામાં છે જ્યારે તેના ધડનો પાળિયો ઘોઘાથી દૂર ખદડપરમાં આવેલો છે. ખદડપર ગામથી થોડે દૂર ધાર પાસે એક દેરીમાં ધડનો પાળિયો આવેલો છે. આ ધડનો કે કબંધનો પાળિયો પથ્થરની એક મોટી શિલામાંથી બનાવવામાં આવ્યો છે. ધડને પથ્થરની આંખો બેસાડવામાં આવી છે. સિંદૂર લગાડેલ હોવાથી કયો પથ્થર છે તે જાણી શકાતું નથી. નજીકની ટેકરી પર પણ આ જ મોખડાજીનો કબંધનો પાળિયો પ્રતીક રૂપે બેસાડવામાં આવ્યો છે. તેના પર દેરી બનાવવામાં આવી છે. સામાન્ય રીતે મૂળ પાળિયો કયો છે તે સમજી શકાતું નથી. ટેકરીની તળેટીમાં આવેલ પાળિયાને મૂળ પાળિયો ગણવામાં આવે છે. બંને પાળિયામાં શિલ્પ સ્પષ્ટ જણાતું નથી.

આમ, ખદડપરમાં મોખડાજીના ધડનો પાળિયો છે. ઘોઘામાં મસ્તકનો અને પીરમમાં પણ મોખડાજીનું સ્થાનક અને પાળિયો છે. આમ, આ પરથી પણ એક કરતાં વધારે પાળિયાઓ શા માટે મંડાતા હોય છે તે સમજી શકાય છે. પ્રતીકરૂપે પાળિયાઓ માંડવામાં આવતા હોય છે તે બાબત સમજી શકાય છે. ખદડપર નજીક મોખડાજીનું મંદિર નિર્માણ થવાનું છે. આ મોખડાજીનું મસ્તક ઘોઘામાં પડ્યું અને તેનું ધડ મુસ્લિમો સામે લડતા ખદડપર સુધી આવ્યું તેવી દંતકથા તેની સાથે સંકળાયેલી છે. વ્યક્તિનું મસ્તક પડતા તેનું ધડ દુશ્મનો સામે લડે તેવી માન્યતા જનમાનસમાં જોવા મળે છે અને તેના પરથી જ ધડના પાળિયાઓ મંડાતા હોય છે. આ પાળિયા સાથે ધડ અને મસ્તકના બંધારણને ધ્યાનમાં રાખીને જે તે આકારના પાળિયા પણ કથા પ્રમાણે કોતરવામાં આવતા હોય છે. મસ્તકના એ આકારના અને ધડના શરીર આકારના કંડારાય છે.

મુસલમાન અભ્યુદયે રાજપૂત સરદારોને દરિયાકિનારે હાંકી કાઢી ચાંચિયા કરી દીધા હતા. તેઓમાં સહુથી નોંધપાત્ર ઉમેરો ગોહિલોનો હતો, જે મોખડાજી ગોહિલ નીચે પીરમ ટાપુ પરના એના કિલ્લામાંથી દરિયા પર સત્તાનો અમલ કરતા હતા. એની સત્તા મહમદ તઘલકે તોડી હતી.[૩૮] એ સમયે મોખડાજી ગોહિલ રાજપૂત ઠાકોરોમાં સૌથી વિશેષ નામાંકિત હતા. એ ભારે પરાક્રમી હતા. પીરમબેટ એની સત્તા નીચે હતો. ત્યાં પોતે બાંધેલા કિલ્લામાં રહીને ખંભાતના અખાતમાં આવતા જતા વેપારીઓના વહાણો લૂંટતા હતા અને એમની પાસેથી ખંડણી વસૂલ કરતા હતા.[૩૯] આ મોખડાજી ગોહિલના પૂર્વજ મારવાડમાંથી સૌરાષ્ટ્રમાં આવી સેજકજી ગોહિલે સૌ પ્રથમ પોતાની રાજધાની સેજકપર ઈ.સ. ૧૨૫૦માં સ્થાપી. તેમનો પુત્ર રાણોજીએ રાણપુરમાં ઈ.સ. ૧૨૯૦માં રાજધાની સ્થાપી હતી. આ રાણાજી ગુજરાતના સૂબા ઝફરખાન સાથેની એક લડાઈમાં કામ આવ્યા. મુસલમાનોએ રાણપુરમાંથી ગોહિલોને ભગાડ્યા ત્યારે તેમણે મોખડાજીની રાહબરી હેઠળ ઉમરાળા ઉપર હલ્લો કરી ઉમા કોળીને પરાસ્ત કરી ઉમરાળાને તેમની રાજધાની બનાવી હતી.[૪૦]

ઉમરાળા બાદ મોખડાજીએ ખોખરા, ભીમડાદ અને ઘોઘા જીતી લઈ પીરમના ટાપુ પર પોતાની ગાદી ફેરવી. આ પીરમબેટમાં તેમણે મજબૂત કિલ્લો બાંધ્યો હતો. આ પીરમબેટ ગુજરાત સૌરાષ્ટ્રના સાગર માર્ગે મધ્યમાં આવતું હોઈ અહીં રહી મોખડાજીએ અહીંથી પસાર થતા વહાણો પાસેથી કર લેવાનું શરૂ કર્યું. તેમનો કર ભર્યા વિના કોઈપણ વહાણ આગળ જઈ શકતું નહીં. કર ભરવાનો ઈન્કાર કરનારનું વહાણ જપ્ત કરવામાં આવતું કે ડુબાડી દેવામાં આવતું હતું. ત્રાપજના સુરાવાળાની આગેવાની નીચે મોખડાજીએ એક મજબૂત સાગર સેના પણ ઊભી કરી હતી.[૪૧] આ સાગર સેના દ્વારા વહાણો ઘેરી તેની પાસે કર ઉઘરાવવામાં આવતો હતો. એક વખત દિલ્હીના એક મોટા મુસ્લિમ વેપારીના સુવર્ણરજ (કિંમતી માલ) ભરેલા ચૌદ જહાજ મોખડાજીએ લૂંટી લીધા. આથી વેપારીએ સુલતાન મહમદશાહ તઘલકને ફરિયાદ કરી.[૪૨] આવી ફરિયાદો થતાં મહમદ તઘલકે જૂનાગઢ આક્રમણ દરમિયાન મોખડાજીને પણ પાઠ ભણાવવાનું નક્કી કર્યું. તેમની વિશાળ સેનાએ પ્રથમ ઘોઘાને ઘેરી લેતા ને તે દરમિયાન મોખડાજી ત્યાં જ હોય શરણે થવા મજબૂર કર્યા. અલબત્ત આના વિશે મતમતાંતરો રહેલા છે. હકીકતે મોખડાજીએ દુર્ગના દ્વાર ખોલી નાખી કેસરિયા કર્યા ને લડતા લડતા જ મોખડાજી વીરગતિ પામ્યા (૧૩૪૭). મહમદે આ પછી ઘોઘામાં પ્રવેશ કરી કત્લેઆમ ચલાવી હતી. એટલું જ નહીં પીરમનો કિલ્લો પણ ધ્વસ્ત કર્યો હતો.[૪૩] તેવી નોંધ પ્રાપ્ત થાય છે.

થોડા સમય બાદ મોખડાજી પછી તેના પુત્ર ડુંગરજીએ ઘોઘાની ગાદી સંભાળી. તેમના બીજા પુત્ર સમરસિંહ રાજપીપળા ગયા. મોખડાજી પછી તેના પુત્ર ડુંગરજીએ આ ગોહિલ રાજ્યની ગાદી સુવ્યવસ્થિત રીતે સંભાળી પોતાના પિતાની ખોટ પૂરી કરી હતી.[૪૪] આ લડાઈની

અનુશ્રુતિ પ્રમાણે મોખડાજી લડતા લડતા મરાયા. મોખડાજીનું મસ્તક ઘોઘાના કાલિકા દરવાજા પાસે પડ્યું અને માથું પડ્યા પછી પણ ધડ લડતા લડતા ઘોઘાથી સાત ગાઉ દૂર ખદડપર ગામ સુધી ગયું અને ખદડપર પાસેની ખારી મીઠી વીરડી પાસે ધડ પડ્યું. હજુ પણ ત્યાં મોખડાજીની દેરી છે. લોકો આ મોખડાજીની વીર તરીકે પૂજા કરે છે. તેમના થાનકો અન્ય સ્થળોએ પણ જોવા મળે છે. ગોહિલ સિવાયના પણ આ મોખડાજીના પાળિયાની પૂજા કરે છે. આજે પણ પીરમથી પસાર થતા વહાણો મોખડાજીના થાનકમાં પ્રતીકના રૂપમાં કર આપે છે. આમ, ઘોઘા અને ખદડપરમાં આ મોખડાજીના પાળિયાઓ આવેલા છે. મોખડાજીના મંદિરો પણ જોવા મળે છે. આજે તેમને વ્યક્તિ તરીકે નહીં પણ દેવના સ્વરૂપમાં પૂજવામાં આવે છે. તેમના પર લોકસાહિત્યની પણ રચના થઈ છે. (ફોટોગ્રાફ-૩)

૪.૨.૫ સુરા વાળાનો પાળિયો :

સુરા વાળાનો પાળિયો મથાવાડામાં આવેલો છે. આ સુરા વાળાની સાથે પણ કબંધ યુદ્ધની કથા છે. તેના પાળિયા પર મંદિર બનાવવામાં આવ્યું છે. આ વિસ્તારમાં તે સુરા વાળા દાદા તરીકે પૂજાય છે. આ સુરા વાળાના ધડનો પાળિયો તળાજાના ટીમાણા નજીક દર્શાવવામાં આવે છે. જોકે એના અંગે કોઈ માહિતી પ્રાપ્ત નથી. વાળા રાજપૂતોમાં શૂરાપુરા તરીકે પૂજાય છે. મથાવાડામાં તેમની દેરીને ફેરો ફર્યા પછી જ નવા વાવણીના સાંતી જોડાય છે. પુત્ર, પુત્રીના લગ્ન પછી તેની પૂજા કરવામાં આવે છે.[૪૫] આમ સુરા વાળાના પાળિયાનું સ્થાનક ધાર્મિક સ્થળ બની રહ્યું છે. ગામમાં તેના સ્થાનકે નિત્ય પૂજા આરતી થાય છે.

ભાદ્રોડના સના વાળાએ તેના નાના ભાઈ સુરા વાળાને જીવાઈ પેટે બાર ગામો આપ્યા હતા. આ સુરા વાળાને મોખડાજી ગોહિલના સમકાલીન માનવામાં આવે છે. તેના માટે એમ કહેવાય છે કે વાળાઓએ મહમદ તઘલકના વહાણો લૂંટ્યા હોવાથી મહમદ તઘલક સાથેની લડાઈમાં સુરા વાળાનું મૃત્યુ થયું.[૪૬] મોખડાજી અને સુરા વાળા સાથેની મહમદની આ લડાઈ એક સમયની જ દર્શાવવામાં આવે છે. આ મોખડાજી ગોહિલ ઘોઘાની ગાદીએ હતા ત્યારે તેણે સમુદ્રસેના રાખી હતી. આ સમુદ્રસેનાના સેનાપતિ સુરા વાળા હતા. આ સેનાએ દિલ્હીના વેપારીના સોના (કિંમતી માલ) ભરેલા વહાણો લૂંટ્યા, આથી વેપારીઓએ દિલ્હીના સુલતાન મહમદ તઘલકને ફરિયાદ કરી. પછીથી મહમદ તઘલકે તેના પર આક્રમણ કર્યું. ઈ.સ. ૧૩૪૭માં મોખડાજી મરાયા. આ પછી આ સેનાએ સુરા વાળા પર આક્રમણ કર્યું. મથાવાડાના પાદરમાં લડાઈ થઈ ત્યારે તેનું નામ મથાવાડા ન હતું. સુરા વાળાએ મુસલમાન સેનાપતિ સાથે લડાઈ કરી અને મરાયો. મરતા મરતા તેણે મુસ્લિમ સેનાપતિને પણ માર્યો. આજે મથાવાડામાં આ સુરા વાળાનું માથું પૂજાય છે. ત્યાં ઓરડો છે. ચોતરો છે અને જમણી બાજુએ બીજા વાળા રાજપૂત શૂરવીરોના પાળિયા આવેલા છે. સુરા વાળાના માથાના પાળિયા સામે ૧૦૦ વાર દૂર મુસલમાન સેનાપતિની કબર છે અને ટીમાણામાં માથા વગરના ધડનો પાળિયો દર્શાવવામાં આવે છે.[૪૭]

આ લડાઈ સાથે પણ મોખડાજી સાથે જે દંતકથા છે તેવા પ્રકારની કથા જોડાયેલી છે. લડતા લડતા સુરા વાળાનું માથું મથાવાડામાં પડ્યું અને તેનું ધડ ફોજ સાથે લડતા લડતા ટીમાણા સુધી ગયું. ટીમાણામાં તેનો પાળિયો પણ દર્શાવવામાં આવે છે. જોકે માથા વગરના ધડને લડવાની આ એક કથા જ સમજવી જોઈએ. કારણ કે સમય જતા લોકોક્તિમાં ઘટના ચમત્કારનું સ્વરૂપ ધારણ કરતી હોય છે. પણ તેના પરથી ઘટનાના સંબંધમાં થોડો આધાર મળી રહે છે. આવા ચમત્કારિક દંતકથા ધરાવતા પાળિયાઓ પણ લાંબો સમય જળવાઈ રહે છે. આ બધી અનુશ્રુતિઓ કદાચ એમની વીરતાને લીધે આવી કથાઓ કવિઓ દ્વારા પ્રચલિત કરવામાં આવી હશે અને પછીથી તેની સાથે જોડાયેલ પાળિયાઓ નિર્માણ પામ્યા હશે. સુરા વાળા મોખડાજીના સેનાપતિ હશે તે અંગે પણ મહત્ત્વના આધારો પ્રાપ્ત થયા નથી. આ સુરા વાળા સાથે અપ્સરાની દંતકથા પણ સંકળાયેલ છે. આમ, આ બનાવ ઈ.સ. ૧૩૪૭ના ગાળામાં બન્યો હતો તેમ જાણકારી પ્રાપ્ત થાય છે. (ફોટાગ્રાફ-૪)

૪.૨.૬ કરજાળાનો પાળિયો :

મહુવા તાલુકામાં કરજાળા ગામ આવેલું છે. આ કરજાળામાં ઈ.સ. ૧૪૧૪ (સં. ૧૪૭૦)ના વર્ષના સતીના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. મેરજી પાછળ તેની સ્ત્રી સતી થઈ તેવી નોંધ પાળિયા પરથી કરવામાં આવી છે.

કરજાળામાં વાજા ગરાસિયાઓ ગરાસદાર હતા. કરજાળાનો મુખી મેરજી વાજો હતો. આ મેરજીનું લગ્ન ધારીની ચુડાસમા રજપૂતાણી સાથે થવાનું હતું. જાન કરજાળે આવતી હતી તેવામાં બાબરિયાઓએ ગામ ઉપર હુમલો કર્યો. આ બાબરિયાઓ ગામના ઢોર વાળી લઈ ગયા. આ વાતની ખબર થતાં જ મેરજી વાજા વરમાળા તથા મીંઢળ સાથે જ થોડુંક લશ્કર લઈ તેમની પાછળ પડ્યો અને તેમને કરજાળાથી થોડાક માઈલ ઉપર સૂર્યવડ નામના વડ આગળ પકડી પાડી હરાવ્યા. આ લડાઈમાં મેરજી પણ ખપી ગયો. તેની સ્ત્રી કરજાળા આવી ત્યારે આ વાતની ખબર તેને પડી. આથી તે પોતાના ધણીના શબ સાથે બળી ગઈ. આ મેરજી પાછળ દંતકથા છે કે મર્યા પછી તે ભૂત થયો ને લોકોને ઘણા હેરાન કરતો. આખરે ગયા શ્રાદ્ધ કરતા તેના આત્માનો ઉદ્ધાર થયો. આજે પણ કરજાળામાં મેરજીની સ્ત્રી સતી થઈ તેનો પાળિયો દર્શાવવામાં આવે છે.[૪૮] કરજાળામાં શેલ નદી કિનારે આવેલ તેના પાળિયા ઉપર સંવત ૧૪૭૦ની સાલ લખેલી છે તેવી નોંધ કાઠિયાવાડ સર્વસંગ્રહમાં પ્રાપ્ત થાય છે. આમ, ગામ ભાગતા અને ગૌરક્ષા કાજે પતિ મરાતા સતી થયાની માહિતી આ દ્વારા પ્રાપ્ત થાય છે.

૪.૨.૭ ઝાંઝમેરના પાળિયા :

ઝાંઝમેર એ તળાજા તાલુકામાં આવેલું એક પ્રાચીન ગામ છે. આ ગામ દરિયા કિનારે આવેલું છે. આ ઝાંઝમેરમાં અનેક પ્રાચીન પાળિયાઓ આવેલા છે. તે રાજધાનીનું સ્થળ હોવાથી

ઘણી લડાઈઓનું સ્થાન બની રહ્યું હતું. આ ગામ ઝાંઝરસી વાળાએ વસાવેલું હોવાથી ઝાંઝમેર તરીકે ઓળખવામાં આવે છે. આજે પણ આ જ નામથી ઓળખાય છે. આ ગામ ઝાંઝરસીએ પછીથી વાજાઓને આપ્યું હતું. અહીં વિક્રમ સંવત ૧૫૧૦ (ઈ.સ. ૧૪૫૩)ના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. સંસ્કૃત બાળબોધમાં કોતરાયેલ આ લેખમાં નોંધ છે કે આ પાળિયો ઝાંઝમેરના રાજા બાપજીનો છે. તેની અન્ય કોઈ માહિતી પ્રાપ્ત નથી.[૪૯] આ પાળિયાની નોંધ ભાવનગર પ્રાચીન શોધસંગ્રહમાં આપવામાં આવી છે. જેમાં તેમના મૃત્યુનું કોઈ કારણ આપવામાં આવ્યું નથી. પાળિયો ઝાંઝમેરમાં વડલા પાસે હતો તેવી નોંધ છે. આજે અહીં ઘણા પાળિયાઓ છે, પણ તેમના લેખ સ્પષ્ટ ન હોવાથી તેના અંગે વધારે માહિતી મળી શકતી નથી. આ પાળિયાઓએ પોતાની ઓળખ ગુમાવી દીધી છે.

આ ઝાંઝમેરમાં જ વિક્રમ સંવત ૧૫૧૩ (ઈ.સ. ૧૪૫૭)ના બીજા એક પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. આ પાળિયામાં લેખ છે, જે જણાવે છે કે કોળી અટકધારી વીજાનો પુત્ર વેલા કોઈ લડાઈમાં મૃત્યુ પામ્યો છે. આ લેખ સંસ્કૃત બાળબોધ લિપિમાં હતો તેવી માહિતી મળે છે.[૫૦] આ પાળિયાની માહિતી પણ ભાવનગર શોધસંગ્રહની નોંધમાંથી પ્રાપ્ત થાય છે. ઝાંઝમેર એક બંદર હતું. તે સમય દરમ્યાન અહીં મુસ્લિમ આક્રમણો અને બીજી લડાઈઓ થતી રહી છે. આવી કેટલીક લડાઈઓમાં અહીંના વીરો લડતા મૃત્યુ પામ્યા હતા. આ બધાના પાળિયા પરની આ નોંધો દ્વારા માહિતી પ્રાપ્ત થાય છે. હાલ તો આ પાળિયાની માહિતી મળી શકતી નથી. તેના મૂળ લેખો નષ્ટ થયા છે.

ઝાંઝમેરમાંથી વાજા કાન્યાજીના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. આ પાળિયા ઉપર વિક્રમ સંવત ૧૫૧૩ (ઈ.સ. ૧૪૫૭)ની સાલ લખવામાં આવી છે. તેના અંગેની નોંધ પરથી જાણવા મળે છે કે કાન્યાજી મુઘલોની સાથે લડતા મરાયા. એમ સંભવે છે કે એ મુઘલ ગુજરાતના સુલતાન કુત્બુદ્દીનનો કોઈ સેનાપતિ હશે[૫૧] અને તેની સાથેની લડાઈમાં આ કાન્યાજી વીરગતિ પામ્યો હોય તેમ જણાય છે. ઝાંઝમેર ગામમાં હાલના સમયે પાદરમાં પાંત્રીસ કરતા પણ વધારે પાળિયાઓ આવેલા છે. આમાંના ચાર પાળિયાઓ સતીના છે. સતીના એક પાળિયા પર દેરી બાંધવામાં આવી છે. આ બધા પાળિયાઓ પૂર્વમુખ આવેલા છે. આ પાળિયાઓ રેતિયાળ પથ્થમાંથી બનાવવામાં આવ્યા છે. મોટાભાગના પાળિયા પરંપરાગત શિલ્પ ધરાવે છે. ૮૦ x ૮૦ સે.મી. માપના એક પાળિયામાં બે ઘોડેસવારના શિલ્પો એક શિલા પર કોતરવામાં આવ્યા છે. બંનેના હાથમાં તલવાર અને ઢાલ છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. અન્ય એક પાળિયામાં પરમાર અને સુદ ૨ એટલું વંચાય છે. બીજા એક પાળિયામાં ૧૮૨૦ વંચાય છે. દેરીની અંદરનો સતીનો પાળિયો ૪૦ x ૭૦ સે.મી. માપનો અને રેતિયાળ પથ્થરનો છે.

ઝાંઝમેરમાં આ ઉપરાંત વાળંદ, બ્રાહ્મણ, ભરવાડ, વાળા, દિહોરા, રાઠોડ વગેરેના સૂરધનોની ખાંભીઓ પણ જોવા મળે છે. બાભણીયા, મકવાણા, સુથાર, દરબાર વગેરેના પાળિયા છે. જે કોઈ પાળમાં કામ આવ્યા તેમ જાણવા મળે છે. ફિરંગીઓના સમયમાં ઝાંઝમેરનો કિલ્લો બંધાયો હતો. જેના અવશેષો આજે પણ જળવાઈ રહ્યા છે. આ કિલ્લાના બૂરંજ પાસે અનેક પાળિયાઓ આવેલા છે. એક પાળિયામાં પુંજા સુથાર વંચાય છે. જૂના પાળિયાઓ અને નવા મંડાયેલા સૂરધનના પાળિયાઓ સાથે જ એક સ્થળે છે. પહેલા ગામમાં અઢળક પાળિયાઓ હતા, પણ ગામનો વિસ્તાર વધતા અને રસ્તાઓ બનતા ઘણાબધા પાળિયાઓ કાઢીને પધરાવી દેવામાં આવ્યા છે. આમાંથી કેટલાંક પાળિયાઓ જળવાઈ રહ્યા છે. જોકે તેના પરના લેખો નષ્ટ થયા હોવાથી તેના અંગેની આધારભૂત માહિતી તારવી શકાતી નથી. આમ છતાં તેના પાદરમાં ઉભેલા આ પાળિયાઓ ગામના ભૂતકાળની ઝાંખી કરાવી જાય છે. જૂના વખતમાં આ ગામ મહત્ત્વનું કેન્દ્ર હતું, તે આ પરથી સમજી શકાય છે. (ફોટોગ્રાફ-૫)

ભાવનગર પ્રાચીન શોધસંગ્રહમાં હેઠા કોટડામાં વિક્રમ સંવત ૧૫૧૧ (ઈ.સ. ૧૪૫૫)ના સંસ્કૃત બાળબોધ લિપિના પાળિયાલેખની નોંધ કરવામાં આવી છે. જેમાં વાજા લખધીરના મૃત્યુનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.[૫૨] આ હેઠા કોટડાએ દરિયા કિનારા નજીકનું નીચા કોટડા હોવાનો સંભવ રહેલો છે. લેખમાં, કામ આવ્યા એટલે કોઈ લડાઈમાં મૃત્યુ થયું છે.

ઉમરાળા નજીક ચોગઠ નામનું ગામ આવેલ છે. આ ઘણા પ્રાચીન સમયનું ગામ હોય તેમ જણાય છે. આ ગામમાં એક પાળિયાની માહિતી મળે છે. આ પાળિયા પર વિક્રમ સંવત ૧૫૧૬ (ઈ.સ. ૧૪૬૦)ની સાલ કોતરવામાં આવી છે.[૫૩] તેના વિશે અન્ય કોઈ માહિતી મળતી નથી. ત્યાર પછીના સમયના ઈ.સ. ૧૪૬૫ અને અન્ય સમયના પાળિયાની નોંધ તળાજામાંથી મળે છે. આ પાળિયાઓ તળાજા નગરની રક્ષા કરતા કામ આવ્યા તેમના હોવાનો સંભવ છે. આ ઉપરાંત ઘણા પાળિયા અને ખાંભીઓ તળાજામાં જોવા મળે છે. કેટલાંક નગરનો વિકાસ થતા પધરાવી દેવામાં આવ્યા છે. હાલ જે પ્રાપ્ત છે તેણે પોતાની સંજ્ઞા ગુમાવી દીધી છે.

૪.૨.૮ પીપરાળીનો પાળિયો :

ઉમરાળા નજીક રંઘોળી નદી પાસે પીપરાળી ગામ આવેલું છે. આ ગામ એક જમાનામાં અતિસમૃદ્ધ હતું. પીપરાળી તે સમયે મુસલમાનોનું થાણું હતું. તે લોલિયાણા અને પાલિતાણાના લશ્કરી મથકોને જોડતું અગત્યનું સ્થળ ગણાતું હતું. અહીં વિક્રમ સંવત ૧૫૪૬ (ઈ.સ. ૧૪૯૦)ની સાલના એક પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. તે ઉપરથી જણાય છે કે ઈ.સ. ૧૪૯૦ના ગાળામાં મુસલમાનોએ પીપરાળી પ્રથમ વખત જીતી લીધું હતું. આ સમયે પીપરાળી વાભીહીનગર તરીકે ઓળખાતું હતું. આ પાળિયો શેઠ હેમાના સ્મરણને માટે ઊભો કરવામાં આવ્યો છે તેવી નોંધ મળે

છે. અહીં એજ વર્ષના બીજા બે પાળિયાઓ નોંધાયા છે તે પરમાર વંશના માનુ અને રાસળની સ્મૃતિમાં માંડવામાં આવ્યા છે તેવી માહિતી પ્રાપ્ત થાય છે.[૫૪] અન્ય પાળિયાઓ પણ અહીં જોવા મળે છે.

ગૌરક્ષા માટે કામ આવેલાના પાળિયાઓ પણ અહીં આવેલા છે. ૧૦મી સદીના અંત સુધી આ સ્થળ કાઠી લૂણા માજરિયાના કબજામાં હતું. ત્યારબાદ ભાવનગરના ઠાકોર વખતસિંહે તેને હરાવીને કાઢ્યો ને આ ગામ ભાવનગરના કબજામાં આવ્યું. અહીં પોતાની બહેન માટે ભાઈએ પોતાના પ્રાણ અર્પણ કર્યાની કથા પણ જાણવા મળે છે. અહીંના મિનારા સાથે બે બહેનોની કથા સંકળાયેલી છે. જેમણે પોતાની બહેનના પ્રેમમાં આત્મત્યાગ કર્યાની દંતકથા પ્રાપ્ત થાય છે. જોકે આ અંગેના કોઈ પાળિયાકે નોંધ પ્રાપ્ત થતી નથી.

૪.૨.૯ રૂવાપરીના પાળિયા :

ભાવનગરમાં રૂવાપરી માતાનું મંદિર છે. આ વિસ્તાર રૂવાપરી તરીકે ઓળખાય છે. અહીં સુતારની તલાવડી ઉપરના એક પાળિયા લેખની નોંધ મળે છે. આ પાળિયો વિક્રમ સંવત ૧૫૫૩ (ઈ.સ. ૧૪૯૬)ની મિતિ દર્શાવે છે. આ લેખ સંસ્કૃત બાલબોધ ભાષામાં છે. લેખમાં જણાવવામાં આવ્યું છે કે, ઘોઘામાં બાદશાહ મહમદનું રાજ્ય હતું ત્યારે સુથાર અટકધારી રૂડાના પુત્રનું અવસાન થતાં તેનો પાળિયો મંડાયો છે.[૫૫] આ પાળિયા લેખની નોંધ ભાવનગર પ્રાચીન શોધસંગ્રહમાંથી પ્રાપ્ત થાય છે. હાલ તે પાળિયાની માહિતી પ્રાપ્ત નથી. પાળિયાલેખમાં મૃત્યુનું કોઈ કારણ આપવામાં આવ્યું નથી.

રૂવાપરી મંદિર પાસેની એક દેરીમાં બે શૂરાપૂરાના પાળિયા આવેલા છે. ૫૨ x ૭૨ અને ૪૫ x ૫૬ સે.મી. માપ ધરાવતા આ પાળિયાને કલર કરેલો હોવાથી તેનો પથ્થર ઓળખી શકાતો નથી. બંને પાળિયામાં સમાન શિલ્પ છે. ઘોડેસવારના હાથમાં ભાલો અને ઢાલ છે. ઉપર સૂર્ય અને ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. દેરીની બહાર આરસની તકતી મારવામાં આવી છે. જોકે આ તકતી તાજેતરની જ છે. આ લેખમાં ગાંધી કુટુંબના શૂરાપૂરા શૂરધનદાદા તથા શિકોતરમાં તેવું લખાણ છે. છનાદાદા ૯૦૦ વર્ષ ૧૯મી પેઢી અને તુલસીદાદા ૧૦૦૮ વર્ષ ૨૬મી પેઢીએ, એમ કોતરવામાં આવ્યું છે. આ દેરીનો ૨૦૦૭માં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ સૂરધનોના પાળિયા છે. સાથે શિકોતરની ખાંભી આવેલી છે. દેરી નજીક ઓટા પર એક પાળિયો આવેલો છે. આ પાળિયો ભરવાડનો છે, તેવી જાણકારી મળી છે. ૩૫ x ૫૬ સે.મી. માપ ધરાવતો આ પાળિયો સખત પારેવા પથ્થરમાંથી કોતરવામાં આવ્યો છે. પાળિયા પર ઘોડેસવારનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. ઘોડેસવારના હાથમાં ઢાલ અને બરસી જણાય છે. ઉપર સૂર્ય અને ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. લેખ નષ્ટ પામ્યો છે આથી અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થઈ શકતી નથી. આ ઓટાથી થોડે દૂર પારેવા પથ્થરના ત્રણ પાળિયાઓ આવેલા છે. આ પાળિયામાં કોઈ

શિલ્પ નથી. પાળિયાઓ પ્રમાણમાં નાના પથ્થરોમાંથી બનાવવામાં આવ્યા છે. તે કોઈના સૂરધનો છે તેમ જાણકારી મળે છે. અહીં શિકોતર માતાનું મંદિર, મઢ પણ આવેલો છે. આ મઢની અંદર શિકોતરની ખાંભી માંડવામાં આવી છે. તેના વિશે અન્ય કોઈ જાણકારી પ્રાપ્ત થતી નથી. તેને પરંપરાગત રીતે બેસાડવામાં આવ્યા છે તેમ જાણવા મળે છે. રૂવાપરીથી થોડે દૂર ડોળિયાડુંગર વિસ્તારમાં પણ પાળિયો આવેલો છે તેવી માહિતી પ્રાપ્ત થાય છે.

૪.૨.૧૦ સરતાનપરના પાળિયા :

સરતાનપર તળાજા તાલુકાનું દરિયા કિનારે આવેલું ગામ છે. આ ગામ સુલતાનપુર તરીકે ઓળખાતું હતું. તેની નજીકમાં આંબળા નામે ગામ છે. અહીંથી બે અભિલેખયુક્ત પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. આ પાળિયામાં સંસ્કૃત બાળબોધ લિપિમાં લેખ છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે વિક્રમ સંવત ૧૬૧૧ (ઈ.સ. ૧૫૫૫)ના કોળી અટકધારી કથડ નામનો વ્યક્તિ સરતાનપરના પ્રશ્ને મૃત્યુ પામ્યો છે.[૫૬] અહીંના અન્ય એક પાળિયામાં વિક્રમ સંવત ૧૬૧૧ (ઈ.સ. ૧૫૫૫)ના મકવાણા જેસા સુલતાનપુરના પ્રશ્ને મૃત્યુ પામ્યાની નોંધ છે.[૫૭] આ અભિલેખ બાળબોધ લિપિમાં છે. બંને લેખો એક વર્ષના જ છે આથી સરતાનપર સંબંધી કોઈ લડાઈમાં આ બંને મરાયા હશે તેમ જણાય છે. ગુજરાતના સુલતાન અહમદશાહ બીજાના રાજ્યમાં મુસલમાનો અને અહીંના કાંઠા પરના ચાંચિયા વચ્ચે એક લડાઈ થયેલી જણાય છે. વિક્રમ સંવત ૧૬૧૧ની સાલ દર્શાવતા અન્ય પાળિયાઓ અહીંથી પ્રાપ્ત થયા છે. જેમાં મહા સુદ ૧૩ ને સોમવારે સરતાનપરમાં મૃત્યુ પામ્યા તેવી માહિતી પ્રાપ્ત થાય છે. આ વિસ્તારમાં ચાંચિયાગીરીને લીધે આવી લડાઈ થતી રહેતી હતી. કોળી ચાંચિયાઓને પકડવા માટે ૧૮મી સદીમાં ભાવનગરના રાજવી ભાવસિંહજીએ પ્રયત્નો કરેલા. આમ છતાં કોળી ચાંચિયાઓની લૂંટફાટ ચાલુ રહી હતી. પછીથી બ્રિટિશ સરકાર અને ભાવનગર રાજવીઓએ સાથે મળીને આ ચાંચિયાઓને દૂર કર્યા હતા. આ બધી લડાઈના કેટલાંક પાળિયાઓ અહીં જોવા મળે છે.

ઘોઘાના બાડીમાં વિક્રમ સંવત ૧૫૭૨ની સાલની ખાંભી પરના અભિલેખની નોંધ પ્રાપ્ત થાય છે. આ લેખમાં વિક્રમ સંવત ૧૫૭૨ (ઈ.સ. ૧૫૧૬) પાદશાહ અલાઉદ્દીને બાડી ગામના બ્રાહ્મણ શિવરામને ગામોટ બદલ પૃથ્વી આપી.[૫૮] એ પ્રકારનો લેખ છે. જોકે આ પાળિયાલેખ નથી પણ શિલાલેખ છે. ઘોઘાના મોરચંદમાંથી વિક્રમ સંવત ૧૫૭૩ (ઈ.સ. ૧૫૧૭)ના પાળિયાની માહિતી મળે છે. આ પાળિયાનો લેખ વીજા નામની વ્યક્તિનું કોઈ લડાઈમાં મૃત્યુ થયું તેની માહિતી આપે છે.[૫૯] આ મોરચંદ નજીક પડવા નામે ગામ છે. અહીં શક સંવતના ઉલ્લેખ ધરાવતા પાળિયાની માહિતી પ્રાપ્ત થાય છે. શક સંવત ૧૪૮૯નો આ પાળિયો પડવામાં સોલંકી બોઘાના ફળિયામાંથી મળી આવ્યો હતો.[૬૦] લેખમાં કોઈ સ્થાનિક રાજા સીતલ સનત મૃત્યુ પામ્યો તેની નોંધ છે. આ અભિલેખમાં ધારાતીર્થ શબ્દ મહત્ત્વનો છે. આ ધારાતીર્થ એટલે

તલવારના ઘા વાગવાથી મરણ થવું. આમ આ દ્વારા લડાઈમાં થયેલા રાજાના મૃત્યુની માહિતી મળે છે. સામાન્ય પણે આ વિસ્તારના પાળિયા પર વિક્રમ સંવતની સાલ જોવા મળે છે. જ્યારે આમાં શક સંવત આપવામાં આવી છે તે નોંધનીય છે. આથી આ પાળિયો વિશિષ્ટ કહી શકાય.

તળાજાના ઝાંઝમેરમાંથી એક લેખયુક્ત પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. વિક્રમ સંવત ૧૬૩૨ (ઈ.સ. ૧૫૭૬)ના આ પાળિયામાં ચાવડા અટકધારી વરસાના દીકરા ક્ષેતાના મૃત્યુની નોંધ છે. સંસ્કૃત બાલબોધ લિપિનો આ લેખ છે.[૬૧] આ પાળિયાલેખની માહિતી ભાવનગર પ્રાચીન શોધસંગ્રહમાંથી મળે છે. અહીં સતીના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. સતીની દેરી પરના લેખથી માહિતી પ્રાપ્ત થાય છે. વિક્રમ સંવત ૧૬૪૧ (ઈ.સ. ૧૫૮૫)ના આ લેખમાં વાજા સુરાના દીકરા ભરમાનું અવસાન થતાં તેની પાછળ સતી થઈ છે.[૬૨] આમ, સતીપ્રથાની માહિતી આપતો લેખ છે. સંસ્કૃત બાલબોધ લિપિનો આ લેખ જણાવે છે કે ઝાંઝમેરમાં વાજા અટકધારી સુરાના દીકરા ભરમાની પત્ની સતી થઈ છે. આ સ્ત્રી ગોહિલની દિકરી છે તેવી માહિતી પ્રાપ્ત થાય છે. આ સતી પાછળ દેરી બનાવવામાં આવી છે. તેના પરનો આ અભિલેખ છે. નોંધનીય છે કે ઝાંઝમેરમાં આજે પણ સતીની દેરી આવેલી છે. આ દેરી પરના લેખની માહિતી હાલ તો પ્રાપ્ત થતી નથી. લેખ નષ્ટ પામ્યો છે. પાળિયા પર લેખ છે તે ઉકલે તેવી સ્થિતિમાં નથી, પણ આ દેરીમાંનો પાળિયો આ જ સ્ત્રીનો હોવાની સંભાવના છે, કેમ કે સ્થાનિક લોકો આ પાળિયો વાજાના સતીમાતાનો છે તેમ જણાવે છે. આ પાળિયો ગામમાં સતીમાતા તરીકે પૂજાય છે. કિલ્લાના જીર્ણ થયેલા બુરંજ નજીક ગામના પાદરે આ સતીની દેરી આવેલી છે. અહીં બીજા પાળિયાઓ પણ આવેલા છે. લેખ પરથી તત્કાલીન સમાજમાં સતીપ્રથા હતી અને સ્ત્રીઓ સતી થતી તેમ સમજી શકાય છે.

૪.૨.૧૧ ધૂનાજી ગોહિલનો પાળિયો :

'સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ' નામના ગ્રંથમાં આ ધૂનાજીના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે, સિહોરમાં નદી કાંઠે આવેલા સૂરકાવાળા દરવાજા પાસેના ઓટલા ઉપર ધૂનાજીનો પાળિયો આવેલો હતો. આ ધૂનાજીની બે રાણીઓ તેમની પાછળ સતી થઈ તેના પાળિયા પણ આ પાળિયાની પાસે બેસાડવામાં આવ્યા હતા. જેમાંના એક સતીના પાળિયા ઉપર સતીબાઈ કર્માદેવી એમ વાંચી શકાય છે. વીર ધૂનાજીને વીરોચિત બેઠક આપવામાં આવી છે. તેમના પાળિયામાં પરંપરાગત શિલ્પ છે. ઘોડા ઉપર વીર સવાર છે. હાથમાં ભાલો છે. તેમની મૃત્યુ તિથિ વિક્રમ સંવત ૧૬૭૫ (ઈ.સ. ૧૬૧૯)ના કાર્તિક વદ ૬ લખાણ છે. આ ધૂનાજીના બે નાના ભાઈઓ ભીમાજી અને કશીયાજીને અનુક્રમે હળીયાદ અને ભડલી ગામનો ગરાસ મળ્યો હતો. આ ધૂનાજીના મોટા પુત્ર રાવળ રતનજી ૧ લાએ માત્ર એક વર્ષ

ગાદી ભોગવી હતી. કાઠી સરદાર લોમા ખૂમાણ સાથેની લડાઈમાં રતનજી રાવળ પાલિતાણા નજીકના માંડવી ગામે મરાયા. તેમના મૃત્યુનું સ્થાન રાવળ રતનજીની ધાર તરીકે ઓળખાય છે. આ રતનજીનો પાળિયો પણ સિહોરમાં નદી કિનારે તેના પિતા ધૂનાજીના પાળિયાની નજીકમાં જ હતો તેવી નોંધ મળે છે. આ પાળિયામાં સંવત ૧૬૭૬ (ઈ.સ. ૧૬૨૦)ની સાલ લખેલી હતી. તેના પાળિયાની બાજુમાં બે સતીના હાથની કોતરણીવાળા પાળિયા છે. પરંતુ તેના નીચેનું લખાણ વાંચી શકાતું નથી.[૬૩]

ઠાકોર વિસાજીના અવસાન પછી તેમનો મોટો પુત્ર ધૂનાજી સિહોરની ગાદીએ આવ્યા હતા. તેમણે ખેરડીના કાઠી દરબાર લોમા ખુમાણ સાથે યુદ્ધમાં ઉતરવું પડ્યું હતું. જોકે તેમને તેમની સાથે કોઈ વેર ન હતું. તેમણે લોમા ખુમાણના દુશ્મન એવા ગારિયાધારના રાજવી નોધણજી ગોહિલને લોમા ખુમાણની વિરુદ્ધ આશરો આપ્યો હતો. તથા તેને લોમા ખુમાણની પાસેથી ગારિયાધાર પરત અપાવવાનું વચન આપ્યું હતું. આની તૈયારીના ભાગરૂપે તેમણે ફોજ પણ એકઠી કરી હતી. સામે લોમા ખુમાણને આ બાબતની ખબર પડતા તેણે ધૂનાજી ઉપર પહેલા હુમલો કરી દીધો. આ બંને વચ્ચે ભાલના વેળાવદર ગામ પાસે લડાઈ થઈ. આ લડાઈમાં ધૂનાજી મરાયા. ધૂનાજી પાછળ તેમની રાણીઓ સતી થઈ. ધૂનાજીના પુત્ર રતનજી ગાયોના રક્ષણ માટે લોમા ખુમાણ સાથે લડતા વીરગતિ પામ્યા હતા.

ભાવનગર નજીકના વરતેજમાં આવેલ વિક્રમ સંવત ૧૬૭૪ (ઈ.સ. ૧૬૧૮)ના પાળિયા પરથી અહીં ધૂનાજીની સત્તા હતી તેમ જાણવા મળે છે.[૬૪] આ ધૂનાજીનું રાજ્ય સિહોરમાં હતું ત્યારે આસપાસના વિસ્તારોમાં પણ તેમની સત્તા હતી, તે આ અભિલેખ પરથી સમજી શકાય છે. આ ધૂનાજી ઈ.સ. ૧૬૦૦ આસપાસ સિહોરની ગાદીએ આવ્યા હતા. તેમણે ઈ.સ. ૧૬૧૯ સુધી સિહોરમાં શાસન કર્યું હતું.[૬૫] આ ધૂનાજીના પાળિયા લેખની નોંધ પ્રાપ્ત થાય છે. જે અભિલેખના પ્રકરણમાં આપવામાં આવી છે. આ ધૂનાજીનો પાળિયો વેળાવદરમાં પણ દર્શાવવામાં આવે છે. જોકે આ પાળિયાની ઓળખ પ્રાપ્ત થતી નથી.

ઘોઘાના હોઈદડ અને બાડી વચ્ચે એક પાળિયાના લેખની માહિતી નોંધવામાં આવી છે. આ લેખ વિક્રમ સંવત ૧૭૪૮ (ઈ.સ. ૧૬૯૨)નો છે.[૬૬] આ પાળિયાલેખમાં સુરસંધજી નામના વ્યક્તિના મૃત્યુની માહિતી આપવામાં આવી છે. આ સુરસંધજી વાઘેલાઓના ભાણેજ હતા તેમ જણાય છે. તેઓ મુસ્લિમ સેના સાથે લડાઈમાં કામ આવ્યા હતા. આ વિસ્તારમાંથી આવા અન્ય પાળિયાઓ મળે છે. દરિયા કિનારાના આ પ્રદેશમાં અવારનવાર આવા આક્રમણો થતા આ લડાઈમાં ઘણા લોકો મોતને ભેટતા તે બધાના પાળિયાના અવશેષો આજે પણ તેની સાક્ષી પૂરે છે.

૪.૨.૧૨ વાળુકડના પાળિયા :

ભાવનગર નજીક વાળુકડ નામનું ગામ આવેલ છે. આ ગામનો સમાવેશ ઘોઘા તાલુકામાં થાય છે. આ ઘણા પ્રાચીન સમયનું ગામ છે. અહીં અનેક જૂના પાળિયાઓ જોવા મળે છે. વાળુકડમાં પ્રાપ્ત પાળિયાઓમાં પદાતિ, અશ્વારૂઢ, સતી વગેરેનો સમાવેશ થાય છે. આ પાળિયામાં કેટલાંક પાળિયા પર લેખ જોવા મળે છે. ગામના સીમાડે આવેલા પાળિયા પરથી સમજી શકાય છે કે અહીં જૂના વખતમાં પાળ આવ્યું હશે અને એમાં આ બધા લોકો મરાયા હશે.

આ વાળુકડમાં એક ગંગનાથ મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિરના પટાંગણમાં સતી મંદિર આવેલું છે. આ સતી મંદિરના ગર્ભગૃહની અંદર સતીના બે પાળિયાઓ જોવા મળે છે. એક જ શિલા પર બે શિલ્પની કોતરણી કરવામાં આવી છે. શિલ્પમાં સતીના હાથ કંડારવામાં આવ્યા છે. આ સતી મંદિર ઘણું જર્જરિત અવસ્થામાં હતું. પછીથી તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે તેવી માહિતી મંદિરમાં રાખેલ તકતી પરથી મળે છે. આ સતીઓના પાળિયા પર નીચેના ભાગમાં એક મોટી આરસની તકતી બેસાડવામાં આવેલી છે. આ મૂળ લેખ જણાતો નથી પણ જીર્ણોદ્ધાર વખતે મૂળ લેખ પરથી આરસની તકતી પર કોતરવામાં આવ્યો હશે તેમ જાણવા મળે છે. આ પાળિયામાં ડાબી બાજુના સતીના પાળિયા નીચેના લેખમાં વિક્રમ સંવત ૧૭૭૦ (ઈ.સ. ૧૭૧૪)ની સાલ કોતરવામાં આવી છે. સાથે શાકે ૧૬૩૫ (ઈ.સ. ૧૭૧૩)ની સાલ પણ દર્શાવવામાં આવી છે. આમ શક અને વિક્રમ બંને સંવતનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જમણી બાજુના સતીના પાળિયા નીચે વિક્રમ સંવત ૧૭૧૮ (ઈ.સ. ૧૬૬૨)ની સાલ કોતરવામાં આવી છે. આ સતીના પાળિયાની આગળ શિવલિંગ આવેલું છે.

સતીના આ પાળિયાનો પથ્થર રેતિયાળ છે. ૮૦ x ૬૦ સે.મી. ઊંચાઈ, પહોળાઈ ધરાવતા એક પથ્થર પર બે શિલ્પની કોતરણી કરવામાં આવી છે. શિલ્પમાં પારંપરિક રીતે સતીના જમણા હાથ કંડારવામાં આવ્યા છે. પાળિયાના ઉપરના ભાગે સૂર્ય અને ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. તકતી હાલમાં મારવામાં આવી હોવાથી લેખ સંપૂર્ણ વંચાય છે. આ સતી મંદિર અહીંના દવે બ્રાહ્મણ પરિવાર દ્વારા બનાવવામાં આવ્યું છે. લેખ પરથી માહિતી મળે છે કે પોતાના પતિના કુદરતી અવસાનથી તેની પાછળ તેની પત્ની સતી થઈ છે. આ પરથી સતીપ્રથાની પકડ કેટલીક જ્ઞાતિમાં હશે તે સમજી શકાય છે. બંને પાળિયાની સાલ વચ્ચે અંતર છે. આથી એક પાળિયો પછીથી કે બંને પાળિયાઓ લાંબા સમય પછી મંડાયા હશે તેમ જણાય છે.

આ સતી મંદિરની વ્યવસ્થા માટે સતિમાતા મંદિર ટ્રસ્ટ બનાવવામાં આવ્યું છે. આ ટ્રસ્ટ દ્વારા મંદિર અંગેની બધી વ્યવસ્થા કરવામાં આવે છે. આ મંદિરમાં સતીપ્રથા અને મંદિરના જીર્ણોદ્ધારને લગતા ચિત્રો દર્શાવવામાં આવ્યા છે. આમાંના એક ચિત્રમાં સ્ત્રીને પોતાના પતિનું શબ ખોળામાં લઈ ચિતા પર બેસી સતી થતી દર્શાવવામાં આવી છે. ચિતા ફરતે બ્રાહ્મણો ઊભા

છે. આ બ્રાહ્મણો કોઈ મંત્ર બોલી રહ્યા હોય તેમ જણાય છે. સમિતિ અને કુટુંબીઓ દ્વારા આજે પણ પૂજા વિધિ અને વ્યવસ્થા જાળવવામાં આવે છે. આ સતી મંદિરનો જીર્ણોદ્ધાર વિક્રમ સંવત ૧૯૮૯માં કરવામાં આવ્યો છે. વાળુકડિયા બ્રાહ્મણોમાં આ સતીમાતા પૂજાય છે. ચિત્રમાં સતી થતી સ્ત્રીની ચિતા પાસે કેટલાંક લોકો ઢોલ, નગારા વગાડતા દર્શાવવામાં આવ્યા છે. આ સમગ્ર ચિત્ર પરથી સતીપ્રથાની જે માનસિકતા પ્રાચીન કાળમાં હતી તે જ જોવા મળે છે. આ ચિત્ર સતી થવાની રીત અને સમાજની સતી પ્રત્યેની માન્યતા પર દૃષ્ટિપાત કરે છે. સતીપ્રથા તો નાબૂદ થઈ છે. તેના પ્રત્યેની ભાવના આવા સતી સ્મારકો દ્વારા વ્યક્ત થતી જોવા મળે છે. (ફોટોગ્રાફ-૬)

વિક્રમ સંવત ૧૭૪૮ (ઈ.સ. ૧૬૯૨)ની સાલ દર્શાવતો પાળિયો તળાજાના અલંગમાં આવેલો છે. રેતિયાળ પથ્થરનો અશ્વારૂઢનો આ પાળિયો છે. અહીંના અન્ય એક પાળિયામાં સંવત ૧૭૪૮ (ઈ.સ. ૧૬૯૨) વંચાય છે. બીજા એક અશ્વારૂઢના પાળિયા પર વિક્રમ સંવત ૧૮૧૭ (ઈ.સ. ૧૭૬૧) ની સાલ કોતરવામાં આવી છે.

ઘોઘામાં ગુંદી નામનું ગામ આવેલું છે. આ ગામમાંથી વિક્રમ સંવત ૧૭૫૪ (ઈ.સ. ૧૬૯૯)ની સાલના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે.[૬૭] તળાજા નજીકના દીહોરમાં ઈ.સ. ૧૭૦૧ના વર્ષના લેખની માહિતી પ્રાપ્ત થાય છે. આ લેખ દીહોરમાં હમીરજી ગોહિલની દેરી પર નોંધવામાં આવ્યો છે. વિક્રમ સંવત ૧૭૫૭ (ઈ.સ. ૧૭૦૧)ના હમીરજીની પાછળ દેરી બાંધવામાં આવી છે તેમ જાણકારી મળે છે.[૬૮] સંસ્કૃત બાલબોધ લિપિનો આ લેખ છે. ઉલ્લેખનીય છે કે અહીં નજીકમાં હમીરપરા ગામ આવેલ છે. આ હમીરજી ગોહિલ કયા હતા તે જાણકારી પ્રાપ્ત થતી નથી.

ઘોઘાના વાળુકડમાં આવેલા એક પાળિયા પર વિક્રમ સંવત ૧૭૭૦ (ઈ.સ. ૧૭૧૪)ના વર્ષનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. વાળુકડમાં ખરકડી રોડ પર આવેલા પાળિયા સમૂહમાં આ પાળિયો આવેલો છે. પુરુષના બે પાળિયા ઊભા છે, જેમાં એકનું માપ ૩૪ x ૧૦૦ અને બીજાનું ૪૪ x ૮૦ સે.મી. છે. આ બંને પાળિયા રેતિયાળ પથ્થરના છે. એક પાળિયામાં ઘોડેસવારનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. બીજા પાળિયામાં પદાતિનું શિલ્પ છે. પદાતિના પાળિયામાં ભાલા અને ઢાલ સાથે સૈનિક ઊભો છે. કમર પર તલવાર લટકે છે. આ પાળિયા ઉપર સંવત ૧૭૭૦ એટલું જ વંચાય છે. નોંધનીય છે કે પદાતિના પાળિયાઓ પ્રાચીન માનવામાં આવે છે. આ વાળુકડમાં વિશાળ પાળિયા સમૂહ આવેલો છે. તેમાંના મોટાભાગના પાળિયાઓ જીર્ણ અવસ્થામાં છે. આ પાળિયાઓ ઘણા પ્રાચીન હોય તેમ જણાય છે. પણ તેના પરથી કોઈ લેખ પ્રાપ્ત થયો ન હોવાથી તેની પ્રાચીનતા સિદ્ધ થઈ શકતી નથી. ગંગનાથ મહાદેવના પટાંગણમાં પણ પાળિયા સમૂહ આવેલો છે. અહીંના પાળિયાઓ પણ જીર્ણ અવસ્થામાં છે. અમૂક પાળિયા માટે ઓટો અને જાળી બાંધવામાં આવી છે. મોટાભાગના પાળિયા પથ્થરના ઢગના રૂપમાં પડ્યા છે. આ

પાળિયાઓ વિશે અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. ગામમાં થયેલ કોઈ ધીંગાણામાં કે પાળમાં કામ આવેલાના આ પાળિયાઓ છે તેવી જાણકારી લોકો પાસેથી પ્રાપ્ત થાય છે. આમાંના કેટલાંક પાળિયા સૂરધન તરીકે પૂજાય છે. જ્યારે મોટાભાગના કોઈ પણ ઓળખ વગર ઊભા છે. કેટલાંક ભગ્ન અને દટાયેલા જોવા મળે છે.

૪.૨.૧૩ જૂના પાદરના પાળિયા :

જૂનાપાદર એ ઘોઘા તાલુકામાં આવેલું ગામ છે. આ ગામની ઉત્તરે કોળીની વાડીમાં ૩૦ જેટલા પાળિયાઓ આવેલા છે. આ બધા પાળિયાઓ એક લાંબી હરોળમાં ઊભા છે. આમાંના એક પાળિયા પર સંવત ૧૭૮૩ (ઈ.સ. ૧૭૨૭) મિતિ વંચાય છે. આ પાળિયો રેતિયાળ પથ્થરનો છે. પાળિયાનું માપ ૩૦ x ૭૫ સે.મી. જેટલું છે. પાળિયા શિલ્પમાં ઘોડેસવારના હાથમાં ઢાલ અને ભાલો છે. કમરે તલવાર છે. લેખમાં મનુભાઈ એટલું વંચાય છે. (ફોટોગ્રાફ-૭) અન્ય એક પાળિયામાં દુલેરા એટલું વંચાય છે. અહીંના બે પાળિયા ૧૦૦ x ૧૧૦ સે.મી. જેટલી ઊંચાઈ ધરાવે છે. પરંપરાગત શિલ્પ ધરાવતા આ પાળિયામાંથી એકમાં ઘોડેસવારના હાથમાં ભાલો અને ઢાલ છે. બીજામાં પદાતિના હાથમાં ભાલો અને ઢાલ કોતરાયા છે. નીચે લેખ છે, જે સ્પષ્ટ વાંચી શકાય તેમ નથી. આ પાળિયાઓ કુંભાર, કોળી, દુલેરા વગેરેના છે તેમ જાણવા મળે છે. પાળિયા સમૂહમાં પારેવા પથ્થરના પાળિયાઓ પણ આવેલા છે.

આ બધા કોઈ પાળમાં ખપેલાના પાળિયા છે તેવી લોકોક્તિ જણાય છે. તેના અંગે અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. આમાંના મોટાભાગના પાળિયાઓ જીર્ણ થયેલાં છે. રેતિયાળ પથ્થરના પાળિયાના શિલ્પો ઘસાઈને નષ્ટ પામ્યા છે. આ પાળિયાનો ઉપયોગ ઢોરની ગમાણ તરીકે થઈ રહ્યો છે. ઢોરને બાંધવાના ખીલાની જેમ તેમની સાથે સાંકળ અને દોરીઓ બાંધવામાં આવે છે. આથી તેના પર ઘસારાનું પ્રમાણ વધી ગયું છે. આ બધા પાળિયાઓ પૂર્વમુખ આવેલા છે. મોટાભાગનાની હાલની તેની સ્થિતિ મૂળ સ્થિતિ જ હશે તેવું લાગે છે. જોકે કેટલાંક અન્યત્રથી લાવીને અહીં લાઈનમાં માંડવામાં આવ્યા છે.

પદાભાઈની વાડીમાં એક દેરીમાં પૂર્વમુખ ઠેશ પ્રકારની ખાંભી બેસાડવામાં આવી છે. આ ખાંભી દરબારના સૂરધનની છે. તેઓ તેની પૂજા કરે છે. કુટુંબ દ્વારા પાળિયા પર દેરી બાંધવામાં આવી છે. તેના અંગે વધારે માહિતી પ્રાપ્ત નથી. જૂનાપાદરમાં બીજા એક વાડીમાં નાના ટેકરા પર દસ પાળિયાઓ કાઢી નાખેલ હાલતમાં છૂટાછવાયા પડ્યા છે. આ બધા પાળિયાઓ લાલ રેતિયાળ પથ્થરના છે. બધા પાળિયાઓ ઘોડેસવારનું પરંપરાગત શિલ્પ ધરાવે છે. ઉપર સૂર્ય અને ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. અહીં ઘણા પાળિયાઓને જમીનમાં દાટી દેવામાં આવ્યા છે. કેટલાંક પાળિયાઓ પાણીમાં પધરાવી દેવામાં આવ્યા છે. આ પાળિયા પરના લેખો નષ્ટ થઈ ગયા છે, આથી તેના અંગે કોઈપણ જાણકારી મળી શકતી નથી. આ પાળિયાની સ્થિતિ

જોતા ઘણા પ્રાચીન હશે તેમ લાગે છે. ગામમાં સૂરધનોની ખાંભીઓ જોવા મળે છે. શિકોતરની પણ બે ત્રણ ખાંભીઓ જોવા મળે છે.

મહુવાના કળસારમાં વિક્રમ સંવત ૧૭૮૯ (ઈ.સ. ૧૭૩૩)ના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. આ પાળિયાલેખમાં ચાવડા નાગદાન માલપુરા નાગજીનો દીકરો કોટડામાં થયેલ લડાઈમાં મૃત્યુ પામ્યો તેવી માહિતી આપવામાં આવી છે.[૬૯] સંસ્કૃત બાલબોધ લિપિમાં આ લેખ કોતરાયેલો હતો. લેખ અંગેની માહિતી ભાવનગર પ્રાચીન શોધસંગ્રહમાંથી પ્રાપ્ત થાય છે. હાલના સમયે આ પાળિયાની કોઈ માહિતી પ્રાપ્ત થઈ શકી નથી.

ગઢડામાં જીવા ખાચર અને સંકર મેમણની કથા પ્રાપ્ત થાય છે. આ જીવા ખાચરનો પાળિયો લાખણકાના પાદરે દર્શાવવામાં આવે છે. હાલ તો તેની ઓળખ થઈ શકતી નથી. આ ઘટના ઈ.સ. ૧૭૩૯ની માનવામાં આવે છે. સંકર મેમણની ખાંભી પણ લાખણકાના પાદરે હતી તેમ જાણવા મળે છે. ઉનડ ખાચરે ભડલીના રાકાન પાસેથી ગઢડા જીત્યું હતું. આ ઉનડ ખાચરના અવસાન પછી જીવા ખાચર ગઢડાના કાઠીઓના સરદાર બન્યા હતા. એક વખત જ્યારે બધા કાઠીઓ શિકારે ગયા હતા તે સમયે જીવા ખાચર એકલા જ ગઢડામાં હતા. આ તકનો લાભ લઈને ભડલીના સરવૈયાઓ કેટલાંક માણસો સાથે લાખણકા પર ચડી આવ્યા. આ ચડાઈના સમાચાર ગઢડા જીવા ખાચરને મળતા તે તેના મિત્ર સંકર મેમણ અને આવેલ મહેમાન ભોળા ગોવાળિયા અને તેનો પુત્ર સાથે લઈ લાખણકા આવ્યા. તેમણે લાખણકા જઈ સરવૈયાઓના ઘણા સૈનિકોને માર્યા. આ લડાઈમાં જીવા ખાચર અને સંકર મેમણ તેમના મહેમાન ભોળો ગોવાળિયો અને તેનો પુત્ર કામ આવી ગયા.[૭૦] આ બધાની ખાંભીઓ લાખણકાના પાદરે હતી તેવી જાણકારી પ્રાપ્ત થાય છે.

આજે લાખણકાના પાદરે આઠ-દસ છુટાછવાયા પાળિયાઓ આવેલા છે. ગઢડાને પાદર પણ પાળિયાઓ આવેલા છે. જેમાંથી આ પાળિયાની ઓળખ થઈ શકી નથી. લાખણકામાં આવેલા પાળિયાઓમાં કોઈ શિલ્પ સ્પષ્ટ જણાતા નથી. આ પાળિયાઓ પોતાની ઓળખ ગુમાવી બેઠા છે. પાળિયાની સ્થિતિ જોતાં તે ઘણા જૂના સમયના જણાય છે. બની શકે કે આમાંથી કોઈ ખાંભી જીવા ખાચર અને સંકર મેમણની હોય. આ લડાઈ પાછળ એક દંતકથા પણ આલેખાય છે.

આ પછીના સમયના વિક્રમ સંવત ૧૭૯૭ (ઈ.સ. ૧૭૪૧)ના પાળિયાની નોંધ મહુવા પાસેના કળસાર પાસેથી મળે છે. આ પાળિયામાં વાજા અખેરાજજી રાયસિંહજીના અવસાન અંગેની નોંધ મળે છે.[૭૧] સંસ્કૃત બાલબોધ લિપિનો આ પાળિયો છે. ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં એક સમયે વાજાઓની સત્તા હતી. પાળિયાલેખમાં મૃત્યુનું કારણ જણાવાયું નથી.

ભાવનગરના કોળિયાકમાંથી વિક્રમ સંવત ૧૮૦૦ (ઈ.સ. ૧૭૪૪)ના પાળિયાની માહિતી પ્રાપ્ત થાય છે. સોલંકી વશરામનો આ પાળિયો છે. આ માહિતી તેના પરના લેખથી મળે છે. આ

જ પાળિયા પર બીજી વિક્રમ સંવત ૧૭૯૯ની મિતિ પણ લખવામાં આવી છે. તે કયા અનુસંધાનમાં છે તે સમજી શકાતું નથી. આ પાળિયાનો લેખ થોડો ઉકલે તેવી સ્થિતિમાં જળવાયો છે. અહીંના પાળિયા સમૂહમાં વિક્રમ સંવત ૧૮૦૧ (ઈ.સ. ૧૭૪૫)ની સાલ ધરાવતો પાળિયો જોવા મળે છે. ઘોડેસવારના આ પાળિયામાં ગાયોનું રક્ષણ કરતા મરાયાની માહિતી પ્રાપ્ત થાય છે.

પછીના ગાળામાં તળાજાના અલંગમાં વિક્રમ સંવત ૧૮૧૭ (ઈ.સ. ૧૭૬૧)ના વર્ષનો પાળિયો જોવા મળે છે. રેતિયાળ પથ્થરનો આ પાળિયો જીર્ણ થયેલો જણાય છે. આ પાળિયા પર ફક્ત વર્ષ વાંચી શકાય છે. અન્ય લેખ ઉકલે તેવી સ્થિતિમાં નથી. પાળિયામાં ઘોડેસવારનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. હાથમાં ભાલો અને ઢાલ છે. ઉપર સૂર્ય અને ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. આ પાળિયા વિશે અન્ય કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી.

તળાજાના પાણિયાળીમાં વિક્રમ સંવત ૧૮૨૦ (ઈ.સ. ૧૭૬૪)ના વર્ષનો પાળિયો આવેલો છે. આ પાળિયા પરનો સાલ સિવાયનો લેખ ઉકલે તેવી સ્થિતિમાં નથી. રેતિયાળ પથ્થરના આ પાળિયા પર અશ્વારૂઢનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. સવારના હાથમાં ભાલો અને ઢાલ છે. ઉપર સૂર્ય અને ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. પાળિયો પૂર્વાભિમુખ માંડવામાં આવ્યો છે.

ઝાંઝમેરના એક પાળિયામાં વિક્રમ સંવત ૧૮૨૦ (ઈ.સ. ૧૭૬૪)ની સાલ કોતરવામાં આવી છે. રેતિયાળ પથ્થરનો આ પાળિયો પૂર્વાભિમુખ છે. ઘોઘાના કુકડમાં ગામના પાદરમાં ત્રીસ જેટલા પાળિયા આવેલા છે. એક પાળિયામાં વિક્રમ સંવત ૧૮૧૯ (ઈ.સ. ૧૭૬૩)ની સાલ વંચાય છે. આ પાળિયાનો પથ્થર રેતિયાળ છે. મહુવાના બિલડીમાં વિક્રમ સંવત ૧૮૩૩ (ઈ.સ. ૧૭૭૭)ની સાલ ધરાવતો પાળિયો આવેલો છે. અહીં સતીના પાળિયાઓ પણ જોવા મળે છે. ગારિયાધારના એક પાળિયા ઉપર વિક્રમ સંવત ૧૮૪૨ (ઈ.સ. ૧૭૮૬)નું વર્ષ કોતરવામાં આવ્યું છે. રેતિયાળ પથ્થરનો આ પાળિયો અશ્વારૂઢનું શિલ્પ ધરાવે છે. પછીના સમયનો ભાવનગરના કોળિયાકમાં વિક્રમ સંવત ૧૮૪૩ (ઈ.સ. ૧૭૮૭)ના વર્ષની નોંધ આપતો પાળિયો જોવા મળે છે. અહીંના અન્ય એક પાળિયામાં વિક્રમ સંવત ૧૮૫૬ (ઈ.સ. ૧૮૦૦)ની સાલ વંચાય છે. ઘોઘામાં આવેલા પાળિયામાં વિક્રમ સંવત ૧૮૫૦ (ઈ.સ. ૧૭૯૪)ને આસો વદ એટલું વંચાય છે. આ પાળિયો પદાતિનો છે. ઘોઘાના બીજા એક પાળિયામાં સંવત ૧૮૮૯ (ઈ.સ. ૧૮૩૩) એટલું વંચાય છે.

બોટાદના તુરખામાં વિક્રમ સંવત ૧૮૯૭ (ઈ.સ. ૧૮૪૧)ના વર્ષનો પાળિયો આવેલો છે. આ તુરખામાં ટેકરા ઉપર ચામુંડા માતાના મંદિરની પાછળ ત્રીસ જેટલા પાળિયાઓ આવેલા છે. અહીંના મોટાભાગના પાળિયાઓ ભગ્ન અવસ્થામાં છે. આ પાળિયાઓનો અડધા કરતા વધારે ભાગ જમીનમાં દટાઈ ગયો છે. ઉગાબાપુ ખાચરની ખાંભી હાલના સમયમાં જ માંડવામાં આવી છે. લાલ પથ્થર પર આ પાળિયો કોતરવામાં આવ્યો છે. તુરખાના ખાચરના તે સૂરધન છે તેવી

જાણકારી મળે છે. તેના અંગે અન્ય કોઈ માહિતી નથી. તેઓ માતાજીના ભક્ત હતા તેમ જાણકારી મળે છે. ઝીંઝાવદરમાં વિક્રમ સંવત ૧૯૦૫ (ઈ.સ. ૧૮૪૯)ના વર્ષનો પાળિયો આવેલો છે. ઘોઘાના જૂનાપાદરમાં વિક્રમ સંવત ૧૯૧૨ (ઈ.સ. ૧૮૫૬)ની સાલનો પાળિયો જોવા મળે છે.

૪.૨.૧૪ ડુંડાસનો પાળિયો :

મહુવાના ડુંડાસમાં વિક્રમ સંવત ૧૯૧૨ (ઈ.સ. ૧૮૫૬)ના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. આ પાળિયો કમળપૂજાનો છે. તેમણે વાછરા સોલંકી પાછળ ભક્તિથી કમળપૂજા કરી હતી તેવી લોકોક્તિ પ્રાપ્ત થાય છે. આ પાળિયા પર અભિલેખ છે, જેમાં સોલંકી રજપૂત અરજણ એવું નામ વંચાય છે. પારેવા પથ્થરનો આ પાળિયો ડુંડાસમાં એક નાની દેરીમાં માંડવામાં આવ્યો છે. તેની પાછળ તેની પત્ની બાઈ અવલ સતી થઈ હતી તેનો પાળિયો પણ તેની બાજુમાં માંડવામાં આવ્યો છે. આ પાળિયાની પૂજાવિધિ વગેરે થાય છે. ભક્તિભાવથી પ્રેરાઈને પણ લોકો પોતાના પ્રાણ આપતા તે આ પાળિયા પરથી સમજી શકાય છે. આ પાળિયાનું શિલ્પ વિશિષ્ટ એવું કમળપૂજાનું શિલ્પ છે. સતીના પાળિયામાં પણ સમગ્ર શિલ્પ કોતરવામાં આવ્યું છે. આ બંને પાળિયા વાછરા સોલંકીના મંદિરની બાજુમાં જ માંડવામાં આવ્યા છે. (ફોટોગ્રાફ-૧૦)

૪.૨.૧૫ પાલિતાણાના પાળિયા :

પછીના ગાળામાં પાલિતાણામાં ઈ.સ. ૧૮૬૧ની સાલના ખોડાજી વાળાના પાળિયાની માહિતી મળે છે. હાલ પણ તેમનો પાળિયો પાલિતાણામાં આવેલો છે. પાલિતાણામાં ખોડાજી વાળાના લગ્ન લેવાના હતા. તેઓ મીંઢોળબંધા હતા અને વેલ દીહોર ગામે કન્યા લેવા ગઈ. આ વખતે પાલિતાણામાં કાઠીઓએ હુમલો કર્યો. આ હુમલો ઓચિંતો થતા મીંઢોળબંધા ખોડાજી વાળા હુમલાખોરો ઉપર તૂટી પડ્યા. આ લડાઈમાં પાલિતાણાના ભૈરવનાથ ચોકમાં ખોડાજી વાળાનું માથું કપાયું અને ધડ લુવારવાવ સુધી લડતું રહ્યું તેવી દંતકથા છે. પાલિતાણાના ભૈરવનાથ ચોકમાં ખોડાજી વાળાનો પાળિયો છે. તેની સાથે બીજા બે પાળિયા ભાવસિંહજી ગોહિલ અને સરતાનસિંહજી ગોહિલના છે. લુવારવાવમાં પણ ખોડાજીનું સ્થાનક છે. ત્યાં આરસની પ્રતિમા ઘોડેસવારની બનાવવામાં આવી છે. આ ખોડાજીના લાકડાના ફળાને સોને મઢી મહુવાના દરબારગઢમાં તેમના વારસદારોના મકાનમાં રાખવામાં આવ્યો છે.[૭૨] પાલિતાણામાં તેના પાળિયા પર નવી જાળીબંધ મોટી દેરી બનાવવામાં આવી છે. તેમાં આ ત્રણે પાળિયાઓ માંડવામાં આવ્યા. આ ખોડાજી સાથે કબંધ યુદ્ધની કથા સંકળાયેલી છે. ખોડાજીના આ પાળિયામાં ઘોડેસવારનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. પાળિયો રેતિયાળ પથ્થનો છે. ઉપર સૂર્ય અને ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. ઘોડેસવારના હાથમાં ઢાલ અને તલવાર છે. બાજુમાં આવેલ સરતાનજી ઠાકોરના પાળિયામાં પણ ઘોડેસવારનું પરંપરાગત શિલ્પ કોતરવામાં આવ્યું છે. તેમનો પાળિયો પ્રમાણમાં મોટા પથ્થરમાંથી બનાવવામાં આવેલો છે. ત્રણે પાળિયા નીચે

લેખ છે. આ લેખમાં ફક્ત ગોહિલ વંચાય છે. આજે પણ આ પાળિયાઓ નદી કિનારે જોવા મળે છે. તેમની પૂજાવિધિ વગેરે થાય છે. (ફોટોગ્રાફ-૮)

બોટાદના સરવઈમાં વિક્રમ સંવત ૧૯૧૫ (ઈ.સ. ૧૮૫૯)ના વર્ષનો પાળિયો આવેલો છે. બોટાદના નાગલપર અને જોટીંગડા વચ્ચે એક તળાવના કિનારે વિક્રમ સંવત ૧૯૧૯ (ઈ.સ. ૧૮૬૩)ના વર્ષનો પાળિયો જોવા મળે છે. અહીં બીજા પાળિયાઓ પણ આવેલા છે. ઘોઘાના મોરચંદમાં વિક્રમ સંવત ૧૯૧૯ (ઈ.સ. ૧૮૬૩)નો પાળિયો આવેલો છે. અહીં સતીનો પાળિયો આવેલો છે. બોટાદના પાળિયાદમાં વિક્રમ સંવત ૧૯૨૨ (ઈ.સ. ૧૮૬૬)ના વર્ષનો પાળિયો આવેલો છે. તળાજાના પાણિયાળીમાં વિક્રમ સંવત ૧૯૨૭ (ઈ.સ. ૧૮૭૧)ની સાલ દર્શાવતો પાળિયો આવેલો છે. પાળિયાદમાં વિક્રમ સંવત ૧૯૩૪ (ઈ.સ. ૧૮૭૮)ના વર્ષનો ઉલ્લેખ ધરાવતો સૂરધનનો પાળિયો આવેલો છે. ભાવનગરના કોળિયાકમાં વિક્રમ સંવત ૧૯૩૮ (ઈ.સ. ૧૮૮૨)ના વર્ષનો પાળિયો જોવા મળે છે. અહીં જ બીજો વિક્રમ સંવત ૧૯૪૦ (ઈ.સ. ૧૮૮૪)ના વર્ષનો પાળિયો આવેલો છે.

તળાજાના પીથલપરમાં વિક્રમ સંવત ૧૯૪૩ (ઈ.સ. ૧૮૮૯)ની સાલ કોતરેલ પાળિયો આવેલો છે. બોટાદના પાળિયાદમાં વિક્રમ સંવત ૧૯૫૩ (ઈ.સ. ૧૮૯૭)ના વર્ષનો પાળિયો જોવા મળે છે. કોળિયાકના એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૫૪ (ઈ.સ. ૧૮૯૮)ના વર્ષની નોંધ છે. પાળિયાદમાં વિક્રમ સંવત ૧૯૫૯ (ઈ.સ. ૧૯૦૩)ના વર્ષનો પાળિયો છે. ઘોઘાના પડવામાં વિક્રમ સંવત ૧૯૭૦ (ઈ.સ. ૧૯૧૪)નું વર્ષ ધરાવતો પાળિયો આવેલો છે. પાળિયાદના એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૮૩ (ઈ.સ. ૧૯૨૭)નું વર્ષ કોતરવામાં આવ્યું છે. તળાજાના જૂનારાજપરામાં વિક્રમ સંવત ૧૯૮૬ (ઈ.સ. ૧૯૩૦)ના વર્ષનો પાળિયો આવેલો છે. અહીંના અન્ય એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪)નું વર્ષ જણાય છે. ગઢડાના ગુંદાળામાં વિક્રમ સંવત ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪)ની સાલના પાળિયા જોવા મળે છે. રાજપરના પાળિયામાં વિક્રમ સંવત ૧૯૯૬ (ઈ.સ. ૧૯૪૦)નું વર્ષ દર્શાવવામાં આવ્યું છે. અન્ય એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)નું વર્ષ કોતરવામાં આવ્યું છે. પાળિયાદમાં વિક્રમ સંવત ૧૯૯૧ (ઈ.સ. ૧૯૩૫)ના વર્ષના પાળિયાઓ જોવા મળે છે.

જૂનારાજપરાના પાળિયામાં વિક્રમ સંવત ૧૯૯૮ (ઈ.સ. ૧૯૪૨)ના વર્ષનો ઉલ્લેખ થયેલો છે. પાળિયાદમાં વિક્રમ સંવત ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)ના વર્ષના પાળિયાઓ આવેલા છે. અહીં વિક્રમ સંવત ૨૦૦૧ (ઈ.સ. ૧૯૪૫)ની સાલ ધરાવતો પાળિયો જોવા મળે છે. વિક્રમ સંવત ૨૦૦૮ (ઈ.સ. ૧૯૫૨)ના વર્ષની ખાંભી પણ અહીં આવેલી છે. આમ, ભાવનગર જિલ્લામાં આવેલા પાળિયાઓની તવારીખ સળંગ આઝાદીના સમય સુધી પ્રાપ્ત થાય છે. ત્યાર પછીના ગાળામાં પણ પરંપરાગત રીતે પાળિયાઓ મૂકાતા આવ્યા છે. આ બધા પાળિયાઓ સૂરધન તરીકે જ મૂકાયા છે. અત્યારના આ પાળિયાઓ સાથે વીરગતિની ભાવના સંકળાયેલ નથી.

ગઢડાના ગુંદાળામાં વિક્રમ સંવત ૨૦૦૬ (ઈ.સ. ૧૯૫૦)ના વર્ષનો ખાચરનો પાળિયો જોવા મળે છે. તળાજાના કુંડવીમાં વિક્રમ સંવત ૨૦૨૬ (ઈ.સ. ૧૯૭૦)ના વર્ષનો પાળિયો આવેલો છે. આ પાળિયો રબારીનો છે. તળાજામાં ઈ.સ. ૧૯૭૮માં પોલીસ ગોળીબારમાં મરાયેલ બહાદુરસિંહનો પાળિયો આવેલો છે.[૭૩] મહુવાના રોહીસામાં સંવત ૨૦૬૩ (ઈ.સ. ૨૦૦૭) ફાગણ સુદ ને રવિવારનો પાળિયો જોવા મળે છે. આધુનિક કહી શકાય તેવો આ સૂરધનનો પાળિયો છે. તેના પર પાકો કલર કરી ડિઝાઈન બનાવવામાં આવી છે. પાળિયાનું શિલ્પ પરંપરાગત છે. આમ, આજના સમયમાં પણ આ પાળિયા માંડવાની પ્રથા જોવા મળે છે. અકસ્માતે મરાયેલાની ખાંભીઓ સૂરધન તરીકે માંડવામાં આવે છે. આજના સૂરધનની ખાંભીઓમાં પહેલાના પાળિયાની વીરત્વની ભાવના રહી નથી. અમુક જાતિઓમાં કોઈ પણ વ્યક્તિ અવસાન પામે તો તેનો પાળિયો ઊભો કરી દેવામાં આવે છે. જોકે મોટાભાગના સમાજમાંથી આ પ્રથા અસ્ત થયેલી જણાય છે. છતાં કોઈ ભાવનાઓથી પ્રેરાઈને આવા સૂરધનો બેસાડવામાં આવતા હોય છે.

આમ, ભાવનગર જિલ્લામાં ૧૦મી સદીથી લઈને ૨૧મી સદી સુધીના પાળિયાઓ જોવા મળે છે. જિલ્લાના દરેક ગામના પાદરે આ પાળિયાઓ જોવા મળી જાય છે. આ પાળિયાઓના લેખો નષ્ટ થયા છે, આથી તેના અંગે વધારે માહિતી મેળવી શકાતી નથી. જૂના પાળિયાઓ વસ્તી, ગામ, વિસ્તાર વધતા ખસેડી દેવામાં આવ્યા છે. જમીનમાં દાટી દેવાયા છે કે પાણીમાં પધરાવી દેવામાં આવ્યા છે. આમ, આ પાળિયાનો નાશ થવા પામ્યો છે. છતાં કોઈ જગ્યાએ આવા પ્રાચીન પાળિયાઓ જળવાયેલા જોવા મળે છે. આમાં પણ લેખ વગેરે નષ્ટ પામ્યા હોવાથી એક પથ્થરના શિલ્પ તરીકે જ તેનું મહત્ત્વ રહ્યું છે. અન્ય કોઈ માહિતી તેનાથી મેળવી શકાતી નથી. આવા પાળિયાઓ જે શિલ્પ તરીકે જળવાયા છે તેની સંખ્યા જિલ્લામાં મોટા પ્રમાણમાં છે. આ બધા પાળિયાઓની શિલ્પ કે અવશેષની દૃષ્ટિએ માહિતી લેવી રહી. આમ, જિલ્લાના પાળિયાની સાલવારી ઉપર મુજબ જોઈ શકાય છે. આ બધા પાળિયાઓમાં પાળિયાલેખ, તેની સાલ અને તેની સાથેની ઘટનાની માહિતી પ્રાપ્ત થતી હોય એવા પાળિયાની સંખ્યા ખૂબ ઓછી છે. આની સામે જેની કોઈપણ પ્રકારની વિગતો પ્રાપ્ત નથી તેવા પાળિયાઓની સંખ્યા વધારે છે. આ બધા પાળિયાઓએ પોતાની ઓળખ ગુમાવી દીધી છે. આમ છતાં જનમાનસમાં તેમના પ્રત્યેની ઉચ્ચ ભાવના રહેલી છે. પાળિયા સાથે સમાજની ધાર્મિકતા અને પૂર્વજો પ્રત્યેની આદરની ભાવના રહેલી છે. સામાન્ય લોકોને પાળિયાની ઘટના, તેનું શિલ્પ, તેની પ્રાચીનતા સાથે ખાસ લેવાદેવા નથી, તેના માટે તો આ બધા પાળિયાઓ પૂર્વજોના જ છે, જે પૂર્વજો સમાજ માટે ઉમદા કાર્ય કરી ગયા છે. શિકોતરો અને સૂરધનોના પાળિયા સાથે પૂર્વજોને માન આપવાની ભાવના રહેલી છે. આમ આ બધી માન્યતાઓ સાથે આજે પણ આ પાળિયાઓ ટકી રહ્યા છે.

૪.૩ અન્ય પાળિયાઓ :

ભાવનગર જિલ્લાના ઘણા ગામડાઓના પાદરે પાળિયાઓના સમૂહ જોવા મળે છે. આ પાળિયાઓની શિલ્પ સ્થાપત્ય સિવાયની અન્ય માહિતી ઉપલબ્ધ થતી નથી. આમ છતાં પાળિયા સ્થાપત્યની દૃષ્ટિએ આ બધા પાળિયાઓની નોંધ લેવી જરૂરી બને છે. આ બધા પાળિયાની માહિતી આ પ્રમાણે આપી છે.

૪.૩.૧ અલંગના પાળિયા :

તળાજા તાલુકામાં અલંગનો સમાવેશ થાય છે. આ ગામમાં ભરવાડની વાડીમાં આઠ પાળિયાઓ એક ચોતરા પર માંડવામાં આવેલા છે. આ બધા પાળિયાઓ પુરુષોના છે. આમાંનો એક પાળિયો રથસવારનો છે. બીજા પાળિયાઓ અશ્વારૂઢના છે. આમાંના પાંચના હાથમાં તલવાર છે અને બીજા હાથમાં ઘોડાની લગામ પકડેલી જણાય છે. એક પાળિયામાં ઘોડેસવારના હાથમાં ભાલો અને ઢાલ છે. ઉપર સૂર્ય અને ચંદ્રના પ્રતીકો છે. આ બધા પાળિયાઓ રેતિયાળ પથ્થરના છે. આમાંનો એક પાળિયો ભરવાડ સાગાપા સૂરધનનો છે. એક પાળિયામાં વિક્રમ સંવત ૧૮૩ x એટલું વંચાય છે. અન્ય પાળિયામાં કોઈ લેખ જણાતો નથી. આ પાળિયાની નજીકમાં દીહોરા કોળીના સૂરધનોની ખાંભીઓ આવેલી છે. આ બધી ખાંભીઓ જીર્ણ થયેલી છે. આ પાળિયાનો પથ્થર રેતિયાળ છે. પાળિયાઓ પૂર્વમુખ માંડવામાં આવ્યા છે. ચાર પાળિયાઓનો અડધાથી વધારે ભાગ જમીનમાં દટાયેલો છે. પાળિયામાં ઘોડેસવારના શિલ્પો છે. હાથમાં ભાલો અને ઢાલ છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે.

અલંગના સ્મશાનમાં ૨૦ જેટલા પાળિયા આવેલા છે. આ બધા પાળિયાઓ રેતિયાળ પથ્થરના છે. આ પાળિયાઓ ગોહિલ દરબારના છે. પાળિયાની સ્થિતિ પરથી તે ઘણા પ્રાચીન હોય તેમ જણાય છે. એક પાળિયામાં ૧૭૪૮ વંચાય છે. બીજા એક પાળિયામાં ૧૮૧૭ વંચાય છે. આ પાળિયાઓ પરંપરાગત અશ્વારૂઢના શિલ્પો ધરાવે છે. કોઈના હાથમાં ભાલો અને ઢાલ છે, તો કોઈના હાથમાં તલવાર અને ઢાલ જણાય છે. બધા પાળિયામાં સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. અહીંના પાળિયા અંગે અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. કેટલાંક ઠેશ આકારના પાળિયાઓ અહીં આવેલા છે. મોટાભાગના પાળિયા સૂરધનોના છે તેવું જાણવા મળે છે.

૪.૩.૨ ઊંચાકોટડાના પાળિયા :

આ દરિયા કિનારે આવેલું સ્થળ છે. અહીં કાંઠા વિસ્તારના કોળીઓના પાળિયાઓ જોવા મળે છે. શિકોતરની ખાંભીઓ પણ આવેલી છે. વહાણવટીની ખાંભી અહીં જોવા મળે છે. વહાણવટીને ખારવાની દેવી માનવામાં આવે છે. તેને વહાણવટી શિકોતર કહેવામાં આવે છે. દરિયાકાંઠાનું ગામ હોવાથી આ વિસ્તારના દરિયો ખેડનાર લોકો આ વહાણવટીની પૂજા કરે છે. કેટલાંક કુટુંબોમાં વહાણવટીને કુળદેવી ગણી તેના નૈવેદ્ય કરવામાં આવે છે. અહીંના પાળિયા

સફેદ રેતિયાળ પથ્થરના છે. પાળિયામાં પારંપરિક અશ્વારૂઢનું શિલ્પ જોવા મળે છે. શિકોતરની ખાંભીમાં ત્રિશૂળ કોતરાયેલ જોવા મળે છે. ઘણા પાળિયાઓ જીર્ણ સ્થિતિમાં છે. અહીં ચામુંડા માતાનું પ્રાચીન મંદિર અને ખાંભી આવેલી છે. પાળિયા પરના લેખો અને પથ્થર દરિયાની અસરના કારણે ઘસાઈ ગયા છે.

૪.૩.૩ ઉમરાળાના પાળિયા :

ઉમરાળાના દરબારગઢમાં ગોપાલસિંહજી વાળાનો પાળિયો આવેલો છે. આ પાળિયો અણઘડ પથ્થરનો છે. ઉમરાળામાં નદીના સામે કાંઠે દ્રોણેશ્વર માહેશ્વર મૈત્રકકાલીન મંદિર છે. તેની નીચે દીવાલ પાસે વાળા રાજપૂતોના ચાર પાળિયા આવેલા છે. વાળા રાજપૂતો તેના કર કરે છે. આ પાળિયામાંથી કોઈ અભિલેખ પ્રાપ્ત થયા નથી. ઉમરાળાના ચિત્રાવાવમાં ચાર પાળિયાઓ આવેલા છે. આ પાળિયામાંથી કોઈ અભિલેખ પ્રાપ્ત થયો નથી. પાળિયાના શિલ્પમાં ઘોડેસવારના હાથમાં ભાલો અને ઢાલ છે. એક પાળિયામાં જ શિલ્પ છે બાકીના પાળિયામાં શિલ્પ જોવા મળતું નથી. એક પાળિયાનો પથ્થર રેતિયાળ અને બીજા ત્રણ પારેવા પથ્થરના પાળિયાઓ છે. આમાં ગોહિલ દરબાર હરિદાસજી બાજીનો પાળિયો છે તેમ જાણવા મળે છે. આ પાળિયા ગોહિલ દરબારમાં પૂજાય છે. એક ફરજામાં પાળિયા નવેસરથી માંડવામાં આવ્યા છે. જે દક્ષિણામુખ માંડવામાં આવ્યા છે. ગામના પાદરની વાડીમાં પણ કેટલાંક પાળિયાઓ આવેલા છે. આ પાળિયાઓ ભગ્ન સ્થિતિમાં છે.

૪.૩.૪ કતપરના પાળિયા :

મહુવા તાલુકામાં દરિયા કિનારે કતપર ગામ આવેલ છે. આ ગામમાં અઢળક પાળિયા આવેલા છે. રામજી મંદિર આજુબાજુ સો જેટલા પાળિયાનો સમૂહ આવેલો છે. આ પાળિયાઓમાં મોટાભાગના જમીનમાં દટાઈ ગયા છે. ફક્ત ટોચ જોવા મળે છે. અહીંના પાળિયા ડાબી જમણી બંને બાજુ અશ્વનું મુખ ધરાવે છે. આ પાળિયાઓ પૂર્વામુખ માંડવામાં આવ્યા છે. સતીના પાળિયાઓ પણ જોવા મળે છે. આ પાળિયાઓ પરંપરાગત અશ્વારૂઢનું શિલ્પ ધરાવે છે. સવારના હાથમાં તલવાર અને ઢાલ છે. અથવા લગામ પકડેલી જણાય છે. અમુકમાં સૂર્ય ચંદ્રના શિલ્પ પ્રતીકો કોતરાયા છે. કોઈમાં ફક્ત ચકરડા બનાવી દેવામાં આવ્યા છે. કેટલાંક વિશિષ્ટ પાળિયાઓ પણ છે જેની માહિતી આગળના પ્રકરણમાં આવશે.

કતપરમાં આવેલા આ પાળિયાઓ ઢાપા, બાભણિયા, બારૈયા, દૌણાસીયા, સોલંકી વગેરેના છે. આ પાળિયાઓ પરંપરાગત રીતે માંડવામાં આવ્યા છે. અહીંના લોકો માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. માછીમારી કરતા જે લોકો દરિયામાં ડૂબી ગયા છે તેમના પાળિયા પણ અહીં માંડવામાં આવ્યા છે. આ પાળિયાઓ રેતિયાળ પથ્થરના છે. એક-બે પારેવા પથ્થરના પાળિયા જોવા મળે છે. આ પાળિયાનો પથ્થર ખવાઈ ગયો હોવાથી મોટાભાગના

પાળિયા જીર્ણ થયેલા જણાય છે. કોઈ પાળિયામાંથી લેખ પ્રાપ્ત થયો નથી. લગભગ બધા પાળિયાનો લેખ સુધીનો ભાગ જમીનમાં દટાઈ ગયો છે. એક પાળિયામાં ઉપરના ભાગે જીવા એવું લખાણ મોટા અક્ષરે કોતરેલ છે. આ પાળિયાનો ફક્ત ટોચનો ભાગ બહાર છે. કતપરના આ પાળિયા સૂરધન તરીકે માંડવામાં આવ્યા છે. કોઈ લડાઈના પાળિયાઓ છે કે નહીં તેના વિશે જાણકારી મળતી નથી. સમગ્ર ગામમાં નાના નાના પાળિયા સમૂહો જોવા મળે છે. કેટલાંક તો માટીમાં દટાઈને ઢગલાના સ્વરૂપમાં ફેરવાઈ ગયા છે. દરિયામાં થયેલ લડાઈઓમાં મૃત્યુ પામનારના પાળિયા ગામમાં માંડવામાં આવતા તેવી જાણકારી મળે છે.

૪.૩.૫ કરમદિયાના પાળિયા :

મહુવાના કરમદિયામાં પાળિયાઓ આવેલા છે. અહીંના ડુંગરાળ વિસ્તારમાં કોઈ જાન લૂંટવામાં આવી હતી તેના પાળિયાઓ આવેલા છે. ગામની શાળા નજીક કેટલીક જીર્ણ થયેલ ખાંભીઓ જોવા મળે છે. શિકોતરનો ઓટો અહીં આવેલો છે. તેની પૂજાવિધિ કરવામાં આવે છે. આ બધા પાળિયા પારંપરિક શિલ્પ ધરાવે છે. કરમદિયાના આજુબાજુના માતલપર, મોણપર વગેરેમાં પાળિયાઓ જોવા મળે છે. મોણપરમાં સતીનો પાળિયો આવેલો છે. નજીકના ડુંગરપર, ખારી, ટીટોડિયા વગેરેમાં પાળિયાઓ જોવા મળે છે. આ વિસ્તાર ડુંગરાળ હોવાથી અવારનવાર લૂંટફાટો થતી. આ બધામાં મૃત્યુ પામેલાના પાળિયાઓ અહીં માંડવામાં આવ્યા છે તે પ્રકારની માહિતી પ્રાપ્ત થાય છે. કોળી, પલેવાળ, બ્રાહ્મણ, વાઘરી વગેરેના પાળિયાઓ જોવા મળે છે. તેમાંથી કોઈ લેખ કે અન્ય માહિતી પ્રાપ્ત થતી નથી.

૪.૩.૬ કુંડવીના પાળિયા :

તળાજાના કુંડવીમાં ગામના પાદરમાં આવેલા વાવ પાસે પુરુષના અઢાર પાળિયાઓ આવેલા છે. આ પાળિયા પૂર્વમુખ બેસાડવામાં આવ્યા છે. આ બધા પાળિયાઓ રેતિયાળ પથ્થરના છે. આ પાળિયાનું માપ ૫૦ x ૮૦, ૬૦ x ૬૦, ૫૨ x ૬૨, ૫૫ x ૬૧ સે.મી. જેટલું છે. આ ગામમાં રબારીઓની વસ્તી જોવા મળે છે. આ પાળિયાઓ રબારીના છે આથી આમાંના બે-ત્રણ પાળિયાને બાદ કરતા બધા પાળિયામાં ઊંટસવારનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. સવારના હાથમાં ભાલો અને બીજા હાથમાં દોરી પકડેલ જણાય છે. નોંધનીય છે કે રબારી, આહિર જેવા કાટિયા વરણના પાળિયામાં વાહન તરીકે ઘોડાના બદલે ઊંટનો ઉપયોગ કરવામાં આવે છે. અશ્વારૂઢનું શિલ્પ ધરાવતા પાળિયા પણ જોવા મળે છે. ઉપર સૂર્ય અને ચંદ્રના પ્રતીકો કોતરાયેલા જણાય છે. કોઈમાં લેખ ઉકલતો નથી. એકમાં વિક્રમ સંવત ૨૦૨૬ની સાલ કોતરવામાં આવી છે.

ભાડકીયા રબારીના ભગવાનઆતા અને દેવાઆતા રબારીના અને ચાવડાના પાળિયાઓ અહીં છે. આ પાળિયા પાછળ એક કથા છે. ગામ ગરાસની લડાઈમાં ગરાસ માટે

કુંડવી પર કોટડાના રબારીઓની પાળ ચડી આવી. આ બંને ચાર ચાર પાળ સામે ધીંગાણે ચડ્યા હતા. આ પાળને આ બંનેએ પાછી વાળી હતી. આ પાળિયા સમૂહમાં દેવાઆતાનો પાળિયો હતો, જે તેના વંશજો જામજોધપુર લઈ ગયા છે તેવી માહિતી પ્રાપ્ત થાય છે. કુટુંબીઓ ઘણી વાર પાળિયાનું સ્થળાંતર પણ કરે છે. તે આના પરથી કહી શકાય છે. રબારી ઉપરાંત કાપડિયા, મોચી વગેરેના પાળિયાઓ અહીં આવેલા છે. કેટલાંક વિશિષ્ટ શિલ્પ ધરાવતા પાળિયા જોવા મળે છે. કુંડવીના પાદરમાં આ પાળિયાઓ વાવ પર રહેલી જગ્યામાં જ માંડવામાં આવ્યા છે. પાસેના મંદિરની પાછળ પણ કેટલાંક પાળિયાઓ આવેલા છે. કુંડવીમાં અન્ય સ્થળોએ સૂરધનની ખાંભીઓ જોવા મળે છે. કુંડવી નજીકની ધારમાં કેટલાંક પાળિયાઓ આવેલા છે. અણઘડ પથ્થરના અને કાળા પથ્થરના અણઘડ પાળિયાઓ અહીં જોવા મળે છે.

૪.૩.૭ કોળિયાકના પાળિયા :

ભાવનગરના કોળિયાકમાં ૨૦૦ કરતા પણ વધારે પાળિયાઓ આવેલા છે. ગામના પાદરમાં ૨૦ થી ૨૫ જેટલી લાંબી હારોમાં આ પાળિયાઓ માંડવામાં આવ્યા છે. આમાંના કેટલાંક પાળિયાઓ આજુબાજુના વિસ્તારોમાંથી લાવીને અહીં માંડવામાં આવ્યા છે. કેટલાંક પાળિયા માટે દેરી અને ઓટા બનાવવામાં આવ્યા છે. આ પાળિયાઓને પૂર્વમુખ માંડવામાં આવ્યા છે. આ પાળિયાનો પથ્થર રેતિયાળ લાલ અને સફેદ છે. અણઘડ પથ્થરની ખાંભીઓ પણ જોવા મળે છે. આ બધા પાળિયાઓ કોઈને કોઈ કુટુંબમાં સૂરધન તરીકે પૂજાય છે.

અહીંના એક પાળિયામાં પુરુષ ઊભો છે, તેના હાથ આશીર્વાદ મુદ્રામાં છે. (ફોટોગ્રાફ-૧૩) તેની પાસે આરસની તકતી મારવામાં આવી છે. તેમાં ભાવસાર ગુંદીગરા કુટુંબના સૂરધનદાદા સંવત ૧૯૩૮ (ઈ.સ. ૧૮૮૨) તેવી નોંધ છે. આ પાળિયાની બાજુમાં ગોંડળીયા પરિવારના સૂરધનોની ખાંભીઓ છે. જેના પર હરખા વશરામ, ગોંડળીયાદાદા ભગવાન વસતા એવી તકતીઓ મારેલી છે. અહીં લોલિયાણાના સૂરધનની ખાંભી જોવા મળે છે. એક ઓટા ઉપર પાંચ પાળિયાઓ આવેલા છે. આ બધા પારેખ પરિવારના સૂરધનો છે. જેમાં પારેખ પરિવાર પાલિતાણા, પારેખ પરિવાર લાખણકા, પારેખ પરિવાર હાથબ એવી તકતીઓ મારવામાં આવી છે. આ ખાંભીઓ પરંપરાગત ઘોડેસવારનું શિલ્પ ધરાવે છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે.

વિક્રમ સંવત ૧૯૪૦ (ઈ.સ. ૧૮૮૪)ના સુદ ૧૫ની મિતિ દર્શાવતો પાળિયો આવેલો છે. રેતિયાળ પથ્થરના આ પાળિયામાં પદાતિનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. હાથમાં ભાલો અને ઢાલ છે. ૪૦ x ૫૦ સે.મી. માપ ધરાવે છે. બાજુમાં જાળીબંધ ઓટામાં ૪૦ x ૪૫ સે.મી. માપના ચાર પાળિયાઓ આવેલા છે. તેની બહાર તકતીમાં વિક્રમ સંવત ૧૯૧૫ (ઈ.સ. ૧૮૫૯) કટારીયા રાઠોડ કુળના દાદા પૂજાદાદા, ધારાદાદા, કીકાદાદા એવું લખાણ છે. આ પાળિયાઓને બીજી

જગ્યાએથી લાવીને અહીં માંડવામાં આવ્યા છે. વિક્રમ સંવત ૧૮૫૬ (ઈ.સ. ૧૮૦૦) વદની મિતિ ધરાવતા લાલ રેતિયાળ પથ્થરના પાળિયામાં અશ્વારૂઢનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. સવારના હાથમાં ભાલો અને ઢાલ છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. ઘોડેસવારના એક પાળિયામાં વિક્રમ સંવત ૧૮૪૩ (ઈ.સ. ૧૭૮૭)ની સાલ વંચાય છે. પાળિયાનો બાકીનો લેખયુક્ત ભાગ જમીનમાં દટાઈ ગયો છે. શિલ્પમાં ઘોડેસવારના હાથમાં ભાલો અને ઢાલ છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરાયા છે. આ પાળિયાનું માપ ૩૫ x ૪૫ સે.મી. છે. સફેદ રેતિયાળ પથ્થરના ૩૦ x ૮૦ સે.મી. માપ ધરાવતા એક પાળિયામાં વિક્રમ સંવત ૧૭૨૦ (ઈ.સ. ૧૬૬૪)ની સાલ વંચાય છે. શિલ્પમાં ઘોડેસવારના હાથમાં ભાલો અને ઢાલ છે. વર્ષની દૃષ્ટિએ આ પાળિયો ઘણો પ્રાચીન છે. કોળિયાકના આ પાળિયા સમૂહમાં રાઠોડ, કટારિયા, કોળી, પરીખ, પરમાર, ગોડળિયા, ભાવસાર વગેરે અટકોનો ઉલ્લેખ જોવા મળે છે.

આ પાળિયામાં ઘણા વિશિષ્ટ પાળિયાઓ પણ આવેલા છે. પદાતિના, ઘોડેસવારના, સતી અને બ્રાહ્મણના આશીર્વાદ મુદ્રાના પાળિયાઓ આવેલા છે. અમુક પાળિયામાં લેખ કોતરાયેલા જોવા મળે છે. ઘણામાંથી વર્ષનો ઉલ્લેખ મળે છે. અણઘડ પથ્થરના પાળિયાઓ પણ જોવા મળે છે. કોળિયાકના પાદરે પાળિયાનું આખું ખેતર હોય તેમ જણાય છે. શિકોતરની ખાંભીઓ પણ જોવા મળે છે. કતારમાં મંડાયેલા આ પાળિયા વિશે વધારે માહિતી પ્રાપ્ત થતી નથી. ઘણા સૂરધનો છે તો કેટલાંક આજુબાજુના વિસ્તારોમાં ધીંગાણામાં કામ આવેલાના પાળિયા છે તેવી માહિતી પ્રાપ્ત થાય છે. વિવિધ શિલ્પ કોતરણી અને પ્રતીકો ધરાવતા પાળિયાઓ આવેલા છે. ભાવનગર જિલ્લામાં એક સાથે સમૂહમાં કદાચ આ સૌથી વધારે પાળિયાઓ છે.

૪.૩.૮ ખદડપરના પાળિયા :

તળાજાના ખદડપરમાં પાળિયાઓ આવેલા છે. ગામની સીમમાં મોખડાજીના કબંધનો પાળિયો આવેલો છે. જાળીબંધ મોટી દેરીમાં આ પાળિયો માંડવામાં આવ્યો છે. પાળિયાનો પથ્થર સ્પષ્ટ જણાતો નથી. ધડનું શિલ્પ કોતરેલું જણાય છે. બાજુમાં મોખડાજીની પૂરા કદની મૂર્તિ મૂકવામાં આવી છે. બાજુની ટેકરી પર પણ તેમના કબંધનો પાળિયો માંડવામાં આવ્યો છે. નીચે દેરીમાં આવેલ પાળિયો પૂર્વાભિમુખ છે. જ્યારે ટેકરી પર ઉત્તરમુખ દેરી અને પાળિયો છે.

નજીકની વાડીમાં રેતિયાળ પથ્થરના કેટલાંક પાળિયાઓ આવેલાં છે. પાળિયાઓ પરંપરાગત ઘોડેસવારનું શિલ્પ ધરાવે છે. નીચે લેખ છે પણ ઉકેલી શકાય તેમ નથી. આ પાળિયાઓ વિશે અન્ય કોઈ પ્રકારની માહિતી પ્રાપ્ત થતી નથી. નજીકમાં માતાજીનો ચગો આવેલો છે. બાજુના જસપરામાં રેતિયાળ પથ્થરના પાળિયાઓ આવેલા છે. પરંપરાગત શિલ્પ ધરાવતા આ પાળિયાઓ કોઈના સૂરધનો છે તેવું જાણવા મળે છે. ભેંસવડીમાં કેટલાંક પાળિયાઓ જોવા મળે છે. તેના અંગે વિગતે માહિતી ઉપલબ્ધ થતી નથી.

૪.૩.૯ ગઢડાના પાળિયા :

સ્વામીના ગઢડામાં અનેક જગ્યાએ પાળિયાઓ આવેલા છે. નિલકંઠ મહાદેવના મંદિરની બાજુમાં પાંચ પાળિયાઓ આવેલા છે. રેતિયાળ પથ્થરના આ પાળિયાઓ પરંપરાગત ઘોડેસવારનું શિલ્પ ધરાવે છે. આમાંના એકમાં વિક્રમ સંવત ૧૮૧૯ (ઈ.સ. ૧૭૬૩) વંચાય છે. તેની સ્થિતિ જોતા પાળિયાઓ ઘણા જૂના છે તેમ જણાય આવે છે. આ પાળિયાની આગળ મોરી પરિવારના સૂરધનની ખાંભી અને દેરી આવેલી છે. મંદિરની અંદર દીવાલમાં ચાર પાળિયાઓ આવેલા છે. આ પાળિયાઓ રેતિયાળ પથ્થરના છે. એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૦૮ (ઈ.સ. ૧૮૫૨) વંચાય છે. અશ્વારૂઢનું શિલ્પ ધરાવતા આ પાળિયામાંના એકમાં ઉપર અને નીચે બંને બાજુ ગોળ ચકરડા જેવા પ્રતીકો કોતરવામાં આવ્યા છે.

મંદિરના પાછળના ભાગમાં ટેકરા પર પાંચ પાળિયાઓ આવેલા છે. આ પાળિયાઓ વાણિયાના છે. આમાં કોઈ લેખ જણાતો નથી. પરંપરાગત શિલ્પ ધરાવતા આ પાળિયાઓ રેતિયાળ પથ્થરના છે. તૈયાર માપના પથ્થરો પર શિલ્પ કોતરવામાં આવ્યા છે. પાળિયાને આકાર આપવામાં આવ્યો નથી. અણઘડ પથ્થરની ખાંભીઓ અહીં જોવા મળે છે. કોઠીવાડી વિસ્તારમાં ખોડાઆપા રબારીની ખાંભી આવેલી છે. તેઓ પરમાર પરિવારમાં શૂરાપુરા તરીકે પૂજાય છે. કોઈ ધીંગાણામાં તે કામ આવેલા તેવી જાણકારી પ્રાપ્ત થાય છે. હાલ દરરોજ તેમની પૂજાવિધિ થાય છે. તેમના ભૂવા નીમવામાં આવ્યા છે. દૂધ, શ્રીફળ વગેરે તેમને ધરવામાં આવે છે. તેમની પૂજા, વિધિ અને નૈવેદ્ય થાય છે.

ગઢડામાં નદીના કિનારે ઊંચા ઓટલા ઉપર ત્રીસ જેટલા પાળિયાઓ માંડવામાં આવ્યા છે. આ બધા પાળિયાઓ પારેવા પથ્થરના છે. ખાચરના આ પાળિયા છે તેમ જાણવા મળે છે. હાલ સૂરધન તરીકે પૂજાય છે. આ બધા ધીંગાણામાં કામ આવેલા તેમના છે. ૮૦ x ૧૦૦ સે.મી. માપ ધરાવતા પાળિયાઓ પણ આમાં છે. ઘણા પાળિયા જીર્ણ હાલતમાં છે. સતીની વેલના પાળિયા અહીં આવેલા છે. કેટલાંક પાળિયા વિશિષ્ટ પ્રકારના પ્રતીકો ધરાવે છે. અહીંના એક પાળિયામાં વિક્રમ સંવત ૧૮૮૮ વંચાય છે. બીજા પાળિયામાં વિક્રમ સંવત ૧૮૧૯ (ઈ.સ. ૧૭૬૩)ની સાલ કોતરવામાં આવી છે. આ પાળિયામાં દરજી, રબારી, મોચી, દરબાર વગેરેના સૂરધનો છે. પરંપરાગત ઘોડેસવારના શિલ્પ ધરાવતા પાળિયામાં લેખો છે, જે ઉકલે તેવી સ્થિતિમાં નથી. એક પાળિયામાં હિન્દીમાં લેખ કોતરાયેલો છે. આ બધા પાળિયાઓને ઓટલા પર એકદમ નજીક નજીક માંડી દેવામાં આવ્યા હોવાથી તેમના શિલ્પ કે લેખો જોઈ શકાતા થી. પથ્થર જીર્ણ થવાના કારણે શિલ્પ અને લેખ નષ્ટ થયેલા છે.

નજીકમાં બીજા ઓટલા પર ત્રીસ પાળિયાઓ આવેલા છે. ગામમાં અલગ અલગ જગ્યાએથી ભેગા કરીને આ પાળિયા અહીં માંડવામાં આવ્યા છે. આ બધા પાળિયાઓ સફેદ રેતિયાળ પથ્થરના છે. આ પાળિયા સમૂહમાં લેખયુક્ત અને વિશિષ્ટ શિલ્પ, પ્રતીકો ધરાવતા પાળિયાઓ આવેલા છે. આ બંને પાળિયામાં નાની ડેલી અને મોટી ડેલીના ખાચરોના પાળિયાઓ આવેલા છે. ગઢડામાં ઘણી જગ્યાએ છુટાછવાયા પાળિયાઓ જોવા મળે છે. ગઢડાથી થોડે દૂર અમુલામાતાનો ચગો આવેલ છે. પથ્થરના ચગા પર સિંદૂર લગાવી તેના પર મંદિર બનાવવામાં આવ્યું છે. લોકો પોતાના સંતાન માટે અહીં માનતાઓ રાખે છે. માતાજીના ચગાને પ્રતીકરૂપે નાના ઘોડિયા ધરવામાં આવે છે. અમુલામાતા વાદણનો આ ચગો છે. તેમની પાછળ તેમના પુત્રના અવસાનની કથા સંકળાયેલી છે.[૭૪] આ મંદિરના મહંત ધરમપુરી કાળુપુરી છે. ચગા પ્રકારના પાળિયાનું સ્વરૂપ કેવું હોય છે તે આના પરથી સમજી શકાય છે. નાના નાના પથ્થરના ઢગલાને ખાંભીના રૂપમાં માંડી તેની પૂજા કરવામાં આવે છે.

ગઢડા નજીક ભોરખીયાના સૂરધન તરીકે ઓળખાતી મૂળુ ભોરખીયાની ખાંભીની નોંધ પ્રાપ્ત થાય છે. આ મૂળુ સાથે નદીમાં ગાયોને પાણી પાવાની કથા સંકળાયેલી છે.[૭૫] ઘેલો નદીમાં ગાયોએ મૂળુની વાત માનીને પાણીમાં મોઢું ન નાખ્યું તેવી કથા રહેલી છે. ગઢડામાં ઘણા બધા પાળિયાઓ હતા, જેમાંના કેટલાંક નદીમાં પધરાવી દેવામાં આવ્યા છે. તો કેટલાંક દાટી દેવાયા છે. બચેલા પાળિયાઓને ઓટા ઉપર સમૂહમાં માંડી તેની જાળવણી કરવાના પ્રયત્નો થયા છે. હાલ તો આ જીર્ણ થયેલા પાળિયાઓમાંથી વિગતે માહિતી પ્રાપ્ત થતી નથી. આ બધાની સાથે ધીંગાણાની દંતકથાઓ રહેલી છે. ગઢડાના આજુબાજુના વિસ્તારોમાં ઘણા પાળિયાઓ જોવા મળે છે. ખાચર દરબારોની વસ્તી ધરાવતો આ વિસ્તાર પાળિયાની દૃષ્ટિએ બહુલતા ધરાવે છે. હાલના સમયે આ વિસ્તારમાં અનેક પાળિયાઓ જોવા મળે છે.

૪.૩.૧૦ ગાધેસરના પાળિયા :

તળાજાના ગાધેસરમાં પાળિયાઓ આવેલા છે. પ્રમાણમાં મજબૂત એવા રેતિયાળ પથ્થરના આ પાળિયાઓ છે. કાંટિયા વરણના લોકોની વસ્તી ગામમાં હોવાથી ઊંટસવારના શિલ્પ ધરાવતા પાળિયાઓ પણ જોવા મળે છે. આ બધા પાળિયામાં પારંપરિક શિલ્પ કોતરવામાં આવ્યા છે. ઘસારાના લીધે પાળિયા પરના લેખો ઉકેલી શકાતા નથી. ગાધેસર નજીકના બોડકીમાં કેટલાંક પાળિયાઓ આવેલા છે. આ પાળિયામાં પણ પારંપરિક શિલ્પ જોવા મળે છે. ગાધેસર, બોડકી, મંગેળા, રોજિયા વગેરેમાં પાળિયાઓ જોવા મળે છે. આ વિસ્તારમાં સીમમાં પણ છુટાછવાયા પાળિયાઓ આવેલા છે. શિકોતરની ખાંભીઓ પણ આવેલી છે. અહીંના ગાંડા બાવળની કાંટોમાં ખાંભીઓ આવેલી છે. શિલ્પ વગરના અણઘડ પાળિયાઓ આ વિસ્તારોમાં જોવા મળે છે.

૪.૩.૧૧ ગારિયાધારના પાળિયા :

ગારિયાધારમાં ભીડભંજન મહાદેવના મંદિર પાછળ અનેક પાળિયાઓ આવેલા છે. એક પાળિયામાં વિક્રમ સંવત ૧૮૪૨ (ઈ.સ. ૧૭૮૬)નું વર્ષ વંચાય છે. બીજા પાળિયામાં વિક્રમ સંવત ૧૮૪૧ (ઈ.સ. ૧૭૮૫) વદ ૧૩ એટલું વંચાય છે. આ વર્ષ દર્શાવતા બે-ત્રણ પાળિયાઓ જોવા મળે છે. આથી આ ગાળામાં અહીં કોઈ લડાઈ થઈ હશે, જેમાં મરાયેલાના આ પાળિયાઓ હોઈ શકે છે. આ બધા પાળિયા રેતિયાળ પથ્થરના છે. અહીં ઘણાબધા પાળિયાઓ જમીનમાં દટાઈ ગયેલા છે. આ પાળિયાની ટોચ દેખાય છે. કેટલાંક અડધા કરતાં વધારે જમીનમાં છે. પારેવા પથ્થરના બે ત્રણ પાળિયાઓ જોઈ શકાય છે. આ પાળિયાઓ પરંપરાગત અશ્વારૂઢનું શિલ્પ ધરાવે છે. સવારના હાથમાં તલવાર કે ભાલો અને ઢાલ છે. પાળિયા પરના લેખો નષ્ટ થયેલા છે. સોલંકી પરિવારના શૂરાપૂરાની દેરી છે. મોટાભાગના પાળિયા ભગ્ન સ્થિતિમાં છે. પાળિયા ઉપર બાવળ અને અન્ય વનસ્પતિ ઊગી નીકળી છે.

ગારિયાધારમાં હીરબાઈ માતાનો ઓરડો આવેલો છે. પાલીવાલ બ્રાહ્મણની પુત્રી હીરબાઈ અને મૂગાભાઈ દ્વારા રાજવંશના શીલની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરવાની કથા સંકળાયેલી છે. રાજફૂવા શેરીમાં આવેલા હીરબાઈ માતાનો ઓરડો જે આજે પણ ગોહિલ કુળનું શ્રદ્ધા કેન્દ્ર છે. ભાણેજના કર આજે પણ અહીં જ થાય છે. આ ઘટના પછીથી પાલીવાલોએ ગામનો ત્યાગ કર્યો હતો તેવી કથા છે.

ગારિયાધારના સુખનાથ મહાદેવના પ્રવેશદ્વાર પછી જમણી તરફ એક મોટો ઓટો આવેલો છે. ઘટાદાર વૃક્ષ અને નીચે રહેલ ખાંભીઓવાળી જગ્યા આજે સવાજીનો ચોતરો તરીકે ઓળખાય છે. તેની સાથે ગૌરક્ષા માટે પોતાના પ્રાણ આપનાર વીર સવાજીની કથા સંકળાયેલી છે. જોકે જીર્ણોદ્ધારના અવિવેકી ઉત્સાહના પરિણામે આ ઘટનાની સાક્ષીરૂપ ઉપયોગી એવી આ ખાંભીઓ હાલ તો આ ઓટલા ઉપરથી અદૃશ્ય થઈ ચૂકી છે.[૭૬] બજારમાં સતીમાતાની નાની દેરી આવેલી છે. તેના વિશે અન્ય માહિતી પ્રાપ્ત નથી. અન્ય વિસ્તારમાં પાળિયાઓ આવેલા છે જેમાંથી કોઈ અભિલેખ કે અન્ય જાણકારી પ્રાપ્ત થતી નથી. આ પાળિયાઓ સૂરધનોના છે. તેને જુહારવામાં આવે છે.

ગારિયાધાર નજીક પરવડી ગામ આવેલું છે. આ ગામમાં સીમાડાની વાડીમાં દસ પાળિયાઓ આવેલા છે. આ પાળિયાઓ પારેવા પથ્થરના છે. આમાં કોઈ શિલ્પ જોવા મળતું નથી ફક્ત પથ્થર ઊભા કરી દેવામાં આવ્યા છે. તેના ઉપર દેરી બનાવવામાં આવી છે. આ બધા સૂરધનો છે, અન્ય માહિતી પ્રાપ્ત નથી. નજીકમાં રખેહરદાદાની ખાંભી અને દેરી આવેલા છે. આ દાદાની લોકો માનતા કરે છે, તેને દારૂ ધરવામાં આવે છે. અહીં સતીના ત્રણ પાળિયાઓ એક વાડીમાં આવેલા છે. આ પાળિયામાં બંને હાથ આશીર્વાદ મુદ્રામાં કોતરવામાં આવ્યા છે.

આથી આ શિકોતરની ખાંભીઓ હોય તેમ જણાય છે. અહીં લોકહિત માટે પોતાના પ્રાણ આપ્યાની કથા છે. જેમાં ગામના મુખીની દીકરીએ પાણી માટે પોતાના પ્રાણ આપ્યા હતા. જોકે આવી કથાઓ અન્ય ગામમાં પણ જોવા મળે છે. અહીં વાવ હતી જે હાલ પૂરાઈ ગઈ છે. તેની જાણકારી ગામ લોકો પાસેથી મળે છે.

ગારિયાધારના ચારોડિયામાં પણ આ જ પ્રકારની કથા સાથે સંકળાયેલો સતીનો પાળિયો દર્શાવવામાં આવે છે. જેમાં ગામના બ્રાહ્મણની દીકરીએ લોકહિત માટે પોતાના પ્રાણ આપ્યા હતા. પચ્છેગામમાં કેટલાંક પાળિયાઓ આવેલા છે. આ પાળિયાઓ પરંપરાગત શિલ્પ ધરાવે છે. રેતિયાળ પથ્થરના આ પાળિયામાં કોઈ લેખ જણાતો નથી. ગારિયાધારના નવાગામ, રતનવાવ, ગણેશગઢ, સાતપાડા, બેલા વગેરે ગામોમાં પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયા સૂરધનો તરીકે માંડવામાં આવ્યા છે તેમ જાણવા મળે છે.

૪.૩.૧૨ ગુંદાળાના પાળિયા :

ગઢડાના ગુંદાળા ગામને પાદરે રસ્તાની બાજુમાં બાર પાળિયાઓ આવેલાં છે. આ પાળિયાઓ ખાચર દરબારના છે. પંરપરાગત રીતે સૂરધન તરીકે માંડવામાં આવેલા છે. પારેવા પથ્થર અને રેતિયાળ પથ્થરમાંથી આ પાળિયાઓ કોતરવામાં આવ્યા છે. તેમનું સરેરાશ માપ ૩૦ x ૬૦ સે.મી. છે. એક પાળિયામાં ખાચર અને વિક્રમ સંવત ૨૦૦૬ (ઈ.સ. ૧૯૫૦) એટલું વંચાય છે. અન્ય એકમાં ગુંદાળા અને વિક્રમ સંવત ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪)નું વર્ષ વંચાય છે. આ પાળિયાઓને એક ઓટા પર માંડવામાં આવ્યા છે. તેના ફરતે જાળી બનાવવામાં આવી છે. પાળિયાના શિલ્પમાં ઘોડેસવારના હાથમાં ભાલો અને ઢાલ છે. એકના હાથમાં તલવાર અને ઢાલ છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. બધામાં નીચે લેખ છે, જે સંપૂર્ણ ઉકલે તેવી સ્થિતિમાં નથી. ગામના ખાચર દરબારો દ્વારા આ ખાંભીઓને જુહારવામાં આવે છે. અમુક પાળિયાના શિલ્પ નષ્ટ પામ્યા છે.

૪.૩.૧૩ ગોપનાથના પાળિયા :

તળાજા નજીક આવેલ ગોપનાથ દરિયા કિનારાનું સ્થળ છે. અહીં પ્રાચીન ગોપનાથ મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિરની સામે દરિયામાં જવાના દરવાજા પાસે પાળિયાઓ આવેલા છે. આ પાળિયા રેતિયાળ પથ્થરના છે. આમાંના મોટાભાગના પાળિયા ભગ્ન અવસ્થામાં છે. કેટલાંક પાળિયાને દીવાલમાં ચણી લેવામાં આવ્યા છે. દરિયાના પટમાં પાળિયાના અવશેષો પડ્યા છે. સમુદ્રમાં પધરાવી દેવામાં આવેલ પાળિયાના આ અવશેષો હશે તેમ જણાય છે. આ પાળિયાઓ કોળીઓના છે તેવું જાણવા મળે છે. આમાંના એક પાળિયા પર વિક્રમ સંવત ૧૯૯૬ વંચાય છે. અન્ય એક પાળિયામાં બાબુભાઈ મકવાણા એટલું ઉકલે છે. સમુદ્રમાં જતા ખારવાઓના પાળિયા હશે તેમ પણ માનવામાં આવે છે.

ગોપનાથ મંદિરની બાજુમાં કેટલાંક પાળિયાઓ આવેલા છે. આ પાળિયા રેતિયાળ પથ્થરના છે. કોઈ કાળે મંદિરના રક્ષણ માટે મરાયેલાના આ પાળિયાઓ છે તેવી જાણકારી પ્રાપ્ત થાય છે. તેમાં લેખ ન હોવાથી અન્ય માહિતી મળી શકતી નથી. મંદિરના પાછળના ભાગમાં ઘણા પાળિયાઓ જીર્ણ અવસ્થામાં પડ્યા છે. એક પાળિયામાં એક પથ્થર પર બે ઘોડેસવારના શિલ્પો કોતરવામાં આવ્યા છે. અન્ય પાળિયાઓ પાળિયાનું પરંપરાગત શિલ્પ ધરાવે છે. જેમાં ઘોડેસવારના હાથમાં તલવાર, ભાલો, ઢાલ છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. અહીંના એક પાળિયામાં હિન્દીમાં લેખ કોતરાયેલો જણાય છે. આ લેખ ઉકેલી શકાય તેવો રહ્યો નથી. મંદિર આજુબાજુ ખોદકામ વખતે પાળિયા નીકળી આવ્યા છે. આ વિસ્તાર દરિયા કિનારે હોવાથી અહીં વિવિધ કારણોસર લડાઈઓ થતી રહી છે. આ ઘટનાઓના સાક્ષીરૂપ પ્રાચીન પાળિયાઓ અહીં પડ્યા છે. પદાતિના પાળિયાઓ પણ અહીં જોવા મળે છે. જોકે આ બધા પાળિયાની વિગતે કે લેખના સ્વરૂપમાં કોઈ માહિતી પ્રાપ્ત નથી. તે ફક્ત ભગ્ન અવશેષો જ છે. તેના ભૂતકાળની માહિતી મળી શકતી નથી. ગોપનાથ આજુબાજુના વિસ્તારોમાં અનેક પાળિયાઓ જોવા મળે છે.

૪.૩.૧૪ ઘેંટીના પાળિયા :

પાલિતાણાના ઘેંટીમાં ગામના પાદરે પાળિયા આવેલા છે. આ પાળિયા જીર્ણ સ્થિતિમાં ઊભા છે. કેટલાંક દટાઈ ગયા છે, તેનો ફક્ત ઉપરનો ભાગ દેખાય છે. રેતિયાળ પથ્થરના પાળિયા છે. ઘોડેસવારના શિલ્પ ધરાવતા પાળિયામાં સવારના હાથમાં ભાલો કે તલવાર અને ઢાલ જણાય છે. સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરાયેલા છે. એક પાળિયો અડધા કરતાં વધારે જમીનમાં દટાયેલો છે. તેના પર બે શિલ્પો કોતરવામાં આવ્યા છે. કોઈ પાળિયામાં લેખ સ્પષ્ટ જણાતો નથી. અણઘડ પથ્થરના પાળિયાઓ પણ જોવા મળે છે. જાળીબંધ ઓટામાં ત્રણ પાળિયાઓ છે. જેમાં એક સતીનો પાળિયો છે. આ પાળિયામાં પરંપરાગત શિલ્પ કોતરાયેલ છે. સૂરધન અને શિકોતર તરીકે આ પાળિયાને જુહારવામાં આવે છે. વાઘાદાદાની ખાંભી જાળીબંધ ઓટા પર માંડવામાં આવી છે. આ પાળિયાઓ ચાવડા, રબારી, વાડગિયા વગેરેના છે. પાળિયા સંબંધી કોઈ ઘટનાની માહિતી મળતી નથી.

૪.૩.૧૫ ઘોઘાના પાળિયા :

ઘોઘા ગામમાં અનેક પાળિયા સમૂહો આવેલા છે. અહીંના મહાકાળી માતાના મંદિરમાં ક્ષેત્રપાળની ખાંભી આવેલ છે. સોનીની વાડી તરીકે ઓળખાતી જગ્યામાં ઘણા પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયા પૂર્વાભિમુખ માંડવામાં આવ્યા છે. માળીના સૂરધનોની ખાંભી અહીં આવેલી છે. વાળંદના પાળિયાઓ આવેલા છે. રેતિયાળ લાલ અને સફેદ પથ્થરના પાળિયા છે. બધેકાની એક ખાંભી કાળમીંઢ પથ્થરની છે. સુથારનો પાળિયો વિશિષ્ટ શિલ્પ ધરાવે છે. કાળમીંઢ અણઘડ

પથ્થરના કેટલાંક પાળિયા જોવા મળે છે. ભાવનગરના કોળી પરિવારનો પદાતિનો પાળિયો છે. બલાડનો પદાતિનો પાળિયો જોવા મળે છે. ઘોડેસવાર, પદાતિ અને અણઘડ પથ્થરના સો કરતા પણ વધારે પાળિયાઓ આ વાડીમાં આવેલા છે. તેમાંના કેટલાંકને હાલ સૂરધન તરીકે જુહારવામાં આવે છે.

ઘોઘામાં ખારાપાટમાં એક ઓટલા પર નવ પાળિયાઓ આવેલા છે. જેમાં વાહલદાદા, દુદાદાદા, કાળાદાદા, શામજીદાદા, રામજીદાદા, વિઠ્ઠલદાદા, નાનુદાદા અને છગનદાદાના નામની તકતીઓ મારવામાં આવી છે. આ ડાભી પરિવારના સૂરધનો છે. આ પાળિયાને જીર્ણોદ્ધાર કરી ફરી માંડવામાં આવ્યા છે. નજીકમાં પૂર્વમુખ વીસ પાળિયાઓ આવેલા છે. આ પાળિયા રેતિયાળ અને પારેવા પથ્થરના છે. અણઘડ પથ્થરના પાળિયાની સંખ્યા પણ છે. આ સોલંકી, ડાભી, ગોહિલ, સરવૈયા વગેરેના સૂરધનો છે. અમુક પાળિયા પર દેરીઓ બનાવવામાં આવી છે. ઘોઘાના પાળેશ્વર મહાદેવ નજીક ચાર પાળિયાઓ આવેલા છે. તે રેતિયાળ પથ્થરના છે. એક પાળિયામાં ઘોડેસવારના હાથમાં ભાલો અને ઢાલ છે. સૂર્ય ચંદ્રના પ્રતીકો છે. બાકીના ત્રણ પદાતિના પાળિયા છે. પદાતિના હાથમાં ભાલો અને ઢાલ છે. કમરે તલવાર કે કટાર લટકે છે. આ ગોહિલોના શૂરાપૂરા છે તેવી જાણકારી પ્રાપ્ત થાય છે. વાઘાઆપા સૂરધનનો રેતિયાળ પથ્થરનો પાળિયો ૪૦ x ૪૦ સે.મી. માપ ધરાવે છે. અહીંના સોનાપરા તળાવની ફરતે પાળિયાઓ આવેલા છે. તેમાં ઘોઘારી, રાઠોડ, કોળી વગેરેના સૂરધનો છે. તેમની પૂજાવિધિ, જુહાર વગેરે કરવામાં આવે છે.

ઘોઘા બસસ્ટેન્ડની પાછળના ખારામાં દસ જેટલા પાળિયાઓ વેરવિખેર પડ્યા છે. આ પાળિયા લાલ રેતિયાળ પથ્થરના છે. તેનો પથ્થર જીર્ણ થયેલો છે. શિલ્પ કે લેખ ઘસાઈ ગયા છે. અહીં અન્ય વિસ્તારોમાં આવા જીર્ણ થયેલા અનેક પાળિયાઓ આવેલા છે. ઉલ્લેખનીય છે કે ઘોઘા પ્રાચીન નગર હતું. અહીં ઘણી લડાઈઓ થતી રહી છે. આ પાળિયાના અવશેષો તેના ભૂતકાળની ઝાંખી કરાવે છે. ઘોઘામાં લડાઈમાં મરાયેલાની કબરો આવેલી છે. સમયે સમયે ઘોઘા અલગ અલગ શાસકોના શાસન નીચે આવતું રહ્યું છે. ઘોઘાના આસપાસના વિસ્તારમાંથી અનેક પાળિયા પ્રાપ્ત થયા છે. અહીં ઘણા પાળિયા સમૂહો જોવા મળે છે.

૪.૩.૧૯ ચોસલા, ગઢાળીના પાળિયા :

ગઢડાના ચોસલા અને ગઢાળી ગામ વચ્ચે નદીના સંગમ ઉપર બેલડીયા મહાદેવની જગ્યામાં અરજણજીની ખાંભી આવેલી છે. આ અરજણજી અહીં પૂજામાં બેઠા હતા ત્યારે વીજા અને વાજાએ તેનું માથું વાઢ્યું હતું તેવી કથા છે. ગઢાળીથી ત્રણેક માઈલ દૂર હાલ પણ આ પાળિયો આવેલો છે. તેની આગળ મંદિરના પગથિયા પાસે પારેવા પથ્થરનો સતીનો ડાબો હાથ કોતરાયેલો પાળિયો આવેલો છે. વરસંગજીએ મારેલા બે ભાણેજોની નાની દેરીઓ પણ અહીં

આવેલી છે.[૭૭] મંદિરની પાછળ નાની દેરીમાં અરજણજીનો અણઘડ પથ્થરનો પાળિયો આવેલો છે. આ પાળિયાને કોડીની આંખો લગાવવામાં આવી છે. પાળિયા ઉપર સાફો પહેરાવવામાં આવ્યો છે. દેરી ઉપર વીર અરજણજી ગઢાળીવાળા એવું લખાણ છે. આ પાળિયાને ગઢાળીના ગોહિલો દ્વારા જુહારવામાં આવે છે. અટકી અરજણજી નામે એક કથા તેના પર આલેખાયેલી છે. સતીના પાળિયા પર લેખ કોતરાયેલો છે, જે ઘસારાને કારણે ઉકેલી શકાતો નથી. તેના વિશે અન્ય માહિતી પ્રાપ્ત થતી નથી.

૪.૩.૧૭ જૂના રાજપરના પાળિયા :

તળાજાના જૂના રાજપરામાં શાળાની બાજુમાં પચાસ કરતાં પણ વધારે પાળિયાઓ આવેલા છે. આ પાળિયાઓ મકવાણા, ચૌહાણ, ઢાપા, બારૈયા વગેરે કોળીઓના છે. આ પાળિયાઓ રેતિયાળ સફેદ પથ્થરના છે. અમુક પાળિયાઓમાં લેખ કોતરાયેલા છે. કેટલાંક સતીના પાળિયાઓ છે. આ પાળિયાઓ પાળમાં કામ આવેલાઓના તેમજ પછીથી મૂકાયેલા સૂરધનોના છે. ૮૦ x ૧૦૦ સે.મી. માપ ધરાવતા પાળિયાની સાથે અણઘડ પથ્થરની નાની ઠેસોના પાળિયાઓ છે. એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૮૬ (ઈ.સ. ૧૯૩૦) વંચાય છે. શિલ્પમાં અશ્વારૂઢના હાથમાં ભાલો અને ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરાયેલા છે. સતીના એક પાળિયામાં જમણા હાથની કોતરણી કરવામાં આવી છે. વિ.સં. ૧૯૭૮ (ઈ.સ. ૧૯૨૨)ની મિતિ ધરાવતા એક પાળિયામાં અશ્વારૂઢના હાથમાં બરછી કે ભાલો જણાય છે. વિક્રમ સંવત ૨૦૧૭ (ઈ.સ. ૧૯૬૧)ના વર્ષના પાળિયામાં અશ્વારૂઢનું પરંપરાગત શિલ્પ છે. આજ વર્ષના અન્ય કેટલાંક પાળિયાઓ આવેલા છે. એક પાળિયાલેખમાં વિક્રમ સંવત ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)ના દેવ થયા તેવી નોંધ છે. વિક્રમ સંવત ૧૯૧૩ (ઈ.સ. ૧૮૫૭)નું વર્ષ દર્શાવતા પાળિયામાં પરંપરાગત શિલ્પ છે. એક પાળિયામાં પરમાર એટલું વંચાય છે. ઘોડેસવારના માથા પર પાઘડી કોતરવામાં આવી છે. સુંદર કોતરણી ધરાવતા પાળિયાઓ અહીં જોવા મળે છે. કેટલાંક વિશિષ્ટ પાળિયાઓ જોઈ શકાય છે. આ બધા પાળિયાઓને એક લાંબા ઓટલા પર માંડવામાં આવ્યા છે. તો કેટલાંકને નાના નાના ઓટા બનાવીને માંડવામાં આવ્યા છે. બધા પાળિયાઓને જુહાર કરવામાં આવે છે. આ પાળિયાઓ પરના લેખ ઘસાઈ ગયા હોવાથી ઉકલતા નથી. પાળિયાના શિલ્પ સારી સ્થિતિમાં જળવાયા છે. આજના સમયે પણ સૂરધન અને શિકોતરની ખાંભીઓ અહીં માંડવામાં આવી રહી છે. (ફોટોગ્રાફ-૯)

૪.૩.૧૮ ઝીંઝાવદર (મોટું)ના પાળિયા :

બોટાદના ઝીંઝાવદર (મોટું)માં ગામના પાદરે વીસ પાળિયાઓ આવેલા છે. રેતિયાળ લાલ પથ્થરના આ પાળિયા જીર્ણ અવસ્થામાં પડ્યા છે. એકમાં વિક્રમ સંવત ૧૯૦૫ (ઈ.સ. ૧૮૪૭)નું વર્ષ વંચાય છે. લેખો છે જે ઘસાઈ ગયા છે. ચાર પાળિયા વિક્રમ સંવત ૧૯૩૮ (ઈ.સ.

૧૮૮૨)ના વર્ષના છે. બધા પરંપરાગત ઘોડેસવારનું શિલ્પ ધરાવે છે. સવારોના હાથમાં ભાલો અને ઢાલ છે. એકમાં ઢાલવાળા હાથમાં લગામ પકડેલી જણાય છે. ઉપર સૂર્ય ચંદ્રના ચકરડા કોતરાયેલા છે. એક વિશિષ્ટ પ્રતીક ધરાવતો પાળિયો છે. આ બધા પાળિયાઓ વેરવિખેર હાલતમાં પડ્યા છે. ચાર પાળિયાઓને ઊંચા ઓટલા પર માંડવામાં આવ્યા છે. આ પાળિયાનું માપ સરેરાશ ૪૦ x ૫૫ સે.મી. જેટલું છે. પાળિયાના પથ્થરોની જાડાઈ પ્રમાણમાં ઓછી છે. આમાંના કોઈ પાળિયાઓને જુહારવામાં આવતા હોય તેમ જણાતું નથી. તેના પર સિંદૂર વગેરે લગાવેલો જણાતો નથી.

૪.૩.૧૯ ઢીંકવાળીના પાળિયા :

બોટાદના ઢીંકવાળીમાં ગામના સીમાડે ઘણા પાળિયાઓ પડ્યા છે. રેતિયાળ પથ્થરના આ પાળિયા ભગ્ન સ્થિતિમાં ઢગલા રૂપે આમતેમ પડ્યા છે. અહીં કોઈ જાન લૂંટાઈ હતી. આ લડાઈમાં મરાયેલાના આ પાળિયાઓ છે તેવી લોકોક્તિ પ્રાપ્ત થાય છે. અહીં પંદર વીસ જેટલા પાળિયાઓ છે. સતીની વેલનો પાળિયો છે. જેમાં સતી વેલડામા કમર પર હાથ રાખીને દર્શાવવામાં આવી છે. અન્ય પાળિયાઓના શિલ્પમાં અશ્વારૂઢના હાથમાં ભાલો અને ઢાલ કોતરવામાં આવ્યા છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો છે. એક પાળિયામાં ઘોડાના શિલ્પની આગળ માનવ શિલ્પ કોતરાયું છે. તે સેવકનું હોય તેમ જણાય છે. પારેવા પથ્થરના પાળિયાઓ પણ છે. ચૂનાના પથ્થરનો એક પાળિયો હોય તેમ જણાય છે. પાળિયામાં લેખ છે, જે ઘસાઈ ગયેલા હોવાથી ઉકેલી શકાતા નથી. હાલ આ બધા પાળિયા એક વાડોલિયામાં આવેલા છે. આ પાળિયાની કોઈ પૂજાવિધિ થતી હોય તેમ જણાતું નથી.

૪.૩.૨૦ તળાજાના પાળિયા :

તળાજામાં નદી કિનારે તથા અન્ય વિસ્તારોમાં પાળિયાઓ જોવા મળે છે. શહેરના વિકાસના કારણે ઘણા પાળિયા ખસેડી લેવામાં આવ્યા છે. પંદર પાળિયાનો એક સમૂહ છે. નગરની રક્ષાકાજે મરાયેલાના આ પાળિયાઓ છે તેવી લોકોક્તિ પ્રાપ્ત થાય છે. રેતિયાળ પથ્થરના આ પાળિયાઓ પરંપરાગત શિલ્પ ધરાવે છે. તેઓને આજે પણ જુહારવામાં આવે છે. તેના વિશે અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

તળાજામાં ઢાંક ચંદુરી, ઉઘલાવદરથી ખીમાજી વાળા વસવાટ કરવા આવ્યા ત્યારે એક પાળિયો અશ્વારૂઢના શિલ્પવાળો ગાડામાં બેસાડીને તળાજા લઈ આવેલા અને ગઢમાં મેડી ઉપર તેની સ્થાપના કરી હતી. તળાજામાં વાડીમાં ડોસાજી વાળાનો પાળિયો અને દેરી છે. ઈ.સ. ૧૯૭૮ની આસપાસ સહકારી મંડળીની ચૂંટણીના ધીંગાણામાં પોલીસની ગોળી વાગવાથી બહાદુરસિંહ અવસાન પામ્યા. તેમનો પાળિયો ડોસાજીના પાળિયાની સાથે જ દેરીમાં માંડવામાં આવ્યો છે.[૭૯] તળાજા દરબારગઢમાં શૂરાપૂરાદાદા બધુભા વાળાનું સ્થાનક આવેલ છે. તળેટીમાં

કેટલાંક પાળિયા આવેલા છે. તળાજામાં શેરીઓમાં કોઈ કોઈ જગ્યાએ પાળિયા માંડેલા જોવા મળે છે. આ બધા વિશે અન્ય કોઈ વિગતો ઉપલબ્ધ થતી નથી.

૪.૩.૨૧ ત્રાપજના પાળિયા :

ત્રાપજમાં તળાવના કિનારે આવેલ વડ નીચે અનેક પાળિયાઓ આવેલા છે. આ પાળિયા રેતિયાળ અને પારેવા પથ્થરના છે. મોટાભાગના પાળિયા જીર્ણ થયેલા છે. અમુકના શિલ્પો સાવ નષ્ટ થયેલા છે. પદાતિ અને અશ્વારૂઢના પારંપરિક શિલ્પો તેમના પર કોતરવામાં આવ્યા છે. અમુક પાળિયામાં લેખ કોતરાયેલા છે. પણ ઘસાઈ ગયેલા હોવાથી કોઈક શબ્દ જ વંચાય છે. દરબાર, બ્રાહ્મણ વગેરેના પાળિયાઓ છે. પાળિયાની પૂજાવિધિ દરબારો દ્વારા કરવામાં આવે છે. કેટલાંક પાળિયા જમીનમાં અડધા કે પૂરેપૂરા દટાઈ ગયેલા જોવા મળે છે. લોકોક્તિ છે કે આમાંના થોડા ધીંગાણામાં કામ આવેલાના પણ છે. પાળિયાના પથ્થરની સ્થિતિ જોતા તે ઘણા પ્રાચીન હોય તેમ જણાય છે. આના વિશે અન્ય માહિતી પ્રાપ્ત થતી નથી.

૪.૩.૨૨ નાગલપરના પાળિયા :

બોટાદના નાગલપરમાં કેટલાંક પાળિયા આવેલા છે. રેતિયાળ પથ્થરના એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૫૬ (ઈ.સ. ૧૮૯૯) વંચાય છે. પરંપરાગત શિલ્પ ધરાવતા આ પાળિયામાં સૂર્ય ચંદ્રના વર્તુળ કોતરેલા છે. આ ખાચરનો પાળિયો હોવાનું જાણવા મળે છે. વિક્રમ સંવત ૧૯૬૦ (ઈ.સ. ૧૯૦૩)ની ભાદરવા સુદની મિતિ દર્શાવતા રેતિયાળ પથ્થરના પાળિયામાં અશ્વારૂઢના હાથમાં ભાલો અને ઢાલ છે. કમર પર તલવાર છે. ખાચર જ્ઞાતિનો આ પાળિયો છે. અશ્વારૂઢના શિલ્પ ધરાવતા બે પાળિયા વિક્રમ સંવત ૧૯૮૫ (ઈ.સ. ૧૯૨૯)ની સાલ દર્શાવે છે. અશ્વારૂઢના એક પાળિયામાં ઘોડાની લગામ પકડીને સેવક કોતરવામાં આવ્યો છે. તેનો લેખ અસ્પષ્ટ છે. રેતિયાળ પથ્થરના એક પાળિયામાં ઊંટસવારનું શિલ્પ જોવા મળે છે. અહીંના પાળિયામાં ફક્ત સૂર્ય ચંદ્રના વર્તુળ કોતરવામાં આવ્યા છે. અન્ય શિલ્પ જણાતું નથી. સતીની વેલનો પાળિયો છે. જેમાં બે સ્ત્રીઓ કોતરવામાં આવી છે. ઘોડેસવારના એક શિલ્પમાં સવારની પીઠ પાછળ ભાલો હોય તેવી કોતરણી કરવામાં આવી છે. કમરે તલવાર અને સૂર્ય ચંદ્રના પ્રતીકો છે. ચૂનાના સફેદ પથ્થરનો આ પાળિયો જણાય છે. બધા પાળિયાઓમાં ઘોડેસવારના હાથમાં ભાલો, તલવાર અને ઢાલ કોતરાયેલા છે. આ બધા પાળિયા ખાચરના છે. પરંપરાગત રીતે આ પાળિયાઓ માંડવામાં આવ્યા છે.

૪.૩.૨૩ નાનાછૈડાના પાળિયા :

બોટાદના નાનાછૈડામાં એક નિર્જન ટેકરી ઉપર વીસ પચ્ચીસ જેટલા પાળિયાઓ જોવા મળે છે. તેમાંથી મોટાભાગના જીર્ણ અને ભગ્ન અવસ્થામાં ઊભા છે કે પડ્યા છે. હાલ તેમાંના કોઈની પૂજા વિધિ થતી નથી આથી તેની કોઈ ઓળખ પ્રાપ્ત થતી નથી. એક પાળિયામાં વિક્રમ

સંવત ૧૯૨૫ (ઈ.સ. ૧૮૬૯)ની સાલ વંચાય છે. બધા પાળિયામાં અશ્વારૂઢનું શિલ્પ કંડારવામાં આવેલું છે. તેમાંના કેટલાંક શિલ્પો નષ્ટ થયેલા છે. કેટલાંક પાળિયામાં લેખ છે. જેમાંથી એક પાળિયાલેખ થોડો વંચાય છે. આ પાળિયો વિક્રમ સંવત ૧૯૧૮ (ઈ.સ. ૧૮૬૨)નો છે. આ પાળિયાઓ ખાચર દરબારોના છે. તેમ છતાં ખાસ ઓળખ પ્રાપ્ત થતી નથી. કેટલાંક મંડાયેલા છે જ્યારે બીજા આમ તેમ પડ્યા છે. જે જોતા લાગે છે કે આ બીજા કોઈ સ્થળેથી લાવીને આ પાળિયા સાથે નાંખી દેવામાં આવ્યા છે. અહીંના પાળિયાની જાડાઈ બીજા પાળિયાના પ્રમાણમાં વધારે છે. કેટલાંક પાળિયાના શિલ્પો વિશિષ્ટ કોતરણી ધરાવે છે. તેની બીજી કોઈ વિગતો મળતી નથી.

૪.૩.૨૪ પડવાના પાળિયા :

ઘોઘાના પડવામાં અલગ અલગ વિસ્તારમાં મળીને સૌ કરતા વધારે પાળિયાઓ આવેલા છે. આ પડવામાંથી પ્રાચીન પાળિયા લેખોની નોંધ પ્રાપ્ત થાય છે. એક વિસ્તાર પાળિયાના લીધે પાળિયાવાડી અથવા દેરીવાળી વાડી તરીકે ઓળખાય છે. આ વાડીમાં ઓટલા પર બાર પાળિયાઓનો સમૂહ છે. રેતિયાળ પથ્થરના આ પાળિયાઓ લાઈનમાં ખોડવામાં આવ્યા છે. જોતાણી, કણબી, પટેલ વગેરેના આ પાળિયાઓ છે. ગાયોના રક્ષણ માટે આ બધા મરાયેલા તેવી લોકોક્તિ છે. સરેરાશ ૫૫ x ૮૦ સે.મી. માપ ધરાવતા લાલ પથ્થરના આ પાળિયાઓ અશ્વારૂઢના પરંપરાગત શિલ્પ ધરાવે છે. એક પથ્થરમાં બે શિલ્પો કોતરવામાં આવ્યા છે. ૯૦ x ૯૪ સે.મી. માપ ધરાવતા આ પાળિયામાં કોઈ લેખ નથી. દેરીવાળી વાડીમાં બીજો એક પાળિયાનો સમૂહ છે જેમાં વીસ પાળિયાઓ આવેલા છે. આ બધા કતારમાં માંડવામાં આવ્યા છે.

વિક્રમ સંવત ૧૯૭૦ (ઈ.સ. ૧૯૧૪)ની મિતિ ધરાવતા પાળિયાનું માપ ૬૦ x ૭૨ સે.મી. છે. બારૈયા કોળીનો આ પાળિયો છે. તે કોઈ ધીંગાણામાં કામ આવ્યા તેવી લોકોક્તિ છે. પારેવા પથ્થરના ઘોડેસવારનું શિલ્પ ધરાવતા પાળિયામાં કેવેલા રતના એવું મોટા અક્ષરે કોતરવામાં આવ્યું છે. તે બારૈયાના સૂરધન છે. આ વાડીમાં પારેખ, વાણિયા, ગુંદીગરા, ભાવસાર, ચૌહાણ, રાજપૂત, દરજી, જોતાણી, કણબી પટેલ બારૈયા, કોળી પટેલ વગેરેના પાળિયાઓ આવેલા છે. સોલંકીના સૂરધનની ખાંભી છે. હરિજન ગોહિલના પાળિયાઓ પણ જોવા મળે છે.

એક દેરીમાં રજપૂત અને દરજી બંને મિત્રોના પાળિયાઓ છે. તેઓ પાળ સામે લડતા કામ આવ્યાની કથા છે. હરિજનોના પાળિયાઓ આ પાળિયા સમૂહમાં સાથે હતા. હાલ તેને હરિજનોના રહેઠાણ નજીક બેસાડવામાં આવ્યા છે. ગામમાં લુહાર, કુંભાર, ભરવાડના પાળિયાઓ આવેલા છે. ત્રણ પાળિયામાં રથસવારના શિલ્પો કોતરવામાં આવ્યા છે. પારેખના પાળિયા સાથે કથા છે કે તેમની પાસેથી પૈસા લૂંટી, મારી નાખવામાં આવ્યા હતા. પછીથી તેની ખાંભી

માંડવામાં આવી છે. પડવાના પાળિયાઓની જે નોંધો પ્રાપ્ત થાય છે તે પાળિયાઓ હાલ જોવા મળતા નથી. જે પ્રાપ્ત થાય છે તેમાંથી કોઈ અભિલેખિક માહિતી પ્રાપ્ત થતી નથી. પડવા ઘણા પ્રાચીન સમયનું ગામ છે, આથી આ પાળિયાઓ પણ પ્રાચીન સમયના હોવા સંભવ છે.

૪.૩.૨૫ પસવીના પાળિયા :

તળાજાના પસવીમાં રોડની નજીક વાડીમાં દસ પાળિયાઓ પૂર્વાભિમુખ ઊભા છે. આ પાળિયા રેતિયાળ પથ્થરના છે. પાળિયાના શિલ્પમાં ઘોડેસવાર અને ઊંટસવારના શિલ્પો કોતરાયેલા છે. આ પાળિયાઓ આહિરનાછે. અહીંના એક પાળિયામાં વિક્રમ સંવત ૧૮૩૪ (ઈ.સ. ૧૭૭૮) વંચાય છે. આમાંનો એક પાળિયો માયાભાઈ આહિરનો છે. તેઓ જોગીદાસના વખતમાં પાળે ચડ્યા હતા તેવી લોકોક્તિ છે. પાળિયામાં ઊંટસવારના હાથમાં ભાલો કે બરછી છે. બીજા હાથે ઊંટની દોરી પકડી રાખેલ જણાય છે. ઘોડેસવારના શિલ્પ ધરાવતા પાળિયામાં સવારના હાથમાં ભાલો અને ઢાલ છે. એક સવારના માથા પર પાઘડી છે. આમાં આહિર, કાઠી, રબારી વગેરેના પાળિયા હોવાનું જાણવા મળે છે. પાળિયાની સ્થિતિ જીર્ણ છે. ઘણા લાંબા સમયથી આજ સ્થાન પર હોય તેમ જણાય છે. તેમના વિશે વિગતે કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી. આ પાળિયાને કોઈ જુહારતું નથી. આ લોકો પાળજતા બીજી જગ્યાએ મરાયા અને અહીં તેમના પાળિયા માંડવામાં આવ્યા છે. ગામના વડીલ પાસેથી આ માહિતી પ્રાપ્ત થાય છે. (ફોટોગ્રાફ-૨૫)

૪.૩.૨૬ પાણિયાળીના પાળિયા :

તળાજાના પાણિયાળીમાં ઘણા બધા પાળિયાઓ આવેલા છે. ગામમાં રાયધનેશ્વર મહાદેવના મંદિરમાં અને પટાંગણમાં તેમજ બાજુની નાની ટેકરી પર ત્રીસ કરતા વધારે પાળિયાઓ આવેલા છે. મંદિર પાછળ અનુશ્રુતિ છે કે રાયધનસિંહ ગોહિલે કમળપૂજા કરીને આ રાયધનેશ્વર મહાદેવના મંદિરની સ્થાપના કરી હતી. જોકે હાલ તો અહીં ઘણા પાળિયાઓ છે, પરંતુ તેમાં કમળપૂજાનો કોઈ પાળિયો જણાતો નથી. આને લગતો કોઈ લેખ પ્રાપ્ત થતો નથી. આ મંદિરમાં ગર્ભગૃહના દરવાજાની બહાર બંને બાજુ દસ પાળિયાઓ આવેલા છે. આ બધા પાળિયાઓ દરબાર ગોહિલના છે. એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૨૭ (ઈ.સ. ૧૮૭૧) વદ એટલું વંચાય છે. લાલ પથ્થરમાં અશ્વારૂઢનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. શિલાને કોઈ પણ આકાર આપ્યા વગર જ તેના પર કંડારકામ કરવામાં આવેલું જણાય છે. અહીં જાબુચા કોળીના અમુક પાળિયાઓ આવેલા છે. નજીકની ટેકરી પર પંદર જેટલા પાળિયાઓ આવેલા છે. આ બધા પાળિયાને આકાર આપ્યા વગર જ માંડવામાં આવેલા જોવા મળે છે. પાળિયામાં કોઈ લેખ જોવા મળતો નથી. બધામાં પારંપરિક અશ્વારૂઢનું શિલ્પ કંડારવામાં આવેલું છે. વિશિષ્ટ શિલ્પવાળા પાળિયાઓ પણ છે. હાલ આ બધાને સૂરધન તરીકે જુહારવામાં આવે છે. ટેકરી પર પાળિયાનો નજારો મનોહર લાગે છે.

૪.૩.૨૭ પાળિયાદના પાળિયા :

બોટાદના પાળિયાદમાં અઢળક પાળિયા આવેલા છે. પાળિયાની બહુલતાના કારણે તેનું નામ પાળિયાદ પડ્યું હશે તેમ સમજવા પણ કેટલાંક પ્રેરાય છે. પાળિયાદના દરબારગઢમાં એક મોટા ઓટલા પર એકવીસ પાળિયાઓ આવેલા છે. બધા આગળ પાછળ કતારમાં પુનઃ માંડવામાં આવ્યા છે. અહીંના મોટાભાગના પાળિયા પર લેખ કોતરાયેલા જોવા મળે છે. પાળિયાના શિલ્પો સ્પષ્ટ અને સારી સ્થિતિમાં જળવાયા છે. આ પાળિયા સમૂહમાં કેટલાંક હરિજનોના પાળિયા છે. પણ તેની ઓળખ થઈ શકતી નથી એવી માહિતી મળે છે. લગભગ બધા પરંપરાગત રીતે સૂરધન તરીકે બેસાડવામાં આવેલા જણાય છે.

અહીંના એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૯૯/૯૦ (ઈ.સ. ૧૯૪૩) સુદ વાર ગુરૂ એટલું વંચાય છે. પાળિયામાં અશ્વારૂઢનું શિલ્પ છે. તેનો આકાર સમચોરસ જોવા મળે છે. પાળિયાદ ભાગદાર ખાચર XX હામાનો પાળિયો એટલું એક પાળિયામાં વંચાય છે. આ પાળિયો પારંપરિક શિલ્પ ધરાવે છે. વિક્રમ સંવત ૧૯૮૬ (ઈ.સ. ૧૯૩૦)ની સાલ દર્શાવતા પાળિયાઓ આવેલા છે. અહીંના મોટાભાગના પાળિયામાં કસુંબાપાત્રની કોતરણી કરવામાં આવી છે. એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૯X ચઈતરXX વારX દાદાXX ભાણ, એવા છુટા અક્ષરો વંચાય છે. આ પાળિયો જીર્ણ થયેલો છે. પાળિયામાં શિલ્પ સ્પષ્ટ જણાતું નથી. આ પાળિયા સમૂહની બાજુની નાની દેરીમાં વિક્રમ સંવત ૧૯૨૨ (ઈ.સ. ૧૮૬૬)ની સાલ જોવા મળે છે. શૂરાપૂરા તરીકે ઓળખાતા આ પાળિયા સાથે ચમત્કારિક દંતકથા જાણવા મળે છે. જેમાં કોઈ સ્ત્રીને બાળક જન્મમાં તકલીફ પડતી હોય અને તે સ્ત્રીને આ પાળિયા પરથી પાણી ઉતારીને પાવામાં આવે તો બાળક જન્મ સરળ થઈ જાય છે. લોકો આ રીતે વિધિ પણ કરે છે. અન્ય પાળિયાઓ સાથે પણ ચમત્કારો જોડાયેલા છે.

અહીં અબુભાઈની વાડી પાસે ઊંચા ચોતરા ઉપર ચાર પાળિયાઓ આવેલા છે. આ પાળિયામાં એક સતીની વેલનો પાળિયો છે. પાળિયા પરના લેખો વાંચી શકાય તેવા છે. અબુભાઈની વાડીમાં લીમડાના મોટા ઝાડ પાસે વીસ જેટલા પાળિયાઓ વેરવિખેર હાલતમાં પડ્યા છે. આ બધા પાળિયા રેતિયાળ પથ્થરના છે. વિક્રમ સંવત ૧૯૯૩ (ઈ.સ. ૧૯૩૭)ની સાલ એક પાળિયામાં નોંધવામાં આવી છે. પાળિયાનું શિલ્પ નષ્ટ થયું છે. અહીંના મોટાભાગના પાળિયામાં લેખ પ્રાપ્ત થાય છે. જેમાંનો કેટલોક ભાગ ઉકેલી શકાય છે. આ પાળિયામાં મોટાભાગના સારી સ્થિતિમાં છે. અમુક ભગ્ન હાલતમાં છે. તો થોડા છુટાછવાયા પડ્યા છે. કેટલાંક પાળિયામાં નામ વગેરે ઉકેલાય તેવા હોવા છતાં અહીંના કોઈ પાળિયાની પૂજા વિધિ થતી નથી. આ પાળિયા ખાચર દરબારના છે તેવી જાણકારી તેમના પરના લેખ અને લોકો દ્વારા પણ પ્રાપ્ત થાય છે.

પાળિયાદમાં દરબારગઢમાં બે બહેનોની દેરી પાસે બાર પાળિયાઓ આવેલા છે. વિક્રમ સંવત ૧૯૩૬ (ઈ.સ. ૧૮૮૦)ના વર્ષનો એક પાળિયો છે. અહીંના બધા પાળિયા અશ્વારૂઢનું શિલ્પ ધરાવે છે. લગભગ બધા પાળિયાઓમાં લેખ કોતરાયા છે. આ લેખ સારી સ્થિતિમાં જળવાયેલા હોવાથી તેમની વાંચના થઈ શકે તેમ છે. વિક્રમ સંવત ૧૯૦૬ (ઈ.સ. ૧૮૫૦)ની સાલવાળા પાળિયામાં ભાદરવાXX ખાચર એટલું વંચાય છે. તેના શિલ્પમાં ઘોડેસવાર કંડારવામાં આવ્યો છે. અહીં વિશિષ્ટ કોતરણીવાળા પાળિયાઓ પણ જોવા મળે છે. અહીંના પાળિયા પરના શિલ્પો સારી સ્થિતિમાં જળવાયેલા જોવા મળે છે. આ બધા શિલ્પ, અભિલેખ વગેરેની માહિતી જે તે પ્રકરણમાં આપવામાં આવી છે. આ સિવાય પણ પાળિયાદમાં નાના નાના પાળિયા સમૂહો જોવા મળે છે. પાળિયાદમાં કાઠી વસ્તીનું પ્રમાણ છે. તેમનામાં આ રિવાજ પરંપરાગત ઉતરી આવ્યો છે. તેઓ પોતાના પૂર્વજને સૂરધનના સ્વરૂપમાં પાળિયા માંડી પૂજા વિધિ કરે છે. આથી મોટાભાગના પાળિયાઓ સૂરધનોના જ જોવા મળે છે. તેમનામાંથી આ પાળિયાપ્રથા ઓછી થતી જણાય છે. તેઓ સામાન્ય રીતે આ પાળિયાઓને શૂરાપૂરા તરીકે જ ઓળખાવે છે. પાળિયાદ આજુબાજુના તરઘરા, રતનપર, બાબરકોટ, પીપળિયા વગેરેમાં પાળિયા જોવા મળે છે.

૪.૩.૨૮ પીથલપરના પાળિયા :

તળાજાના પીથલપરમાં ગામના ચોકમાં જીર્ણ થયેલા ત્રીસ કરતા વધારે પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયા પર બોરડી, બાવળ વગેરે ઊગી નીકળ્યા છે. કેટલાંક પાળિયાઓ જમીનમાં દટાઈ ગયા છે. અહીંના એક પાળિયામાં વિક્રમ સંવત ૧૯૪૩ (ઈ.સ. ૧૮૮૯)ની સાલ વંચાય છે. ૪૦ x ૫૦ સે.મી. માપ ધરાવતા આ પાળિયામાં અશ્વારૂઢના હાથમાં ભાલો અને બીજા હાથમાં લગામ છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો જોવા મળે છે. પીથલપરમાં આવેલા આ પાળિયાઓ કોળી, ખરક, કુંભાર વગેરેના છે. પીથલપર ઉપર કાઠી દરબારોએ હુમલો કર્યો હતો, તેની સામે પાળે ચડી મરાયેલાના આ પાળિયાઓ છે તેવી લોકોક્તિ છે. પાળિયા સમૂહમાં એક સતીનો પાળિયો છે. જેમાં સતીના જમણા હાથનું પ્રતીક કોતરવામાં આવ્યું છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો છે. મોટાભાગના પાળિયાનો લેખવાળો ભાગ જમીનમાં દટાયેલો જણાય છે. અન્ય કોઈમાં લેખ ઉકલે તેવા નથી. અહીં એક વિશિષ્ટ પાળિયો આવેલો છે. ચોકમાં અને ગામમાં અનેક પાળિયાઓ હતા જે ગામનો વ્યાપ વધતા કાઢી નાખવામાં આવ્યા છે. દરિયામાં કે નદીમાં પધરાવી દેવામાં આવ્યા છે. ગામમાં સૂરધનોના ઓટા જોવા મળે છે. બધા પાળિયામાં પરંપરાગત શિલ્પ જોવા મળે છે.

૪.૩.૨૯ બીલડીના પાળિયા :

મહુવાના બીલડી ગામમાં બિલેશ્વર મહાદેવના પટાંગણમાં આઠ પાળિયાઓ આવેલા છે. આમાં ત્રણ પાળિયા સતીના છે. પાળિયાનો પથ્થર લાલ અને સફેદ રેતિયાળ છે. પાળિયાના

શિલ્પમાં ઘોડેસવારના હાથમાં ભાલો અને ઢાલ છે. કોઈમાં લગામ પકડેલી દર્શાવવામાં આવી છે. સતીના પાળિયામાં સતીના હાથનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. બે પાળિયામાં ફક્ત એલ આકાર જેવી હાથની કોતરણી છે. પાળિયામાં સૂર્ય ચંદ્રના પ્રતીકો કોતરવામાં આવ્યા છે. એક પાળિયામાં વિક્રમ સંવત ૧૮૩૩ (ઈ.સ. ૧૭૭૭) વંચાય છે. આ પાળિયાઓ જેઠવા, દરજી, ધુંધળવાના છે તેવી જાણકારી મળે છે. એકમાં વિક્રમ સંવત ૧૯૮૦ (ઈ.સ. ૧૯૨૪) વંચાય છે. જેઠવા પરિવારના સૂરધનની ખાંભી ૨૫-૧૧-૨૦૦૮ના રોજ માંડવામાં આવી છે. આના પરથી સમજી શકાય છે કે આજે પણ ખાંભીઓ માંડવામાં આવે છે. બીલડી ગામમાં ઘણા પાળિયાઓ વેરવિખેર હાલતમાં પડ્યા છે. આ પાળિયા વિશે કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. જૂના પાળિયાઓ જમીનમાં દાટી દેવામાં આવ્યા છે કે પાણીમાં પધરાવી દીધાની માહિતી મળે છે. હાલ જે પાળિયાઓ છે તેની સ્થિતિ જીર્ણ છે. અહીંના પાળિયા પરથી ઉકલે તેવો લેખ પ્રાપ્ત થયો નથી.

૪.3.30 બોટાદના પાળિયા :

બોટાદમાં નાગલપર દરવાજાને રસ્તે આવેલી વાડીમાં પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયા ઉપર મંડપ બનાવવામાં આવ્યો છે. બોટાદમાંથી પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. આ પાળિયામાં સંવત તિથિ સાલ વગેરે જોવા મળે છે. અમુકમાં લેખ ઘસાઈ જવાથી સાલ વગેરે કહી શકાતા નથી. એક પાળિયામાં વિક્રમ સંવત ૧૮૨૨ (ઈ.સ. ૧૭૬૬)ની સાલ વંચાય છે. ઘણામાં અભિલેખોનો કેટલોક ભાગ વંચાય છે, જે અભિલેખના પ્રકરણમાં આપવામાં આવ્યા છે. આમાંના એકમાં ભોજભાઈનો ઉલ્લેખ મળે છે. જે બોટાદના મૂળ ગામેતી માનવામાં આવે છે. બીજા એક બે પાળિયામાં ખસ અટકનો ઉલ્લેખ મળે છે. જેના પરથી કહી શકાય કે અહીં ખસ અટકવાળા ગોહિલ કુટુંબો વસતા હતા. આ ભોજભાઈ ખાચર હતા તેઓ કાઠી હતા. તેમની રાજવંશી શાખા ખાચર હતી. આ માહિતી પાળિયા પરના લેખોમાંથી પ્રાપ્ત થાય છે. નાગલપર દરવાજા પાસે આવેલા આ પાળિયાઓમાં કેટલાંક ખંડિત, અસ્પષ્ટ અને ઐતિહાસિક દૃષ્ટિએ કાલક્રમમાં ગોઠવાયા નથી. આ પાળિયા ઉપર ગોહિલવાડની સંસ્કૃતિ મિશ્ર દેશ્ય ભાષાની લઢણ વરતાય છે.

સતીની વેલના પાળિયા પણ જોવા મળે છે. પાળિયામાંના શિલ્પો પારંપરિક છે, પણ કેટલાંક વિશિષ્ટ કોતરણીવાળા પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયાઓ રેતિયાળ લાલ પથ્થરના છે. પાળિયામાં વિક્રમ સંવત ૧૮૩૯ (ઈ.સ. ૧૭૮૩) વિક્રમ સંવત ૧૮૪૧ (ઈ.સ. ૧૭૮૫), વિક્રમ સંવત ૧૮૫૨ (ઈ.સ. ૧૭૯૭), વિક્રમ સંવત ૧૮૫૫ (ઈ.સ. ૧૭૯૯), વિક્રમ સંવત ૧૮૭૧ (ઈ.સ. ૧૮૧૫), વિક્રમ સંવત ૧૮૮૯ (ઈ.સ. ૧૮33), વિક્રમ સંવત ૧૮૯૦ (ઈ.સ. ૧૮૩૪)[૭૯] વગેરે સાલનો ઉલ્લેખ ધરાવતા પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયાઓની સંવત પ્રાપ્ત થાય છે.

અન્ય લેખ ઘસાઈ ગયેલા હોવાનું જાણવા મળે છે. બોટાદના એક બે પાળિયાના સંપૂર્ણ લેખની નોંધ પણ પ્રાપ્ત થાય છે.

૪.૩.૩૧ ભાવનગરના પાળિયા :

ભાવનગર શહેરમાં ઘણા પાળિયાઓ જોવા મળે છે. અહીંના સરદારબાગમાં કેટલાંક પાળિયા આવેલા છે. રેતિયાળ, પારેવા પથ્થરના આ પાળિયા પૂર્વાભિમુખ માંડવામાં આવ્યા છે. આમાં વિક્રમ સંવત ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪), વિક્રમ સંવત ૧૯૦૯ (ઈ.સ. ૧૮૫૩) વગેરે વર્ષનો ઉલ્લેખ ધરાવતા પાળિયા જોવા મળે છે. આ પાળિયાનું માપ ૬૬ x ૭૦, ૬૬ x ૮૭, ૫૮ x ૬૬ અને ૭૭ x ૫૦ સે.મી. જોવા મળે છે. આમાંના કેટલાંક પાળિયાઓ જાંબુચા, મકવાણા, રાઠોડ, કોળી વગેરેના છે.

સરદારબાગમાં રૂખડદાદા સૂરધનની દેરી આવેલી છે. તેની પૂજા વિધિ થાય છે. આ બધા પાળિયા પરના લેખો ઘસાઈ ગયા છે. મોટાભાગના પાળિયાનો પથ્થર જીર્ણ થયેલો છે. પારંપરિક અશ્વારૂઢના શિલ્પો કંડારવામાં આવેલા છે. ભાવનગરમાં પહેલા પાળિયાધાર તરીકે ઓળખાતી ટેકરી ઉપર ઘણા પાળિયાઓ હતા. તે બધા લૂંટફાટ કે ધીંગાણામાં મરાયેલા કોળીઓના હોવાનું મનાય છે. હાલ તો આ પાળિયાઓની ખાસ કોઈ માહિતી મળતી નથી. તખ્તેશ્વરની ટેકરી તરીકે ઓળખાતી ટેકરીની તળેટીમાં તખ્તેશ્વરની પાછળ તળેટીમાં ઝુઝા ભરવાડની ખાંભીની નોંધ પ્રાપ્ત થાય છે. અહીં સતીના પાળિયાની પણ નોંધ મળે છે. આ સતીનો પાળિયો ચોતરા ઉપર, જ્યારે ઝુઝાનો પાળિયો નીચે માંડવામાં આવ્યો છે. અહીં ગાયની ખાંભીની નોંધ પ્રાપ્ત થાય છે.[૮૦] આ ઝુઝા રબારી અને સતી સાથે સંકળાયેલ લોકકથાની માહિતી મળે છે. જેમાં ઝુઝાની બહાદુરી રજૂ કરવામાં આવી છે.

ભાવનગર પાદરમાં ભાવનગરના ગૌધન માટે જીવન સમર્પણ કરનાર અઢાર જાડેજા વીરોના પાળિયાની માહિતી મળે છે. અનંતવાડીના પાછળના ભાગમાં કૉલેજ તરફ જતા આ પાળિયા એક ઓટા ઉપર માંડવામાં આવ્યાની માહિતી મળે છે.[૮૧] આ ચોતરા નીચે બંને છેડે બે ખાંભીઓની માહિતી મળે છે. તેમાંની એકમાં લેખ કોતરાયેલો છે જે વિક્રમ સંવત ૧૯૪૫ (ઈ.સ. ૧૮૮૯)નો છે. આ પાળિયો વડવાના કોઈ જાડેજામાંથી મોતીસરી ગામે ધીંગાણામાં કામ આવેલ તેનો છે. હજુ પણ વડવાના જાડેજાઓ કે જે આના વંશજો છે તે મોતીસરીનું પાણી પીતા નથી. અહીંના બીજા પાળિયા પર વિક્રમ સંવત ૧૯૧૭ (ઈ.સ. ૧૮૬૧)ની સાલની નોંધ પ્રાપ્ત થાય છે.[૮૨] આજે પણ ભાવનગરમાં કોઈ કોઈ વિસ્તારોમાં પ્રાચીન પાળિયાઓ જોવા મળે છે. આ બધા પાળિયાઓ ઘસાઈ ગયા હોવાથી તેની ઘટનાને લગતી માહિતી મેળવી શકાતી નથી. કેટલીક સૂરધનો અને શિકોતરની ખાંભીઓ જોવા મળે છે. શહેરના વિકાસ સાથે મોટાભાગના પાળિયાઓ નષ્ટ થવા પામ્યા છે કે ખસેડી લેવામાં આવ્યા છે.

૪.૩.૩૨ મહુવાના પાળિયા :

મહુવામાં લાતીબજાર, તળાવ વગેરે વિસ્તારમાં પાળિયાઓ જોવા મળે છે. તળાવમાં આવેલ વાછરાવીરના મંદિરમાં ૩૦ x ૪૫ સે.મી. માપ ધરાવતો પાળિયો આવેલો છે. પાળિયા પર સિંદૂર ચોપડેલો હોવાથી લેખ વગેરે જણાતું નથી. આ પાળિયાને છેક કચ્છથી તેના વંશજો જુહારવા આવે છે, તેવી માહિતી મળે છે. પાળિયા શિલ્પમાં અશ્વારૂઢના હાથમાં તલવાર અને ઢાલ છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો છે. તળાવમાં સતીનો પાળિયો અને દેરી છે. પાળિયા સાથેની એક કથા અહીં નોંધાય છે.

ઘણા જૂના સમયમાં મહુવામાં તાલબ જમાદારનું રાજ્ય હતું. આ જમાદાર ખેડૂતોને જમીન ખેડવા આપીને તેમાં જે અનાજ થાય તે ભાગબટાઈથી રાજભાગ લેતો અને એ આવક ઉપર વહીવટ ચલાવતો. ગામને છેડે કૂવા પાસે ગાયોનું ધણ બેસતું. આ ધણ ઉપર કેટલાંક લૂંટારાઓની નજર પડી. ગાયોના ધણને લઈ જવા તેઓ આવતા હતા, એટલામાં ચોકીદારની નજર તેઓના ઉપર પડી. બૂંગિયો વગાડ્યો અને ગામના શૂરવીરો હાથ આવ્યું હથિયાર લઈને લડવા નીકળી પડ્યા. લૂંટારાઓની સાથે ખૂનખાર લડાઈ થઈ. આ લડાઈમાં ગામના અનેક શૂરવીરો કામ આવી ગયા, પણ ગૌધન બચાવ્યું. આ શૂરવીરોની ખાંભી મહુવાને ઝાંપે દર્શાવવામાં આવી છે. આ ધીંગાણામાં ભરવાડ માકાઆતા મરાયા તેની ખાંભી છે. આજે પણ તેના વંશજો ગીરમાંથી અહીં આવે છે.[૮૩] આ વિસ્તાર ધણકૂવા તરીકે ઓળખાતો હતો. આજે પણ તેની ઓળખ જળવાઈ રહી છે.

મહુવામાં જે. પી. પારેખ સ્કૂલ નજીક કેટલાંક પાળિયાઓ આવેલા છે. કુબેરબાગ પાસે જીર્ણ થયેલા પાળિયાઓ જોવા મળે છે. વડલી નાકે પણ ઘણા પાળિયાઓ ઊંચા ચોતરા ઉપર આવેલા છે. ગાંધીબાગ જવાના રસ્તે એક દેરી આવેલી છે. વ્યાયામ મેદાન નજીક જીર્ણ થયેલા પાળિયા આવેલા છે. નાવલી કિનારે ખાંભીઓ જોવા મળે છે. મહુવાના આસપાસના વિસ્તારોમાં પાળિયાઓ જોવા મળે છે.

૪.૩.૩૩ માંડવાના પાળિયા :

તળાજાના માંડવામાં એક વડ નીચે ઓટલા ઉપર વીસ પાળિયાઓ આવેલા છે. આ ઓટલો દાદાના ઓટલા તરીકે ઓળખાય છે. ઓટલા નીચે પણ કેટલાંક પાળિયાઓ જોવા મળે છે. એક પારેવા પથ્થરનો અને બીજા રેતિયાળ પથ્થરના પાળિયા છે. આ બધા દરબાર ગોહિલ અને કોળીઓના સૂરધનો છે. એક પાળિયામાં સંવત ૧૯XX વંચાય છે. પારેવા પથ્થરના ૩૦ x ૫૦ સે.મી. માપ ધરાવતા પાળિયામાં ભગતસિંહ મેપજી વંચાય છે. પાળિયો પરંપરાગત ઘોડેસવારનું શિલ્પ ધરાવે છે. ગોહિલ પરિવાર દ્વારા ઓટો બનાવરાવી તેના પર બધા પાળિયાઓ માંડવામાં આવ્યા છે. બધા પાળિયાઓમાં ઘોડેસવારના શિલ્પો કોતરાયેલા છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો છે. લેખો ઘસાયેલ હાલતમાં છે.

૪.૩.૩૪ મોરચંદના પાળિયા :

ઘોઘાનું મોરચંદ પ્રાચીન ગામ છે. અહીંના મહાદેવના મંદિરમાં અને પટાંગણમાં પાળિયાઓ આવેલા છે. રેતિયાળ પથ્થરના પાળિયામાં વિક્રમ સંવત ૧૯૧૯ (ઈ.સ. ૧૮૬૩) વંચાય છે. તેમાં ઘોડેસવારનું શિલ્પ કોતરાયેલ છે. પાળિયો જીર્ણ થયેલો છે. વિક્રમ સંવત ૧૯૦૯ (ઈ.સ. ૧૮૫૩)ના વર્ષનો ઉલ્લેખ એક પાળિયામાં મળે છે. વિક્રમ સંવત ૧૭૨૭ એટલું એક પાળિયામાં વંચાય છે. સતીના પાળિયામાં જમણા હાથનું પ્રતીક કોતરવામાં આવ્યું છે. પાળિયાનો લેખ નષ્ટ થયેલો જણાય છે. અહીં કોળી, બારૈયા, મકવાણા, પરમાર વગેરેના સૂરધનોની ખાંભીઓ આવેલી છે. મંદિરમાં આવેલા પાળિયાઓ દરબારના છે. લુહારના સૂરધનની ખાંભી છે. મેપાદાદાની ખાંભી મંદિરમાં છે. આ દાદા કોઈ પાળમાં કામ આવ્યા હતા તેવી લોકોક્તિ છે. તેમની બીજી ખાંભી છે જે કરેડમાં આવેલી છે. તે ગોહિલના સૂરધન તરીકે પૂજાય છે. મોરચંદમાંથી ઘણી પાળિયા નોંધો પ્રાપ્ત થઈ છે, જે ભાવનગર પ્રાચીન શોધસંગ્રહમાં આપવામાં આવી છે.

૪.૩.૩૫ વરતેજના પાળિયા :

ભાવનગર નજીક વરતેજ ગામ આવેલું છે. અહીં સતીમાતાનું મંદિર આવેલું છે, જેમાં સતીના પાળિયાની પૂજા કરવામાં આવે છે. આ સતીમાતા સાથે દંતકથા સંકળાયેલ છે. તેઓ અહીંના કંડોળિયા વેપારી બ્રાહ્મણના પત્ની હતા. આ બ્રાહ્મણ વેપારીએ વેપારમાં પોતાનું સર્વસ્વ ગુમાવ્યું. રહેવાનું ઘર પણ આગમાં બળી ગયું. તેથી ખૂબ જ દુઃખી અને નિરાશ થયેલા આ વેપારી અને તેની પત્ની વિક્રમ સંવત ૧૯૭૪ (ઈ.સ. ૧૯૧૮)ના કારતક માસનાં શુક્લ પક્ષમાં ચિતા ખડકીને જાતે બળી મર્યા.[૮૪] તેમની સ્મૃતિમાં સતીમાતાની પૂજા કરવામાં આવે છે. અહીં પીરની કબર છે જેની સાથે બહારવટિયા સાથે લડવાની કથા સંકળાયેલ છે. વરતેજમાં અન્ય પાળિયાઓ જોવા મળે છે, જે સૂરધનોના છે. જેને જુહાર કરવામાં આવે છે.

૪.૩.૩૬ સમઢિયાળા-૧ના પાળિયા :

બોટાદના સમઢિયાળામાં પાળિયાઓ આવેલા છે. બોટાદથી સમઢિયાળા જતા સતીનો પાળિયો આવે છે. રેતિયાળ પથ્થરના આ પાળિયામાં રથસવાર સતીનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો છે. તેને ચાવડાના સતીમાતા તરીકે પૂજવામાં આવે છે. ઘોડેસવારનું શિલ્પ ધરાવતા પાળિયામાં સવારના હાથમાં તલવાર અને ઢાલ છે. કમરે તલવાર લટકે છે. ઘોડાની સામે લગામ પકડીને સેવક ઊભો છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો છે. બીજા એક સતીના પાળિયામાં સતીની વેલ કોતરવામાં આવી છે. બીજા બે પાળિયાઓ ઘોડેસવારનું શિલ્પ ધરાવે છે. એકના હાથમાં તલવાર અને ઢાલ છે. બીજાના હાથમાં ભાલો અને ઢાલ જોવા મળે છે. આ પાળિયાઓ ધાધલના છે તેવી જાણકારી મળે છે. આ પાળિયા પરંપરાગત રીતે સૂરધન

તરીકે માંડવામાં આવેલા છે. અહીં પુજાઆપા સૂરધનની ખાંભી છે. જેની ગામમાં બીજી ત્રણ ખાંભીઓ માંડવામાં આવી છે. તેઓ સિંહ સાથે લડ્યાની દંતકથા છે. હાલ ભરવાડમાં સૂરધન તરીકે પૂજાય છે. આ બધા પાળિયામાં લેખો છે જે ઘસાઈ ગયા હોવાથી ઉકેલી શકાતા નથી. પાળિયાનો પથ્થર પણ જીર્ણ થયેલો છે. ગામમાં જીર્ણ થયેલા કેટલાંક પાળિયાઓ જોવા મળે છે.

૪.૩.૩૭ સરવઈના પાળિયા :

બોટાદના સરવઈમાં પાળિયાધાર નામે ઓળખાતી નાની ધાર પર વીસ પાળિયાઓ આવેલા છે. એકમાં વિક્રમ સંવત ૧૯૧૫ (ઈ.સ. ૧૮૫૯) વંચાય છે. હિન્દીમાં લેખ છે જે ઘસાઈ ગયો છે. આમાં સતીના પાળિયાઓ પણ છે. બધા પાળિયા પરંપરાગત ઘોડેસવારનું શિલ્પ ધરાવે છે. એક સુંદર કોતરણીવાળો પાળિયો છે. એકમાં ફક્ત સૂર્ય ચંદ્રના ચકરડા કોતરવામાં આવ્યા છે. અન્ય શિલ્પ નથી. પારેવા પથ્થરની ૧૧૨ x ૬૩ સે.મી.ની ખાંભીમાં કોઈ શિલ્પ કે લેખ જણાતો નથી. સતી અને પુરુષનો વિશિષ્ટ પાળિયો છે. મોટાભાગના પાળિયા જીર્ણ થયેલા છે. આ પાળિયાઓ ધાધલના છે તેવી જાણકારી પ્રાપ્ત થાય છે. પાળિયા પર બાવળ વગેરે ઉગી ગયા છે. તેને જુહાર, વિધિ વગેરે થતા નથી. આ પાળિયાઓ વિશે અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

૪.૩.૩૮ સવાઈનગરનો પાળિયો :

ભાવનગરના સવાઈનગરમાં માતાજીનું એક જૂનું મંદિર છે. આ માતાના મંદિરના ઓટાના દક્ષિણ પશ્ચિમ ખૂણે પગથિયાની બાજુમાં ખાંભી આવેલી છે. આમાં ફક્ત રેખાંકિત એવું એક આલેખન છે. નીચે થોડું લખાણ છે, જે સંપૂર્ણ વાંચી શકાતું નથી. શિલ્પમાં કમળપૂજા કરતો વ્યક્તિ કોતરવામાં આવ્યો છે. જેણે તલવાર ગળા પર રાખેલી છે. તેની બાજુમાં એક ફૂલની કોતરણી કરવામાં આવી છે. આ ફૂલની ડાંડલી દેખાય છે. પાંદડીઓ રેખાથી ઊંચી અણીવાળી છે. તે સંખ્યામાં ઘણી છે. આની સામે શિવલિંગ કે માતાજીનું ફૂલ કે ચિત્ર કંઈ નથી. આ પાળિયા પાછળ એક લોકોક્તિ જોવા મળે છે. ગામનું તળાવ ખોદવામાં મુશ્કેલી પડતી હતી અને પાણી રહેતું ન હતું. એવી સ્થિતિમાં ગામના પાણીના સુખ માટે ગામના અગ્રણીના પુત્ર કે પુત્રી જમાઈએ આ કમળપૂજા કરી છે. માતાજીનું મંદિર બાંધવામાં આવ્યું ત્યારે પણ પાળિયાને યથાવત રાખવામાં આવ્યો છે. રેતિયાળ પથ્થના આ પાળિયાનું માપ ૫૦ x ૨૦ સે.મી. જેટલું છે. પાળિયામાંના માનવ શિલ્પની કોતરણી વિશિષ્ટ પ્રકારની છે. આ પાળિયા વિશે વધારે અભિલેખિત માહિતી પ્રાપ્ત થતી નથી.

૪.૩.૩૯ સિહોરના પાળિયા :

સિહોરમાં બસ સ્ટોપ જવાના રસ્તાની ઉપરના ખાંચમાં પહેલા પાળિયા હતા તેથી આ ખાંચાને પાળિયાધારના ખાંચા તરીકે ઓળખવામાં આવતો હતો. અત્યારે એજ નામથી

ઓળખવામાં આવે છે.[૯૫] સિહોરના રાજા ધૂનાજીના પાળિયાની નોંધ મળે છે. સૂરકા દરવાજા બાજુ છ પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. તેમાં બે ઘોડેસવારના, એક ઊંટસવારનો અને બીજા ત્રણ સતીના હતા. એ બધા વિક્રમ સંવત ૧૬૭૫ (ઈ.સ. ૧૬૧૯)ની સાલના છે તેથી વધારે જૂના નથી.[૯૬] જોકે હાલ આ પાળિયાઓની ઓળખ થઈ શકતી નથી. સિહોરમાં નદીના કિનારે બાવાજી શામગરજીની સમાધિની દેરી આવેલી છે. આ બાવાજી પાછળ દંતકથા રહેલી છે. નાનાસાહેબનું સ્મારક સિહોરમાં દર્શાવવામાં આવે છે. બ્રહ્મકુંડ વિસ્તારમાં પણ કેટલાંક પાળિયાઓ જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે સિહોર એ રાજધાનીનું પ્રાચીન નગર રહેલું છે.

૪.૩.૪૦ સેંદરડાના પાળિયા :

ઉમરાળાના સેંદરડામાંથી એક પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. અશ્વારૂઢના આ પાળિયામાં લટકતી ધાતુની જાળીવાળા મધ્યયુગમાં વપરાતું એવું અંગ પર કવચ છે. ઘોડાને પણ શરીર પરનું આવું જ કવચ પથ્થરમાં સ્પષ્ટ કંડારેલું દેખાય છે. માથા પરથી લટકતા વાળના કંડારથી દૂરથી જોનારને અને આ વિષયના ઓછા જાણકારને આ સ્ત્રીનો પાળિયો છે કે પુરુષનો એ સમજવું મુશ્કેલ છે. સ્ત્રી નથી એના મહત્ત્વના ચિહ્ન બાજુમાં હાથ કે પંજો કે દેહના અવયવોમાં સ્ત્રીના કોઈ લક્ષણ દેખાતા નથી. એટલે છે તો પુરુષનો જ પાળિયો અને એ પણ મધ્યયુગના કોઈ મહત્ત્વના પુરુષનો જે કાંતો નાનો રાજવી, સરદાર કે મુસ્લિમ સૂબેદાર હોય. જેના પર હિન્દુ સંસ્કારની ઘણી અસર હોય એવું જણાય છે. આ પાળિયામાં સૂર્ય ચંદ્ર છે. આની બાજુમાં એક બીજો અશ્વારોહી પુરુષનો કવચહીન પાળિયો છે. જેના હાથમાં સાંગ ઢાલ અને ઉપર સૂર્ય ચંદ્ર છે. પહેલા પાળિયાને પણ સૂર્ય ચંદ્રથી અમરતા બક્ષી છે. ગામ લોકો આને ગોપીના પાળિયા તરીકે ઓળખાવે છે. નીચે સંવત કે અન્ય લેખ વાંચી શકાતો નથી. આ ગોપીના પાળિયાથી થોડે દૂર એક શિલાલેખ છે. જે હનુમાનજી તરીકે પૂજાય છે. ઝીણવટથી તપાસતા એમાં માને ગાયને ધાવતા વાછરડાના પાછલા નાજુક બે પગો અને નીચે પાંચ સાત લીટીનું ભાંગીતોડી નાંખેલું નાગરી લખાણ છે. એટલું જોઈ શકાય છે. આના પરથી અનુમાન કરી શકાય કે, આ ગૌચરની આણનો કે દાનનો શિલાલેખ છે. પાસેની ખુલ્લી જમીન ગૌચરની સાખ પૂરે છે.[૯૭] ભાવનગર જિલ્લાના પાળિયાની જે નોંધો પ્રાપ્ત થાય છે તેમાંના મોટાભાગના પાળિયાની હાલની સ્થિતિ શું છે તે જાણી શકાતું નથી અથવા તે પોતાની ઓળખ ગુમાવી બેઠા છે. આમ છતાં આ નોંધો પરથી તેના અંગેની જાણકારી મેળવી શકાય છે.

આ ઉપરાંત પણ જિલ્લાના ગામોમાં પાળિયાઓ જોવા મળે છે. આ બધા પાળિયાઓ પરંપરાગત શિલ્પ ધરાવતા અને સૂરધન તરીકે માંડવામાં આવેલાની સંખ્યા વધુ જોવા મળે છે. ગઢડાના ઈશ્વરિયામાં ઘેલો નદીના કિનારા પર પાળિયાઓ આવેલા છે. ઘોડેસવારનું શિલ્પ ધરાવતા આ પાળિયાઓ રેતિયાળ લાલ અને પારેવા પથ્થરના છે. પાળિયામાં ખરલ કોતરેલ

હોવાથી આ પાળિયા કાઠીઓના હશે તેમ જણાય છે. એકમાં વિશિષ્ટ શિલ્પ જોવા મળે છે. તળાજાના કઠવામાં ગામના મંદિરના પટાંગણમાં જીર્ણ થયેલા પાળિયાઓ પડ્યા છે. આ બધા ગામમાંથી લાવીને અહીં મૂકી દેવામાં આવ્યા છે. અશ્વારૂઢના શિલ્પ ધરાવતા પાળિયા પારેવા અને રેતિયાળ પથ્થરના છે. કેટલીક અણઘડ ખાંભીઓ પણ જોવા મળે છે. પથ્થરને આકાર આપ્યા વગર શિલ્પો કોતરવામાં આવ્યા છે. ઘોઘાના કુંકડમાં ત્રીસ પાળિયાઓ આવેલા છે. આ બધા કોળી, દરબાર વગેરેના સૂરધનો છે. અશ્વારૂઢ અને પદાતિના શિલ્પ ધરાવતા પાળિયાઓ છે. ત્રણ ઓટા બનાવી તેના પર બધા પાળિયા માંડવામાં આવ્યા છે. એકમાં વિક્રમ સંવત ૧૮૧૯ (ઈ.સ. ૧૭૬૩)નું વર્ષ વંચાય છે. અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. ગામમાં અન્ય જગ્યાએ પણ પાળિયાઓ જોવા મળે છે. બધા પાળિયાની સૂરધન તરીકે પૂજા વિધિ કરવામાં આવે છે.

ગઢડાના ખીજડીયામાં ગામના પાદરમાં દરબારના પાળિયાઓ આવેલા છે. રેતિયાળ લાલ પથ્થરના ચાર પાળિયા છે. અશ્વારૂઢનું શિલ્પ ધરાવતા આ પાળિયામાં એક પથ્થર પર બે અશ્વારૂઢના શિલ્પો કોતરવામાં આવ્યા છે. તળાજાના જસપરામાં ગામના ચોકમાં ખરક, ગોહિલ, સેતા, ભૂરાણી, ઢેઢી, ઠઠ, પટેલ વગેરેના પાળિયાઓ શૂરાપૂરા તરીકે પૂજાય છે. આ પાળિયાઓ પરંપરાગત શિલ્પ ધરાવે છે. ગામ પર ચડી આવેલ કોઈ પાળ સામે આ બધા મરાયા હતા તેવી લોકોક્તિ પ્રાપ્ત થાય છે. બોટાદના તુરખામાં વિક્રમ સંવત ૧૯૩૩ (ઈ.સ. ૧૮૭૭)ના વર્ષનો પાળિયો છે. તળાજાના ભુંગરમાં કાંટિયાવરણના કેટલાંક પાળિયા જોવા મળે છે. તળાવના કિનારે પૂર્વમુખ ભગાદાદા સૂરધનની ખાંભી આવેલી છે. ખાંભી અણઘડ પથ્થરની છે. જીર્ણોદ્ધાર ઓટા પર માડી મંડપ બનાવવામાં આવ્યો છે. રાઠોડ કુળમાં શૂરાપૂરા તરીકે પૂજાય છે. નૈવેદ્ય અને માનતાઓ થાય છે. તેમની સાથે દંતકથા સંકળાયેલી છે.

પાલિતાણાના મોખડકાના પાદરે ઓટા ઉપર પાળિયાઓ આવેલા છે. રેતિયાળ પથ્થરના પાળિયામાં ઘોડેસવારનું શિલ્પ જોવા મળે છે. એકમાં કોઈ શિલ્પ નથી. ભાવનગરના વેળાવદર, અકવાડા, ભૂભલી, અઘેલાઈ વગેરે વિસ્તારોમાં પાળિયા જોવા મળે છે. બોટાદના રોહીશાળા, લાઠીદડ, તરઘરા, નાના મોટા છૈડા, સાંગાવદર, બાબરકોટ વગેરેમાં પાળિયાઓ જોવા મળે છે. ગઢડાના ટાટમ, નિંગાળા, ઉગામેડી, સમઢિયાળા, વનાળી, અણીઠા, ધ્રુફણિયામાં પાળિયાઓ આવેલા છે. ગારિયાધારના રતનવાવ, પચ્છેગામ, ચારોડિયા, ચોમલ, રૂપાવટી, સાતપડા વગેરેમાં પાળિયાઓ આવેલા છે. ઘોઘાના મોટાભાગના ગામડાઓમાં પાળિયાઓ જોવા મળે છે. મહુવાના કરમદિયા, બગદાણા, ભગુડા, ગુદરણા, જાગધાર, ખુંટવડા, જેસર, ખોડવદરી, ઓથા, દયાળ, લોંગડી, તરેડ, વડલીમાં પાળિયાઓ આવેલા છે. સિહોરના વળાવડ, ખાખરિયા, નવાગામ, આંબલા, રામધરી, સણોસરા, ઝરિયા, સાંઢીડા, સૂરકા, સોનગઢ વગેરેમાં પાળિયા જોવા મળે છે. તળાજાના પસવી, બોરડા, પાદરગઢ, બોરડી, દાઠા, વાટલિયા, મેથળા, ખારડી,

કોદિયા, ધાણા, કામરોળ, ટીમાણા, પીંગળી, ભદ્રાવળ, તરસરા, સથરા અને તાલુકાના મોટાભાગના ગામોમાં પાળિયાઓ આવેલા છે. ઉમરાળાના લીંબડા, વાંગધ્રા, ઈંગોરાળા અને અન્ય ગામોમાં પાળિયા આવેલા છે. વલભીપુરના લોલિયાણા, પચ્છેગામ, વીરડી, લાખણકા વગેરેમાં પાળિયા પ્રાપ્ત થાય છે. આ બધા ગામોમાં આવેલા પાળિયાઓમાં પ્રાચીન પાળિયાની ઓળખ થઈ શકતી નથી. લેખ અથવા નોંધ પ્રાપ્ત ન થવાથી તે એક અવશેષના રૂપમાં જ મહત્ત્વના છે. તેના શિલ્પ, પથ્થર, સ્થાન વગેરેની માહિતી આપી શકાય છે, પણ તેની સાથેની ઘટના અંગે સ્પષ્ટ કહી શકાતું નથી. આમ છતાં આ પાળિયાઓ ભૂતકાળની ઝાંખી કરાવે છે. આજે પણ લોકદેવના સ્વરૂપમાં તેનું સ્થાન જળવાઈ રહ્યું છે. તેની સાથે શ્રદ્ધા અંધશ્રદ્ધા, દંતકથા અને ઇતિહાસ સંકળાયેલો જોવા મળે છે. આમ પ્રદેશની પાળિયા સંસ્કૃતિ ઘણી વિશિષ્ટતાઓ ધરાવે છે.

૪.૪ પાળિયાની નોંધો :

ભાવનગર જિલ્લાના કેટલાંક પાળિયા અંગે સાહિત્ય પ્રાપ્ત થાય છે. આ સામગ્રીમાંથી તેના વિશેની માહિતી મેળવવામાં અનુકૂળતા રહે છે. આ માહિતી પ્રમાણમાં ઓછી પ્રાપ્ત થાય છે. વિવિધ સંદર્ભોમાંથી પાળિયા વિશેનું આલેખન, પાળિયા સાથેની ઘટના, પાળિયાનું સ્થાન તેની સ્થિતિ વિશે જાણકારી મળે છે.

૪.૪.૧ વાછરા સોલંકીનો પાળિયો :

મહુવાના ડુંડાસમાં વાછરાવીર તરીકે ઓળખાતા વાછરા સોલંકીનો પાળિયો આવેલો છે. આ પાળિયો તેના મસ્તકનો છે. ગોળશીશ આકારના પથ્થરના પાળિયામાં નકલી આંખો નાખી ચહેરાનો ઘાટ આપવામાં આવ્યો છે. તેના પર મુગટ પહેરાવવામાં આવ્યો છે. આ પાળિયાની બાજુમાં તેનાથી ઘણો નાનો શીશ આકારનો તેની પત્નીનો પાળિયો આવેલો છે. વાછરાના સ્થાનક પર મંદિર બાંધવામાં આવ્યું છે. આજે સમગ્ર પંથકમાં વાછરાવીર તરીકે તેની પૂજા થાય છે. આ વાછરાવીરના ધડનો પાળિયો મહુવામાં આવેલો છે. વાસીતળાવમાં વાછરાવીરના ધડમંદિર તરીકે ઓળખાતા મંદિરમાં આ પાળિયો આવેલો છે. સિંદૂર ચોપડેલ હોવાથી પાળિયાનો પથ્થર ઓળખાતો નથી. શિલ્પમાં કબંધની કોતરણી કરવામાં આવી છે. કબંધ ઉપર બે આંખો લગાવવામાં આવી છે. પગ પાસે કપાયેલ મસ્તકની કોતરણી કરવામાં આવી છે. કમર પર ભેટ બાંધેલ છે. અન્ય પ્રતીકો સ્પષ્ટ દેખાતા નથી. વાછરાના સ્થાનકે ખૂબ શ્રદ્ધાથી પૂજાવિધિ થાય છે. શ્રદ્ધાળુઓ દૂર દૂરથી આવે છે. ડુંડાસમાં વાછરા સોલંકીનું મસ્તક અને મહુવામાં એમનું ધડ પૂજાય છે. દાઠામાં જમણો હાથ ને પોરબંદરમાં તેમની આંગળી પૂજાય છે. આમ, સૌરાષ્ટ્રમાં તેના ચાર મૂળ સ્થાનકો આવેલા છે.[૮૮]

આ વાછરાની સાથે દંતકથા સંકળાયેલી છે. તેઓ કતપરથી પરણવા માટે ડુંડાસ આવ્યા હતા. એ માત્ર બે જ મંગળફેરા ફર્યા એટલામાં જ ગામમાં હુલ્લડ ઉપડ્યું કે ગામના ઢોર ચોર વાળી લઈ ગયા છે. વાછરો અને બીજા કેટલાંક રજપૂતો વારે ચડ્યા ને ઢોર પાછા લાવ્યા. પણ લડાઈમાં વાછરો મરાયો. વાછરાનું માથું ડુંડાસ આગળ પડ્યું પણ તેનું ધડ ચોરોની પાછળ છેક મહુવા સુધી ગયું હતું એમ કહેવાય છે. ડુંડાસમાં વાછરાના માથાની ને મહુવામાં ધડની મૂર્તિ છે. ડુંડાસ મહુવાથી આઠ માઈલ દૂર છે.[૮૮] માથું પડ્યા પછી ધડ લડતું એવી માન્યતા લોકોક્તિમાં પ્રચલિત છે. સામાન્ય રીતે પાળિયામાં મરનારની સંપૂર્ણ આકૃતિ કોતરવામાં આવે છે. પછી તે પગપાળા, ઘોડેસવાર, ઊંટસવાર કે રથસવાર હોય. પરંતુ લડાઈમાં મૃત્યુ પામ્યા છતાંય કેટલાંકના માત્ર ધડનું જ આલેખન જોવા મળે છે. આવા આલેખનમાં વાછડાદાદા કે વત્સરાજનું સ્થાન અગ્રણી છે.

આ વાછરાદાદાના સ્થાનકો સૌરાષ્ટ્ર, કચ્છ તેમજ ગુજરાતમાં જોવા મળે છે. ત્યાં વાછરાના ઘોડા પણ રાખવામાં આવે છે. આ વિસ્તારના વાઘેરો, રાજપૂતો, હાલારી, સથવારા વગેરે વારતહેવારે બાધા આખડી પ્રસંગે સિંદૂર ચોપડી માટીના ઘોડાને વાઘના રમકડાં ચડાવે છે. સોલંકી કુળના વરઘોડિયાની છેડાછેડી વાછરાદાદાના સ્થાનકે જ છૂટે છે. રાજસ્થાનમાં રામાપીર, ગુજરાતમાં ભાથીખત્રી અને ભાલ પ્રદેશમાં ઘોઘાદેવ શૂરાપૂરા ગણાય છે. તેમ સૌરાષ્ટ્રમાં વાછરાદાદાને શૂરાપૂરા ગણવામાં આવે છે. લોકજીવનમાં વાછરાદાદાનું મહાત્મ્ય ઘણું મોટું જોવા મળે છે. વાછરાવીર રાજપૂતોના કુળદેવ તરીકે પૂજાય છે.[૯૦] વાછરાદાદાના સ્થાનક સૌરાષ્ટ્રમાં ઘણે સ્થળે જોવા મળે છે. ઓખામંડળમાં વાછરાદાદાનું એક સ્થાનક આવેલું છે. આ સ્થાનકો સાથે આવા જ પ્રકારની કથા સંકળાયેલ જોવા મળે છે. (ફોટોગ્રાફ-૧૧)

આવી જ અન્ય એક કથા સુરેન્દ્રનગરમાં પણ નોંધાય છે. ચુંવાળ પ્રદેશના વત્સરાજ સોલંકીની જાન વઢિયારમાં પરણવા ગઈ હતી. મંગળફેરા વખતે જ ઝીંઝુવાડાની રાજલ અને વેજલ નામની બે ચારણ બાઈઓએ ધા નાખી કે સુમરાઓ અમારા ઢોર હાંકી જાય છે. વત્સરાજ માંડવેથી ઊઠી ગાયોની વહારે ગયા અને સુમરાઓ સામે કામ આવી ગયા. બંને ચારણ બાઈઓ આ પોતાના તારણહાર પાછળ સતી થઈ. તેના પાળિયા ઝીંઝુવાડામાં છે. વત્સરાજ વહારે ચડ્યા ત્યારે તેનો ઢોલી અને વફાદાર કૂતરો પણ સાથે હતા. તે પણ ધીંગાણામાં મરાયા. આ ત્રણેના ખાંભા ઝીંઝુવાડા પાસેના કોળધાના રણબેટમાં આવેલા છે. લોકો તેને વાછરાબેટ કહે છે.[૯૧] સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં ગામના પાદરમાં કે સીમમાં નાના ઓટા ઉપર ત્રણ બાજુ નાના ભીતડાં બાંધી ઉપરથી ખુલ્લું પૂર્વાભિમુખ વાછરાનું સ્થાનક હોય છે. મંદિર પણ જોવા મળે છે. તેમાં વાછરાના પ્રતીક તરીકે વીર વત્સરાજના અશ્વો મૂકાય છે અને પૂજાય છે. માનતા રાખનાર પણ કોઈ થાનકમાં ઘોડા મૂકી શકે છે. પથ્થર, ઠીકરા, લાકડાના અશ્વો મૂકાય છે. વાછરાના

નૈવેદ્ય લાપસીના હોય છે. પશુપૂજક પ્રજા ગાયોની વહારે ધાઈ ધારાતીર્થે કામ આવી ગયેલ વત્સરાજ સોલંકીની વીરતાને ગ્રામીણ પ્રજા પૂજે છે.[૯૨] ડુંડાસમાં આવેલા વાછરાનું સ્થાનક એક ધાર્મિક સ્થાન તરીકે મહત્ત્વનું બની ગયું છે. સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લોકો અહીં આવે છે. વાછરાની માનતાઓ રાખવામાં આવે છે. તેમની પાછળ ભક્તિથી કમળપૂજા કરેલ તેમનો પાળિયો તેમના મંદિરની બાજુમાં છે. આના પરથી તેનો સમાજ પર પ્રભાવ સમજી શકાય છે. વાછરાના સ્થાનકો અને મંદિરો પણ જોવા મળે છે. આમ, સમાજ પર અમુક ઘટના અને તેની સાથે સંકળાયેલ પાળિયાનું સ્થાન વિશિષ્ટ બની જતું હોય છે. સમય જતા તેને ચમત્કારિક અને દિવ્ય સ્વરૂપે જોવામાં આવે છે.

૪.૪.૨ જીવા ખાચરનો પાળિયો :

ગઢડા લાખણકાને પાદરે જીવા ખાચર અને મેમણ કામદાર સરૂડોહાની ખાંભીઓની નોંધ મળે છે. લાખાણકામાં કાઠીઓ સાથે લડતા દરબાર જીવા ખાચર અને કામદાર સરૂડોહાના મૃત્યુ થયા તેની કથા સંકળાયેલી છે. ત્યાં ગઢડા દરબારોની છેડાછેડી છૂટતી તેવી માહિતી મળે છે.[૯૩] જોકે હાલ આ ખાંભીઓની ઓળખ સ્પષ્ટ થઈ શકતી નથી.

ઉનડ ખાચરે ભડલીના રાકાન પાસેથી ગઢડા જીત્યું હતું. આ ઉનડ ખાચરના અવસાન પછી જીવા ખાચર ગઢડાના કાઠીઓના સરદાર હતા. એક વખત જ્યારે બધા કાઠીઓ શિકારે ગયા હતા અને જીવા ખાચર એકલા જ ગઢડા હતા. આ તકનો લાભ લઈને ભડલીના સરવૈયાઓ કેટલાંક માણસો સાથે લાખણકા પર ચડી આવ્યા. લાખો ગોવાળિયો ત્યાં હતો. તેણે વિરોધ કર્યો નહીં, પરંતુ જીવા ખાચરના આવવાની રાહ જોઈ. સમાચાર સાંભળીને જીવા ખાચર માણસો ન હોવા છતાં મિત્ર સંકર મેમણ અને તે દિવસે ભોળો ગોવાળિયો અને તેનો પુત્ર મહેમાન હતા તેને લઈ મદદ માટે લાખણકા ગયા. તે અચાનક જ શત્રુ વચ્ચે ઘુસી ગયા અને સરવૈયાના એક જમાદાર અને બીજા ઘણા સૈનિકોને માર્યા. જીવા ખાચર, સંકર મેમણ, મહેમાન ભોળો ગોવાળિયો અને તેનો પુત્ર આ લડાઈમાં મરાયા. જીવા ખાચર અને સંકર મેમણની ખાંભી લાખણકાને પાદર ઊભી છે. સરવૈયાઓ લાખણકા મેળવી શક્યા નહીં. ઈ.સ. ૧૭૩૯માં આ બનાવ બન્યો હતો.[૯૪] ગઢડા, લાખણકામાં ઘણા પાળિયાઓ આવેલા છે. પણ આ પાળિયાઓની વાંચના પ્રાપ્ત થતી નથી. પાળિયાઓ જીર્ણ થયેલા જણાય છે.

ભાવનગરના ભૂંભલીમાં એક વિશિષ્ટ પાળિયાની નોંધ મળે છે. જેમાં વિક્રમ સંવત ૧૬૪૪ (ઈ.સ. ૧૫૮૮)ની સાલનો લેખ છે.[૯૫] જોકે હાલના સમયે આ પાળિયાની માહિતી મળતી નથી. પાલિતાણાના વીરપુરમાં ગામના પાદરમાં બંડુમારાજનો પાળિયો સતીના પંજા ને કૂતરાની ખાંભી મોજુદ છે. બંડુમારાજના વંશજો શ્રીમળિયા બ્રાહ્મણો બડુંગોરને ચોખા, સતીને લાપસી, કૂતરાને રોટલો ને ઘોડાને પાવટો એવા નૈવેદ્ય જુવારે છે.[૯૬] આ બડુંગોર પાછળ ગાયો

વાળે તે અરજણ નામે દંતકથા સંકળાયેલી છે. તેની વીરતાને લીધે વીરપુર નામ પડ્યું તેમ માનવામાં આવે છે. ઈંગોળામાં કુંવારા સતીના પાળિયાની નોંધ મળે છે. આ પાળિયામાં રથસવાર સતીનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. ધાનાણી ગરાસિયા મુંગલ વાળાના પુત્ર લાખા વાળાની પાછળ તેની આ વાગ્દાન સતી થયાની કથા આ પાળિયા પાછળ સંકળાયેલી જોવા મળે છે.[૯૭] પોતાના ભાવિ પતિને પોતાની સામે મરતા જોઈ તેની પાછળ સતી થઈ હતી તેવું જાણવા મળે છે. આવા કુંવારા સતીની કથાઓ ગુજરાતમાં કોઈ કોઈ જગ્યાએ જોવા મળે છે. તેના પાળિયાઓ પણ દર્શાવવામાં આવે છે.

સુદામડાથી પાળિયાદ થઈ સરવા ગામે જતા આઈ નાગબાઈના પૌત્ર પ્રસિદ્ધ ચારણ નાગાજણની ખાંભી અને દેરી આવેલા છે. પાળિયાદથી સરવા જતા ધોરી માર્ગના જમણા હાથ ઉપર ઊભી છે. નાગજણને કોઈ કહે છે કે સર્પદંશ અને કોઈ કહે છે કે પેટમાં દુઃખાવો ઉપડેલ તે પીડામાં નાગજણ નેચડાનું અહીં મૃત્યુ થયું છે. તેની ખાંભીની કોઈ વાંચના મળી નથી. વાળુકડની એક વીર કણબણે છાશ વલોવતા છ લૂંટારાને માર્યા હતા તેથી તેના પાળિયામાં તેને છાશ વલોવતી કંડારેલ છે તેવી માહિતી પ્રાપ્ત થાય છે. ગારિયાધાર તાલુકાના ચારોડિયા ગામમાં આવેલી વાવ પાસે કોઈ બ્રાહ્મણ કન્યાનો પાળિયો હોવાની નોંધ પ્રાપ્ત થાય છે તેના વિશે દંતકથા છે. અન્ય કોઈ માહિતી મળતી નથી. આંબલા અને રામધરી વચ્ચેના એક સ્થળે આજે પણ જટાનો પાળિયો ને સતીનો પાળિયો આવેલા છે. આ જટાની કથાની નોંધ મેઘાણીએ કરી છે. આજે પણ તેનું સ્થાનક અહીં જોવા મળે છે. તેની પાછળ સ્ત્રી રક્ષણની કથા સંકળાયેલી છે.[૯૮] રાજકોટના ચરેલિયાના રણમલજી સંગ્રામજીનો પાળિયો પાલિતાણામાં હતો તેવી નોંધ પ્રાપ્ત થાય છે. નિંગાળાના દરબારગઢની બાજુમાં કેટલાંક પાળિયાઓ આવેલા છે. આ પાળિયા વાળા રાજપૂતોના માનવામાં આવે છે. નિંગાળાના વાળા રાજપૂતો આ પાળિયાની પૂજા-વિધિ કરે છે.

મહુવાના ભાદ્રોડમાં પણ પાળિયાઓ છે. આ ઘણું પ્રાચીન ગામ છે. અહીં એક જૂના વખતનો વાળા રાજપૂતનો પાળિયો નોંધાયો છે. તેના ઉપર તે વખતના રાજવી અખેરાજે ૧૧૦૦ કોરી ખર્ચી દહેરી બંધાવી હતી અને તે કામમાં અન્ય ભાયાતોએ પણ યોગ્ય દાન આપ્યા હતા તેવી જાણકારી મળે છે. મહુવાના દાતરડી નજીકના ભેરાઈમાં સામંત લાખણોતરિયાની અને અન્ય ખાંભીઓ હોવાની માહિતી પ્રાપ્ત થાય છે. તળાજાના દેવલી અને ઈસોરાની વચ્ચે લાખા ખુમાણનો પાળિયો દર્શાવવામાં આવે છે. ખડકાળા અને ચાંદગઢના ખુમાણો ચોખા જુવારવા અહીં આવે છે. લાપાળિયાને પાદર રામ તમગડિયા અને રૂડા પટેલના પાળિયાઓ દર્શાવવામાં આવે છે.[૯૯] જિલ્લામાં આવેલા પાળિયાઓની સાહિત્યક સામગ્રી ઓછા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. પાળિયાઓને લગતી કેટલીક દંતકથાઓ અને તેનું આલેખન થયેલું જોવા મળે છે. આ આલેખનમાંથી કંઈક માહિતી મળી રહે છે. જિલ્લામાં પાળિયાઓ અનેક આવેલા છે પણ આ

બધામાં મોટાભાગે સમાનતા જોવા મળે છે. તેના પરના લેખ, તેનું શિલ્પ જેનું કોઈ આધારભૂત આલેખન પ્રાપ્ત થાય તેવા પાળિયાની માહિતી ઓછી મળે છે.

કેટલીક વિશિષ્ટ ખાંભીઓની નોંધો પ્રાપ્ત થાય છે. જેમાં પશુની ખાંભીઓ પણ છે. આ ખાંભીઓને પાળિયામાં ન ગણી શકાય. છતાં તેનો ટૂંકો ઉલ્લેખ અહીં કરવો ઘટે છે.

૪.૪.૩ ગાયની ખાંભી :

પશુ, પ્રાણી પ્રત્યેની ભાવના દર્શાવવા ઘણીવાર તેની ખાંભીઓ માંડવામાં આવતી. તેવી જ રીતે પહેલાના વખતમાં કોઈએ ગૌહત્યા કરી હોય તો તેના પ્રાયશ્ચિતના પ્રતીક રૂપે ગાયની ખાંભી કરાવીને કોઈ દેવસ્થાને તેને ખોડવામાં આવે છે. આવી સવચ્છી ગાયની ખાંભી સિહોર પાસેના વળાવડમાં આવેલી છે. તેમાં ગાયનું શિલ્પ કોતરવામાં આવ્યું છે. એવી જ રીતે ગૌચર માટેની જમીન અપાઈ હોય તો ત્યાં પણ તેની નિશાની રૂપ ખાંભી ખોડવામાં આવે છે. સેંદરડામાં ગાયની ખાંભીની નોંધ મળે છે. જૂના સમયમાં ગૌચરો દાનમાં અપાતા અને લોકોને તેની જાણ થાય, તેના પર કોઈ કબજો ના જમાવે, તેની જાણ કરવા અને ભાવના રૂપી આણ માટે આવી ખાંભીઓ ગૌચરની જગ્યામાં ખોડવામાં આવતી હતી. જેના પરથી સમજી શકાતું કે આ ગાયોના ચરાણાની જગ્યા છે કે તેના માટે દાનમાં આપેલી જગ્યા છે.

૪.૪.૪ કૂતરાની ખાંભી :

સમાજ હંમેશા માનવતાપૂર્ણ કામોને યાદ કરતો રહ્યો છે. તેમાંથી કૂતરાની વફાદારી પણ બાકાત નથી. આવા પશુઓએ માનવતાભર્યા તેમજ બહાદુરીના કામો કર્યા હોય તેની યાદમાં આવા પશુઓની પાછળ તેની ખાંભી ઊભી કરવામાં આવે છે. તળાજાથી મહુવા તરફ જતા નવાશોભાવડ નજીક નિલકંઠ સ્કૂલના મેદાનમાં આવા વફાદાર કૂતરાની ખાંભી આવેલી છે. કાળા પથ્થરની અણઘડ આ ખાંભી પર બે પથ્થરની આંખો કોઈ દ્વારા લગાડવામાં આવી છે. ખાંભીને સિંદૂર ચોપડવામાં આવેલો છે. તેના ઉપર પગનું પ્રતીક કોતરવામાં આવ્યું હતું તેવી માહિતી મળે છે. હાલ તો તે શિલ્પ સ્પષ્ટ જણાતું નથી. કૂતરાને રોટલો ધરવામાં આવે છે. ઘીનો દીવો કરવામાં આવે છે. નાના ઓટલા પર ખાંભી માંડવામાં આવી છે. તેના પર પાકું છાપરું બનાવવામાં આવ્યું છે. આ કૂતરાની ખાંભી પાછળ એક દંતકથા રહેલી છે. લાખા વણઝારાએ વાણિયાને ત્યાં પોતાના કૂતરાને ગીરવે મૂક્યો હતો. કૂતરાએ વાણિયાને ધન બચાવવામાં મદદ કરી, આથી વાણિયાએ કૂતરાને તેના માલિક પાસે જવા માટે છોડી મૂક્યો. તેની સામે લાખો વણઝારો મળ્યો. કૂતરાને જોઈને લાખાના મનમાં થયું કે તેણે નમકહરામી કરી છે. આથી તેણે પોતાના આ કૂતરાને મારી નાંખ્યો. પછી તેના ગળામાં રહેલ ચિઠ્ઠી જોતા ખ્યાલ આવ્યો કે વાણિયાએ તેને છોડી મૂક્યો છે. પછી લાખાએ પોતાના આ વફાદાર કૂતરા પાછળ ખાંભી માંડી.

આવી દંતકથા સંકળાયેલ અન્ય એક ખાંભી પાલિતાણાથી ભાવનગર જતા રસ્તામાં જસપરા પાસે આવેલી છે. અહીં કૂતરાની ખાંભી અને દેરી છે. તેને કૂતરાદાદાની દેરી તરીકે ઓળખવામાં આવે છે. આ દેરીની બાજુમાં કૂતરાની પ્રતિમા મૂકવામાં આવી છે. આ કૂતરાદાદાની બાધાઓ રાખવામાં આવે છે. લોકો દ્વારા કૂતરાદાદાને ગાંઠિયા ધરાવવામાં આવે છે. ઉધરસમાં ગાંઠિયા ધરવાની બાધા રાખવામાં આવે છે. તેમના નામે મોટી જગ્યા ઊભી કરવામાં આવી છે. જય કૂતરાદાદા સમાજ કમિટિ નામે તેની એક વ્યવસ્થા કમિટિ બનાવવામાં આવી છે. આ ખાંભીની સાથે પણ લાખા વણઝારાની કથા સંકળાયેલી છે. આ જગ્યાએ અન્ય પાળિયાઓ આવેલા છે. ગુજરાતમાં આવી કૂતરાની ખાંભીઓ સાથે મોટાભાગે આજ પ્રકારની લાખા વણઝારાની કથા જ જોવા મળે છે. વીરપુરમાં કૂતરા અને ઘોડાની ખાંભીઓ આવેલી છે તેવી માહિતી પ્રાપ્ત થાય છે.

૪.૪.૫ અન્ય ખાંભીઓ :

પહેલાના સમયમાં લોકો તેમજ રાજવીઓ વાવ, મંદિર વગેરે બંધાવતા. તે માટે બહારથી સલાટોને લાવવામાં આવતા. આ સલાટો જે તે સ્થળનું બાંધકામ અને શિલ્પકામ કરતા. આમાં બંધાવનાર માલિક તે સલાટોને પૂરા પૈસા કે સારી વ્યવસ્થા ન આપે અને બીજી રીતે કનડગત કરે તો આ સલાટો અધૂરા કામે કે કામ પૂરું થયે ઘણીવાર શિલાઓમાં ગંદીગાળો કંડારીને રાતોરાત જે તે સ્થળે તેને ખોડી ભાગી જતા. આ ગાળ તે બંધાવનાર માલિકને દેતા, જે શાશ્વત ટકી રહેતી. આવી ગાળોની ખાંભીમાં ઘણીવાર લખાણો પણ લખતા. તેમાં મૈથુન વગેરેના શિલ્પો કોતરવામાં આવતા. તેમાં ગધેડા, કૂતરા જેવા પ્રાણીઓ અને માનવ સ્ત્રી અને પશુના શિલ્પો કોતરાતા. આવી ખાંભીને ગદ્ધેગાળની ખાંભી કહેવામાં આવે છે. આવી ગદ્ધેગાળ ખાંભીઓ ઘોઘા, બોખલીવાવ જેવા સ્થળે નોંધાય છે. ગૌચરની જગ્યા દર્શાવવા અને તેને બચાવવા લાંછનરૂપ આવી ખાંભીઓ માંડવામાં આવતી. ધાર્મિક જગ્યામાં પણ ઘણીવાર આવી ખાંભીઓ તેના રક્ષણ માટે ખોડવામાં આવતી. આ દ્વારા તેને નુકશાનીથી બચાવવામાં આવતું. આવી લાંછનરૂપ કૂતરાની જોડીની ખાંભી ભાવનગરમાં નોંધાય છે. ગુજરાતના અન્ય પ્રદેશોમાં આવી ગદ્ધેખાંભી હોવાની માહિતી પ્રાપ્ત થાય છે.

આ પાળિયાઓ સામાન્યપણે પરંપરાગત સ્વરૂપના જોવા મળે છે. અમુક પાળિયાઓને બાદ કરતાં બાકીના પાળિયાઓ પારંપરિક રીતે માંડવામાં આવેલા જણાય છે. વીર, સતી, સૂરધન અને વિવિધ ખાંભીઓ અહીં જોવા મળે છે. કોઈ કોઈ ગામના પાદરે આવા સો-બસોની સંખ્યામાં પાળિયાઓ આવેલા છે. આની સાથે દંતકથા ઘટના અને ઇતિહાસ સંકળાયેલ જોવા મળે છે. અહીંથી પ્રાપ્ત પાળિયાઓમાં અભિલેખોનું પ્રમાણ નહીંવત છે. એમાં પણ કોઈ પ્રાચીન લેખ પ્રાપ્ત નથી. આ પાળિયાલેખોની નોંધ થયેલી તે સામગ્રી પ્રાપ્ત થાય છે. હાલ મૂળ

પાળિયા અને તેના પરના અભિલેખો પ્રાપ્ત બન્યા નથી. આ નોંધાયેલ સામગ્રી પરથી જ તેની માહિતી આપી શકાય તેમ છે. અત્યારના જે પાળિયાઓ છે કે જેમાં લેખો જોઈ શકાય છે. તે સૂરધનો તરીકે મંડાયેલા છે તેના જ છે. પાળમાં કે ધીંગાણામાં મરાયેલાના ઉલ્લેખો ઓછા પ્રાપ્ત થાય છે. આ બધા પાળિયાઓ સાથે કોઈને કોઈ ઘટનાઓ સંકળાયેલી જોવા મળે છે. તેમાં ધીંગાણાની ઘટનાઓ વધારે છે. પાળમાં કામ આવ્યા, ગાયોને બચાવતા મરાયા અને કેટલાંક લોકહિત માટે મરાયાની માહિતી મળે છે. સતીના પાળિયાઓ આ બધા મરાયેલા પુરુષો પાછળ તેની પત્ની સતી થયાની નોંધ આપે છે. શિકોતરના પાળિયા મોટી સંખ્યામાં જોવા મળે છે.

પદાતિ, ઘોડેસવાર, રથસવાર, ઊંટસવારના પાળિયાઓ જોવા મળે છે. કમળપૂજા, સમાધિ, સતીની વેલના પાળિયાઓ પણ આવેલા છે. કેટલાંક વિશિષ્ટ શિલ્પના પાળિયા જોઈ શકાય છે. કેટલાંક પાળિયા સ્થાનકોએ હાલ ચમત્કારિક અને ધાર્મિક માન્યતાઓની રીતે મહત્ત્વનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. તો ઘણા પાળિયા ભગ્ન અને નિર્જન સ્થળે પડેલા જોવા મળે છે. અનેક પાળિયાઓ નામશેષ થયા છે. કેટલાંકને નષ્ટ કરવામાં આવ્યા છે. આ બધા પાળિયા લોકસ્થાપત્ય સમાન છે. તેનું હાલનું સ્વરૂપ લોકદેવતા તરીકેનું જોવા મળે છે. સમગ્ર જિલ્લાના પાળિયાના શિલ્પ, સ્થાપત્ય, પથ્થર વગેરેની રીતે સમાનતા જોવા મળે છે. કોઈ જગ્યાએ ઘટનાઓની સમાનતા પણ જોવા મળે છે. પાળિયાનું સ્થાન ગામના પાદરે કે સીમાડે છે. દિશાભૂલ સિવાય પાળિયાઓ પૂર્વાભિમુખ માંડવામાં આવેલા છે. કોઈ કોઈ ગામોમાં પાળિયા સારી રીતે જાળવવાના પ્રયત્નો થયા છે, તો અનેક ગામોમાં નષ્ટ થયા છે. આમ આ વિસ્તારના પાળિયાઓનું સ્વરૂપ ગુજરાતના અન્ય વિસ્તારના પાળિયાની સમાન જ છે. છતાં પાળિયાનું સ્થાપત્ય મોટી સંખ્યામાં જોવા મળે છે. જે ઉપરોક્ત આલેખન પરથી સમજી શકાય છે.

પાદનોંધ

૧. શાસ્ત્રી, દુર્ગાશંકર (૧૯૭૭). ઐતિહાસિક સંશોધન, પૃ. ૨૮૪.

૨. ભગવાનલાલ, સંપતરામ (૧૮૬૮). સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ, ભાગ-૧, પૃ. ૧.

૩. દવે, રાજેન્દ્ર (૨૦૦૩). ભાતીગળ સૌરાષ્ટ્ર, પૃ. ૮૪.

૪. સાંકળિયા, હસમુખ (૧૯૮૩). પુરાતત્ત્વમાં ગુજરાત, પૃ. ૭૯.

૫. પરમાર, ખોડીદાસ, મહેતા, દિપક (૧૯૮૮), ભાવનગર ક્ષેત્રની અસ્મિતા કલા અને સંસ્કૃતિ, પૃ. ૯.

૬. દેવલુક, નંદલાલ (સંપા.) (૧૯૬૮). સૌરાષ્ટ્રની અસ્મિતા, પૃ. ૫૫૮.

૭. પલાણ, નરોત્તમ, રૈયારેલા, નાથાલાલ (સંપા.) (૧૯૮૧). શ્રી કે. કા. શાસ્ત્રી ગ્વાલગ્રંથ, પૃ. ૨૩૦.

૮. વાળા, સહ્દેવસિંહ્જી (૧૯૯૮). સૂર્યવંશ અને વાળા રાજપૂત રાજવંશ, પૃ. ૩૧૦.

૯. શાસ્ત્રી, કેશવરામ (૧૯૯૯). ઇતહ્રાસ સંસ્કૃતિ દર્શન, પૃ. ૧૨૫.

૧૦. Watson, J. W. (1884). Statistical Account of Bhavnagar, p. 21.

૧૧. વાળા, સહ્દેવસિંહ્જી, ઉપરોક્ત, પૃ. ૩૧૦.

૧૨. જાની, વર્ષા (૧૯૯૨). સૌરાષ્ટ્રના પાળિયા (ઈ.સ. ૧૫૦૦ સુધી), પૃ. ૧૦૧.

૧૩. ઓઝા, વિજયશંકર (૧૮૮૯). ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ, પૃ. ૧૯.

૧૪. એજન, પૃ. ૨૦.

૧૫. એજન, પૃ. ૧૯.

૧૬. ખાચર, પ્રદ્યુમ્ન (સંપા.) (૨૦૦૫). કાઠિયાવાડ સર્વસંગ્રહ, પૃ. ૩૧૭.

૧૭. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૧૬.

૧૮. ખાચર, પદ્યુમ્ન, ઉપરોક્ત, પૃ. ૪૦૦.

૧૯. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૧૯.

૨૦. કોરાટ, પી. જી., જાની, એસ. વી., ભાલ, જે. ડી. (સંપા.)(૧૯૯૫). ભાવનગર રાજ્યનો ઇતિહ્રાસ, પૃ. ૨૫.

૨૧. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૨૨.

૨૨. શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૭૩). ભારતીય અભિલેખવિદ્યા, પૃ. ૩૬૦.

૨૩. ખાચર, પ્રદ્યુમ્ન (૨૦૦૧). કાઠી ઇતિહાસ અને સંસ્કૃતિ, પૃ. ૪૯.

૨૪. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૧૭.

૨૫. વાળા, સહદેવસિંહજી, ઉપરોક્ત, પૃ. ૩૧૭.

૨૬. એજન, પૃ. ૩૨૦.

૨૭. ખાચર, પદ્યુમ્ન (૨૦૦૫). ઉપરોક્ત, પૃ. ૧૮૫

૨૮. શેલત, ભારતી (જુલાઈ-ડિસે. ૨૦૧૩). પુરાતત્ત્વ સંશોધનક્ષેત્રે અર્ધી સદીનું અવગાહન, ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, પૃ. ૮૮.

૨૯. પલાણ, નરોત્તમ, ઉપરોક્ત, પૃ. ૨૩૦.

૩૦. પરીખ, રસિકલાલ, શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૭૬). ગુ.રા.સાં.ઇ. સોલંકી કાલ, ગ્રંથ-૪, પૃ. ૧૫૫.

૩૧. વાળા, સહદેવસિંહજી, ઉપરોક્ત, પૃ. ૨૫૨.

૩૨. ખાચર, પ્રદ્યુમ્ન (૨૦૦૨). સૌરાષ્ટ્ર ગુજરાતના શાસકોની વંશાવળીઓ, પૃ. ૬૪.

૩૩. પરીખ, રસિકલાલ, ઉપરોક્ત, પૃ. ૧૫૫.

૩૪. વાળા, સહદેવસિંહજી, ઉપરોક્ત, પૃ. ૨૫૫.

૩૫. મહેતા, ગોરધનદાસ (૧૯૩૭). સૌરાષ્ટ્ર ઇતિહાસ દર્શન, પૃ. ૧૫.

૩૬. એજન, પૃ. ૧૬.

૩૭. વાળા, સહદેવસિંહજી, ઉપરોક્ત, પૃ. ૨૫૪.

૩૮. પરીખ, રસિકલાલ, ઉપરોક્ત, પૃ. ૪૭૧.

૩૯. પરીખ, રસિકલાલ (૧૯૭૭). ગુ.રા.સાં.ઇ. સલ્તનત કાલ, ગ્રંથ-૫, પૃ. ૩૬.

૪૦. ચોકસી, યુ. એમ. (સંપા.)(૧૯૮૯). ગુજરાત રાજ્ય જિલ્લા સર્વસંગ્રહ ભાવનગર જિલ્લો, પૃ. ૬૩૦.

૪૧. વ્યાસ, હસમુખ (૨૦૧૦). સૌરાષ્ટ્ર સંસ્કૃતિ કોશ, પૃ. ૭૧.

૪૨. પરીખ, રસિકલાલ (૧૯૭૭). ઉપરોક્ત, પૃ. ૩૬.

૪૩. વ્યાસ, હસમુખ, ઉપરોક્ત, પૃ. ૭૧.

૪૪. Watson, J. W., Opcit, p. 21.

૪૫. વાળા, સહદેવસિંહજી, ઉપરોક્ત, પૃ. ૩૧૨.

૪૬. ચોકસી, યુ. એમ., ઉપરોક્ત, પૃ. ૬૩૭.

૪૭. વાળા, સહદેવસિંહજી, ઉપરોક્ત, પૃ. ૩૧૧.

૪૮. ખાચર, પ્રદ્યુમ્ન (૨૦૦૫). ઉપરોક્ત, પૃ. ૨૧૦.

૪૯. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૧૯.

૫૦. એજન, પૃ. ૧૯.

૫૧. ખાચર, પ્રદ્યુમ્ન (૨૦૦૫), ઉપરોક્ત, પૃ. ૨૭૧.

૫૨. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૨૦.

૫૩. ખાચર, પ્રદ્યુમ્ન (૨૦૦૫), ઉપરોક્ત, પૃ. ૨૩૫.

૫૪. એજન, પૃ. ૩૧૭.

૫૫. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૫૩.

૫૬. એજન, પૃ. ૧૯.

૫૭. એજન, પૃ. ૧૯.

૫૮. એજન, પૃ. ૨૨.

૫૯. એજન, પૃ. ૨૨

૬૦. એજન, પૃ. ૨૨.

૬૧. એજન, પૃ. ૧૮.

૬૨. એજન, પૃ. ૧૯.

૬૩. મહેતા, ગોરધનદાસ, ઉપરોક્ત, પૃ. ૫૧.

૬૪. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૨૦.

૬૫. મહેતા, ગોરધનદાસ, ઉપરોક્ત, પૃ. ૫૧.

૬૬. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૨૨.

૬૭. શાસ્ત્રી, હરિપ્રસાદ, ઉપરોક્ત, પૃ. ૩૬૦.

૬૮. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૧૯.

૬૯. એજન, પૃ. ૧૭.

૭૦. ખાચર, પ્રદ્યુમ્ન (૨૦૦૧). ઉપરોક્ત, પૃ. ૪૯.

૭૧. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૧૭.

૭૨. વાળા, સહદેવસિંહજી, ઉપરોક્ત, પૃ. ૩૧૭.

૭૩. એજન, પૃ. ૩૨૦.

૭૪. ગનિયાણી, એ. એચ. (ઓક્ટો.-નવે. ૧૯૭૫). પ્રાણને છોડી માતા તરીકે પૂજાતી વાદણ અમુલા, ઊર્મિનવરચના, પૃ. ૪૭૮.

૭૫. એજન, પૃ. ૪૮૦.

૭૬. ખારોડ, આશિષ (સંપા.). ભાવસભર ભાવનગર, પૃ. ૧૦.

૭૭. ગનિયાણી, એ. એચ., ઉપરોક્ત, પૃ. ૪૭૮.

૭૮. વાળા, સહદેવસિંહજી, ઉપરોક્ત, પૃ. ૩૩૪.

૭૯. મહેતા, રાજેન્દ્ર (જાન્યુ.-ફેબ્રુ. ૧૯૭૪). બોટાદના ઐતિહાસિક પગથારેથી, પથિક, પૃ. ૪૮.

૮૦. વાળા, શિવસિંહ (૩૧ મે, ૧૯૪૧). ચાડીકાની ધારનો એક પ્રસંગ, ભાવનગર સમાચાર, પૃ. ૧૧.

૮૧. એજન, પૃ. ૧૧.

૮૨. એજન, પૃ. ૧૧.

૮૩. શાહ, પન્નાલાલ (૧૯૭૯). મહુવાની અસ્મિતા, પૃ. ૧૦.

૮૪. ચોકસી, યુ. એમ., ઉપરોક્ત, પૃ. ૬૪૭.

૮૫. ચૌધરી, નયનિત (૨૦૦૨-૦૩). સિહોરનગર એક ઐતિહાસિક અધ્યયન, પૃ. ૬૧.

૮૬. ભટ્ટ, દેવશંકર (૧૯૧૯). સિહોરની હકીકત, પૃ. ૪૬.

૮૭. ત્રિવેદી, વિષ્ણુ (જુલાઈ, ૧૯૮૮). પાળિયો ખાંભી, પથિક, પૃ. ૨૪.

૮૮. જાદવ, જોરાવરસિંહ (૧૯૭૬). ગુજરાતની લોક સંસ્કૃતિ, પૃ. ૬૧.

૮૯. ખાચર, પ્રદ્યુમ્ન (૨૦૦૫). ઉપરોક્ત, પૃ. ૨૮૨.

૯૦. જાવદ, જોરાવરસિંહ (૨૦૧૦). ગુજરાતની લોકસાંસ્કૃતિક વિરાસત, પૃ. ૧૭૪.

૯૧. વોરા, મણિભાઈ (૧૯૭૯). સંસ્કૃતિ પૂજા, પૃ. ૬૫.

૯૨. વોરા, મણિભાઈ (જુલાઈ-ડિસે. ૨૦૧૨). સૌરાષ્ટ્રના ખુલ્લા થાનકો, સંશોધન, પૃ. ૨૨.

૯૩. ગનિયાણી, એ. એસ. (ઓક્ટો.-નવે. ૧૯૭૫). મેમણની મર્દાનગી, ઊર્મિનવરચના, પૃ. ૪૬૩.

૯૪. ખાચર, પ્રદ્યુમ્ન (૨૦૦૧). ઉપરોક્ત, પૃ. ૪૯.

૯૫. પલાણ, નરોત્તમ, ઉપરોક્ત, પૃ. ૧૭૯.

૯૬. ગઢવી, બાપલભાઈ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). બંડુમારાજ ને એના બડકમદાર, ઊર્મિનવરચના, પૃ. ૪૦૪.

૯૭. બારોટ, નાનાભાઈ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). કુંવારા સતીમાતા, ઊર્મિનવરચના, પૃ. ૪૬૨.

૯૮. મેઘાણી, મહેન્દ્ર (સંપા.)(૨૦૦૮). અરધી સદીની વાચનયાત્રા-૪, પૃ. ૨૫૦.

૯૯. પરમાર, જયમલ્લ (સંપા)(૧૯૯૪). ભાગું તો ભોમકા લાજે, પૃ. ૧૮૪.